દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 73 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 March 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૨૭ માર્ચ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# ગુજરાતમાં ભાજપને કૉંગ્રેસનો ચેપઃ ત્રણથી વધુ ઉમેદવાર સામે ભડકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૫૬ બેઠક પર વિજયપતાકા લહેરાવીને સૌથી વધુ બેઠકો પર જીત મેળવવાનો વિક્રમ નોંધાવ્યો હતો, પરંતુ લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીમાં ઉમેદવારો બદલવા પડે તેવો આંતરિક કલહનો પહેલીવાર ભાજપને સામનો કરવા પડયો છે. આયાતી કૉંગ્રેસીઓની પક્ષમાં વધી રહેલી સંખ્યાને લીધે મૂળ કૉંગ્રેસની આંતરિક કલહનો ચેપ પણ ધીમે ધીમે ભાજપમાં પ્રસરી રહ્યો છે. વડોદરા અને સાબરકાંઠામાં ઉમેદવારો બદલ્યા પછી પણ હજુ બનાસકાંઠા અને વલસાડમાં બધુ સમૂસૂતરું દેખાતું નથી. સોમવારની રાતથી આંતરિક કલહની ચિનગારી કેન્દ્રીય પ્રધાન અને પોરબંદર બેઠકના ઉમેદવાર મનસુખ માંડવિયાના મતવિસ્તાર ધોરાજી અસંતોષના પોસ્ટર રૂપે સળગી ઊઠી છે.

ભાજપ રાજ્યની તમામ ૨૬માંથી ૨૬ બેઠકો પાંચ લાખની લીડથી જીતવા માટેના દાવા કરી રહ્યું હોય, પણ આંતરિક કકળાટ હવે દિવસને દિવસે વધી રહ્યો છે. દર ચૂંટણીમાં કૉંગ્રેસમાં થતો કકળાટ હાલમાં ભાજપમાં જોવા મળી રહ્યો છે. હજુ પણ મોદી સરકારના બે પ્રધાન અને સાબરકાંઠાના ઉમેદવાર સામે વિરોધનો વંટોળ ઓછો થયો નથી. ગુજરાતમાં ભાજપે ૨૬ ઉમેદવાર જાહેર તો કરી દીધા છે, હવે આ લોકો ચૂંટણી પ્રચારમાં પણ લાગી ગયા છે. ગુજરાતમાં બનાસકાંઠામાં રેખાબેન ચૌધરી, વલસાડમાં ધવલ પટેલ, આણંદમાં મિતેશ પટેલ, વડોદરામાં રંજનબેન ભટ્ટ અને સાબરકાંઠામાં ભીખાજી ઠાકોરના નામનો કકળાટ શરૂ થયો હતો. આ ઉમેદવારોએ ચૂંટણીપ્રચાર પણ શરૂ કરી દીધો હતો, પણ ભાજપે ગુજરાતમાં નવા પ્રયોગના ભાગરૂપે સાબરકાંઠા અને વડોદરામાં તો ઉમેદવાર બદલી દીધા છે.

વડોદરામાં વિવાદ અટક્યો છે પણ સાબરકાંઠામાં નવા ઉમેદવાર સામે પણ વિરોધ શરૂ થઈ ગયો છે. આ ઉપરાંત રાજકોટ બેઠક પરથી કેન્દ્રીય પ્રધાન પુરુષોત્તમ રૂપાલાનું નામ જાહેર થયા બાદ રાજકોટમાં સી. આર. પાટીલ અને વિજય રૂપાણી જૂથ વચ્ચે, વાંકાનેરમાં ધારાસભ્ય જીતુ સોમાણી અને સાંસદ મોહન કુંડારીયા જૂથ વચ્ચે તો જસદણમાં ભરત બોઘરા અને કુંવરજી બાવળિયા વચ્ચેનો જૂથવાદ પૂરો થઈ ગયો હોય તેવા દૃશ્યો સામે આવી રહ્યા છે, પરંતુ રૂપાલાએ એક સભામાં બફાટ કરી દીધા બાદ તેમને ભાન થયું કે આ ભૂલ થઈ છે. ક્ષત્રિય સમાજ સામે રૂપાલાએ માફી માગી હતી.

રાજકોટ જિલ્લાના ઉપલેટામાં પોરબંદર બેઠકના ઉમેદવાર મનસુખ માંડવિયા વિરુદ્ધ પોસ્ટરો લાગ્યા છે. પોસ્ટરોના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ઉપલેટા તાલુકાના નવાપરા ગામમાં મનસુખ માંડવિયા વિરુદ્ધ બેનરો લાગ્યા છે. આ બેનરોમાં માંડવિયા સાથે લલિત વસોયા પણ છે. આ પોસ્ટર વોરમાં લોકલ ઉમેદવારની માગ કરાઈ છે. મનસુખ માંડવિયા મૂળ ભાવનગરના છે. જેઓને ભાજપે પોરબંદરથી ટિકિટ આપી છે. સોમવારે મોડી રાત્રે ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં પણ માંડવિયા સામે આયાતી ઉમેદવારના મુદ્દે પોસ્ટર વોર શરૂ થયું છે.

પોરબંદર જેવી સ્થિતિ વલસાડમાં ધવલ પટેલ સામે છે. જેઓ મૂળ સુરતી છે પણ ભાજપે વલસાડથી ટિકિટ આપતાં આયાતી ઉમેદવારનો થપ્પો લાગ્યો છે. ઉત્તર ગુજરાતની સાબરકાંઠા બેઠક પરથી ભીખાજી ઠાકોરે ઉમેદવારી પરત ખેંચ્યા બાદ ભાજપે શોભનાબેન બારૈયાને ટિકિટ આપી છે, જેને પગલે ભીખાજીના સમર્થકોમાં રોષ ફેલાયો છે. નવા ઉમેદવારની જાહેરાત પછી જ સોશિયલ મીડિયામાં વોર શરૂ થઈ છે. કૉંગ્રેસમાંથી આવેલા મહેન્દ્રસિંહના પત્નીને ટિકિટ આપી દેતા હવે વિવાદ સપાટી પર આવ્યો છે. ■

# ભાજપના ૨૬ સાંસદે પાંચ વર્ષમાં ₹ ૪૪૨ કરોડની ગ્રાન્ટમાંથી ૨૩૦ કરોડ વાપર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગત પાંચ વર્ષમાં ગુજરાતના ૨૬ સાંસદે પોતાના વિસ્તારના લોકો માટે કેટલા ફંડનો ઉપયોગ કર્યો તેનો રિપોર્ટ આવ્યો છે. ભાજપના ૨૬ સાંસદે પાંચ વર્ષમાં ૨૩૦ કરોડનો ખર્ચ કર્યો છે, જે તેમના આપવામાં આવેલી ૪૪૨ કરોડની હકદાર રકમના લગભગ બાવન ટકા છે.

એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સએ જણાવ્યું હતું કે, ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે ગુજરાતમાં એમપીએલએડી ફંડ તરીકે ખર્ચવામાં આવેલા કુલ રૂ. ૪૪૨ કરોડમાંથી લગભગ ૪૮ ટકા ''અનઉપયોગી'' રહ્યા હતા. એમપી લોકલ એરિયા ડેવલપમેંટ ફંડ યોજના ૨૩ ડિસેમ્બર ૧૯૯૩ના રોજ અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના અંતર્ગત દરેક સંસદસભ્ય તેમના મત વિસ્તારના વિશેષ પ્રકારનાં કામોની ભલામણ કરી શકે, સંસદ સભ્યના ભલામણ બાદ જિલ્લા આયોજન મંડળ દ્વારા તે કામો માટે ભંડોળ ફાળવવામાં આવે છે. ૨૦૧૯થી ૨૦૨૪ ની ટર્મની વાત કરીએ તો આ વખતે એમપીએલએડી ફંડમાં ઘટાડો થયો. કોવિડ કાળ દરમિયાન લગભગ ૧.૫ વર્ષના સમયગાળા માટે આ યોજના ફ્રિઝ કરવામાં આવી હતી. તેથી આ પાંચ વર્ષ માટે દરેક સાંસદ પાસે ૨૫ કરોડના બદલામાં માત્ર ૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી.

ગુજરાતના ૨૬ એમપીના હસ્તક ૪૪૨ કરોડ રૂપિયા હતા, જે તેઓ તેમના મતક્ષેત્રમાં એવા કામો માટે વાપરી શકતા હતા. પણ ૨૬ સાંસદે માત્ર ૩૫૪.૯૯૯૪ કરોડ રૂપિયાના કામોની ભલામણ કરી. તે પૈકી ૨૬૩.૧૫ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં અને કુલ ૨૨૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જે કુલ મળવાપાત્ર ફંડના માત્ર ૪૯.૭૭ ટકા થાય છે. એડીઆર દ્વારા શેર કરાયેલા ડેટા અનુસાર, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના મતવિસ્તાર ગાંધીનગરમાં સૌથી વધુ ૩.૫૪ કરોડ રૂપિયાની બિનખર્ચિત બેલેન્સ હતી, ત્યારબાદ કચ્છના વિનોદ ચાવડા ૨.૩૫ કરોડ રૂપિયા ખેડાના દેવુસિંહ ચૌહાણ રૂ. ૨.૩૫ કરોડ હતા. જામનગરના પૂનમબેન માડમ રૂ.૨.૧૯ કરોડ) અને પાટણના ભરતસિંહ ડાભી રૂ.૨.૦૧ કરોડ છે.

દરેક સાંસદ આ પાંચ વર્ષ દરમિયાન સરળતાથી રૂ. ૧૭ કરોડનો ઉપયોગ કરી શક્યા હોત. જોકે તેઓએ આ રકમ કરતાં ઓછો ખર્ચ કર્યો છે. ગુજરાતમાં કુલ મંજૂર થયેલા કામોમાંથી સૌથી વધુ રૂ.૧૧૪.૮૧ કરોડ રેલવે, રસ્તા, પાથવે અને બ્રિજ પાછળ ખર્ચવામાં આવ્યા છે. અને અન્ય જાહેર સુવિધાઓ પર રૂ. ૭૧.૩૨ કરોડ ખર્ચાયા છે. ■

# રાજયમાં ૨૦૨૩માં ૭ ક્લાસ વન અને ૨૦ ક્લાસ-ટુ અધિકારીઓ લાંચ લેતા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગના ૧૭૫ ભ્રષ્ટ અધિકારી કર્મચારીઓ ઉપરાંત વચેટિયાની ભૂમિકા ભજવતાં ૧૦૮ ખાનગી વ્યક્તિઓને ગત વર્ષ ૨૦૨૩માં એન્ટિ કરપ્શન બ્યુરોએ ઝડપી પાડયા હતા. આ લાંચિયાઓમાં ૭ ક્લાસ વન અને ૨૦ ક્લાસ - ટુ અધિકારીઓ સહિત રાજ્યમાં કુલ ૨૦૫ કેસ કરી ૨૮૩ આરોપીઓ સામે કાર્યવાહી કરી હતી.જેમાં આરોપીઓએ કુલ ૧,૧૯,૨૮,૧૯૦ રૂપિયાની લાંચની માગ કરી હતી.

એસીબીએ ગૃહ વિભાગમાં સૌથી વધુ ૬૬ કેસ કર્યા હતા. જ્યારે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમાં ૩૭, મહેસૂલ વિભાગમાં ૨૫, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં ૨૦, શિક્ષણ વિભાગમાં ૦૯ અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં ૧૨ કેસ કર્યા હતા.

એસીબીએ ગુજરાતમાં કરેલા કેસોમાં કુલ ૧૮૩ ટ્રેપ થઇ હતી. તેમ જ અપ્રમાણસર મિલકતના નવ, લાંચ માગવાના બે અને ડીકોઇના ૧૧ કેસ પણ કર્યા હતા.

રાજ્યમાં આવેલા આ સરકારી વિભાગોમાં વર્ષ ૨૦૨૩માં એક પણ ટ્રેપ, ડિકોય, ડિમાન્ડ કે અપ્રમાણસર મિલકતનો એક પણ કેસ અધિકારી, કર્મચારી સામે નોંધાયો નથી. એસીબીના જૂનાગઢ એકમ હેઠળના ગીર-સોમનાથ જિલ્લામાં આખા વર્ષમાં સમખાવા પૂરતી એક પણ ટ્રેપ થઈ નથી. જ્યારે પોરબંદર જિલ્લામાં અપ્રમાણસર મિલકતનો માત્ર એક કેસ દાખલ કરાયો હતો. રાજકોટ એકમના રાજકોટ ગ્રામ્યમાં માત્ર એક ડિકોય ટ્રેપ તેમ જ ભાવનગર એકમના અમરેલી જિલ્લામાં પણ માત્ર એક ટ્રેપ થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં એન્ટિ કરપ્શનના કેસોમાં સજાનું પ્રમાણ વધ્યું છે. વર્ષ ૨૦૨૨માં ૨૮ ટકા હતું. જે ગત વર્ષ ૨૦૨૩માં ૪૧ ટકાએ પહોંચ્યું હતું, જ્યારે ચાલુ વર્ષના જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં જ કન્વિક્શનનું પ્રમાણ ૪૩ ટકા થયું છે. ■

# સુરત નકલી માર્કશીટ કૌભાંડઃ વધુ એક આરોપી દિલ્હીમાંથી પકડાયો

અમદાવાદઃ સુરતના નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રી કૌભાંડમાં વધુ એક આરોપીની દિલ્હી ખાતેથી પોલીસે ૬૦ જેટલી બોગસ ડિગ્રીઓ અને માર્કશીટ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે અત્યાર સુધી કુલ છ આરોપીઓની ધરપકડ કરી હતી. સુરત ડીસીપી પિનાકીન પરમારના જણાવ્યા અનુસાર તા. ૨૧મી માર્ચના રોજ સુરત સિંગણપોર પોલીસ દ્વારા નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રી બનાવવાના રાષ્ટ્રવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કરી નીલેશ સાવલિયા નામના શખસની ધરપકડ કરવામાં આવી હતી. જે આરોપી પાસેથી લેપટોપ, કોમ્પ્યુટર સહિત ૧૩૭ અલગ અલગ રાજ્યના શિક્ષણ બોર્ડની નકલી માર્કશીટ અને જુદી જુદી યુનિવર્સિટીઓની બોગસ ડિગ્રીઓ કબજે કરવામાં આવી હતી. જે આરોપીની પૂછપરછમાં ફરિદાબાદના મનોજકુમાર નામના શખસ સામે આવ્યું હતું. સમગ્ર કૌભાંડ રાષ્ટ્રવ્યાપી હોય સિંગણપોર પોલીસ દ્વારા જુદી જુદી ટીમ બનાવી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. પોલીસની તપાસમાં સરથાણા અને સેલવાસના વધુ બે એજન્ટોની ભૂમિકા બહાર આવતા બે દિવસ અગાઉ બંને શખસોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં ત્રણેય શખસોના સંપર્કમાં દેશના અલગ અલગ રાજ્યના એજન્ટો પણ સંપર્કમાં છે. જેમ ગુજરાતમાં નિલેશ સાવલિયા એજન્ટ છે તેવી જ રીતે અલગ અલગ રાજ્યોમાં પણ તેઓ જોડે અન્ય એજન્ટો સંકળાયેલા છે. જે એજન્ટોને રૂપિયા લઈ નકલી સર્ટિફિકેટ અને બોગસ ડિગ્રીઓ મોકલી આપતા હતા. ડીસીપી પિનાકીન પરમારે વધુમાં જણાવ્યું હતું કે, પોલીસ તપાસમાં દિલ્હીમાં રહેતા રાહુલ સૈની નામના ઇસમનું નામ બહાર આવતા તેની ધરપકડ કરવા માટે પોલીસે ટીમ દિલ્હી રવાના કરવામાં આવી હતી, જ્યાંથી રાહુલ સૈની નામના આ શખસને ઝડપી પાડવામાં સિંગણપોર પોલીસને સફળતા હાથ લાગી છે. પોલીસે આરોપીના ઘરમાં સર્ચ કરતા ૬૦ જેટલી અલગ અલગ ડિગ્રીઓ અને માર્કશીટ મળી આવી છે, જેમાં ૪૭ નામ જોગ અને અન્ય ૧૩ જેટલી નકલી માર્કશીટ તેમજ સર્ટિફિકેટ નામ વિનાના મળી આવ્યા છે. જે આરોપીની ધરપકડ કરી સુરત કોર્ટમાં રજૂ કરતા એક દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. ■

# ભરૂચ બેઠક પર આપને મૂંઝવવા ઓવૈસીની પાર્ટી ઉમેદવાર ઉતારશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ ૨૬ બેઠકો પર ઉમેદવાર જાહેર કર્યાં છે. જ્યારે આપ અને કૉંગ્રેસ વચ્ચે ગઠબંધન થયું છે. કૉંગ્રેસ પાર્ટી ૨૪ તો આમ આદમી પાર્ટી બે બેઠક પર ચૂંટણી લડવાની છે. અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમએ પણ ગુજરાતમાં ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમએ ગુજરાતમાં બે સિટો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ઓવૈસીની પાર્ટી ભરૂચ અને ગાંધીનગર લોકસભા સિટ પર મેદાનમાં ઉતરશે. ગુજરાતમાં ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી બાદ ચૂંટણી જંગમાં વધુ એક પાર્ટીએ ઉતરવાની જાહેરાત કરતા રાજકીય માહોલ ગરમાયો છે. ગાંધીનગર લોકસભા સિટથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ચૂંટણી લડવાના છે. તે વર્તમાનમાં આ સીટ પરથી સાંસદ પણ છે. તો કૉંગ્રેસ પાર્ટીએ અહીં સોનલ પટેલને ટિકિટ આપી છે. હવે અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી પણ ગાંધીનગરથી ચૂંટણી લડશે. એટલે કે હવે અહીં ત્રિકોણીય જંગ જોવા મળી શકે છે.

ભરૂચ સીટથી આમ આદમી પાર્ટીના ચૈતર વસાવા મેદાનમાં છે, જ્યારે ભાજપે વર્તમાન સાંસદ મનસુખ વસાવાને ટિકિટ આપી છે. હવે આ સીટ પર એઆઈએમઆઈએમની એન્ટ્રી થતાં અહીં પણ ત્રિકોણીય જંગ જોવા મળશે. ભરૂચમાં સૌથી વધારે લઘુમતી વોટબૅંક છે, અહીં એઆઈએમઆઈએમ ભાજપને ફાયદો કરાવી શકે છે. ■

મોરબી ઝૂલતો પુલ કેસ

# આરોપી જયસુખ પટેલ મોરબી જિલ્લાની હદમાં પ્રવેશ કરી શકશે નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી ઝૂલતા પુલ કેસમાં મુખ્ય આરોપી જયસુખ પટેલને સુપ્રીમ કોર્ટે શરતી જામીન આપવા અંગે હુકમ કર્યો હતો. જેને પગલે મંગળવારે રેગ્યુલર જામીન અરજીની શરતો નક્કી કરવા મોરબી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં દલીલો કરવામાં આવી હતી. જેમાં સરકાર અને બચાવ પક્ષે કરેલી દલીલોને ધ્યાને લઈને કોર્ટે એક લાખના શરતી જામીન મંજૂર કર્યાં હતા. જોકે, જયસુખ પટેલ કોર્ટ મુદત સિવાય મોરબી જિલ્લામાં પ્રવેશ નહીં કરી શકે અને ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી તેઓને મોરબી જિલ્લાની હદ બહાર રહેવાનું રહેશે.

આ કેસની વિગત મુજબ ઝૂલતો પુલ કેસમાં ઓરેવા ગ્રૂપના એમ. ડી. જયસુખ પટેલની રેગ્યુલર જામીન અરજીની શરતો નક્કી કરવા મંગળવારે મોરબી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ટ્રાયલ ચાલી હતી. જેમાં સરકારી વકીલે સમગ્ર ઘટનાક્રમ અંગે કોર્ટમાં જાણકારી આપી હતી. તેમજ આરોપી ત્રણ માસ સુધી ફરાર રહ્યા હતા. સહિતની દલીલો રજૂ કરી હતી. જ્યારે બચાવ પક્ષના એડવોકેટ દ્વારા પણ દલીલો રજૂ કરવામાં આવી હતી. બંને પક્ષની દલીલો ધ્યાને લઈને કોર્ટે શરતી જામીન મંજૂર કર્યા હતા.

જેમાં આરોપી જયસુખ પટેલને એક લાખના જામીન લેવા, તેઓને પોતાનું રેસિડેન્સીયલ પ્રૂફ આપવું કે તેઓ ક્યાં રહે છે અને તેમાં ફેરફાર થતા કોર્ટમાં જાણ કરવાની રહેશે. આરોપી સાક્ષીઓને પ્રભાવિત કરવાના કોઈ પ્રયત્ન ના કરવા, પાસપોર્ટ હોય તો સરન્ડર કરવાનો રહેશે. તેઓને ભારત બહાર જવું હોય તો કોર્ટમાંથી પરવાનગી લઈને જવાનું રહેશે. સૌથી મહત્ત્વની શરત જયસુખ પટેલ મોરબી જિલ્લાની હદમાં પ્રવેશ કરી શકશે નહીં. તેઓ કોર્ટ મુદત સિવાય મોરબી જિલ્લામાં પ્રવેશ નહીં કરી શકે અને ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી તેઓને મોરબી જિલ્લાની હદ બહાર રહેવાનું રહેશે. તેવી માહિતી સરકારી વકીલે આપી હતી. ■

# ગોધરા સબજેલમાં કાચા કામના કેદીઓ પાસેથી મોબાઈલ ફોન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોધરામાં આવેલી સબજેલમાં અચાનક હાથ ધરવામાં આવેલી ચેકિંગ દરમિયાન બે કાચા કામના કેદીઓ પાસેથી મોબાઇલ ફોન મળી આવ્યા હતા. પોલીસ દ્વારા બે મોબાઈલ ફોન કબ્જે કરી ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશને ગુનો નોંધવામાં આવ્યો હતો. પંચમહાલ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ અને લોકલ ક્રાઇમ બ્રાન્ચ પોલીસ શાખા દ્વારા સૂચનાને આધારે ગોધરા શહેરમાં આવેલી સબજેલમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં રસોડામાં રહેલા ગજેન્દ્રસિંહ પરમાર કેદીની અંગજડતી કરતા તેની પાસેથી ચાલુ હાલતમાં સ્માર્ટફોન મળી આવ્યો હતો, જેમાં સીમકાર્ડ પણ નાખેલું હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસ દ્વારા મોબાઈલ ફોન અંગે પૂછતા આ મોબાઈલ ફોન પોતાનો હોવાનું જણાવ્યું હતું. જ્યારે અન્ય એક કેદી સંતોષ ઉર્ફે ભીમા રામસિંગ જાટવની અંગજડતી કરતા તેની પાસેથી ચાલુ હાલતમાં કીપેડ મોબાઈલ ફોન મળી આવ્યો હતો. તપાસ કરતા સિમકાર્ડ ન હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ફોન અંગે પૂછતા આ મોબાઈલ ફોન જયપ્રકાશ ઉર્ફે જય શાહિરામ ડારા નામના ઈસમે આપ્યો હોવાનું જણાવતા પોલીસે બે મોબાઈલ ફોન કબ્જે કરી ત્રણ ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# કચ્છમાં ભીષણ ગરમીનો ડંખ બરકરારઃ ભુજમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતમાં આપવામાં આવેલી યલો એલર્ટ વચ્ચે રણપ્રદેશ કચ્છના સંખ્યાબંધ મથકોએ સતત ચોથા દિવસે મહત્તમ તાપમાનનો આંક ૩૮ ડિગ્રી સે.થી ૪૦ ડિગ્રી સે. રહેવા પામ્યો હતો. છેવાડાના વાગડથી લઈ કોટેશ્વર સુધી ચામડી બાળી નાખતા ઉના વાયરા ફૂંકાતા જનજીવન મૂર્છિત થઇ ગયું છે.

કંડલા(એ) કેન્દ્રમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રીએ પહોંચતા અંજાર-ગાંધીધામના તમામ મથકો કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યાં છે. જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન ઊંચકાઈને ૪૦ ડિગ્રીએ પહોંચતા સવારના સૂર્ય નારાયણનાં દર્શન સાથે જ આભમાંથી અગનજવાળા વરસવાનું શરૂ થઈ ગયું હતું. બપોરની પાળીમાં નિશાળે જતાં બાળકોની તબિયત પર હિટવેવની અસર પડતી હોઈ, વાલીઓ શાળાનો સમય સવારનો કરવાની માગ કરી રહ્યા છે.

લઘુતમ તાપમાનનો પારો ૨૮ ડિગ્રી જેટલો ઊંચો રહેવાની સાથે મોડી સાંજે પણ ઊકળાટનો દોર યથાવત્ રહ્યો હતો. રણકાંધીના રાપરમાં ૩૭, જયારે ખાવડામાં ૩૮ ડિગ્રી તાપમાન સાથે અત્યારે પડી રહેલી ભીષણ ગરમીનું સામ્રાજ્ય સર્વત્ર છવાયેલું જોવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉનાળો બેસી જતા પવનોની દિશા પલટાઈ છે જેને કારણે આકરી ગરમીએ જનજીવનને બાનમાં લેવાનું શરૂ કર્યું છે અને આગામી સમયમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં આકરી ગરમીનો દોર યથાવત્ રહેવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી લોકોને સ્વાસ્થ્યની કાળજી લેવાનો અનુરોધ કર્યો છે. ■

# ગાંધીધામથી હવાઈ જહાજનું અત્યંત જવલનશીલ તેલ ભરીને નીકળેલી માલગાડી રસ્તો ભૂલી!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આપણા દેશના રેલવે તંત્રમાં એક પછી એક બેદરકારીની ગંભીર ઘટનાઓ સામે આવતી રહે છે તેવામાં ગાંધીધામથી હવાઈ જહાજ માટેના અત્યંત જ્વલનશીલ પદાર્થ લઈને પંજાબ તરફ જવા નીકળેલી એક માલગાડીનો 'બદલાયેલો' ચાલક મૂળ ગંતવ્ય સ્થળને બદલે ખોટા રૂટ પર ટ્રેનને લાંબા સમય સુધી દોડાવતો રહ્યો હતો!. જાણ થયા બાદ રેલવે તંત્રએ માલગાડીને નજીકના રેલવે સ્ટેશન પર ઊભી રખાવી હતી.

ગત શનિવારે બનેલી ગંભીર બેદરકારીની આ ઘટના અંગે જાણવા મળેલી વિગતો અનુસાર, પૂર્વ કચ્છના ગાંધીધામથી માલવાહક ટ્રેન હવાઈ જહાજ માટે ૪૭ જેટલા ટેન્કરમાં તેલ અને ત્રણ ટેન્કરમાં ડીઝલ ભરીને પંજાબમાં જાલંધરના સુચ્ચી પિંડ સ્થિત ઇન્ડિયન ઓઇલ સ્ટેશન પર જવા નીકળી હતી, જોકે, આ માલગાડીનો ચાલક તેને જાલંધરની જગ્યાએ પઠાણકોટ-જમ્મુના સંવેદનશીલ વિસ્તાર એવા રૂટ પર લઇને જતો રહ્યો હતો. રેલવે વિભાગને આ બ્લન્ડર અંગે જાણ થતાં ચોંકી ઊઠેલા અધિકારીઓએ ચાલકનો સંપર્ક કરી ભટકેલી માલગાડીને તરત જ પંજાબના હોશિયારપુર સ્થિત મુકેરિયા રેલવે સ્ટેશન પર ઊભી રખાવી હતી અને થોડા કલાકોની પૂછપરછ બાદ માલગાડીને પરત જાલંધર માટે રવાના કરવામાં આવી હતી. આ બેદરકારીનું કારણ પૂછતાં અધિકારીએ ડ્યૂટી ચેન્જ થવાને કારણે માલગાડીનો ડ્રાઇવર લુધિયાણામાં બદલાઇ ગયો હતો. બીજા ડ્રાઇવરને જાણકારી ન હતી કે ટ્રેનને જાલંધર લઇ જવાની છે તેવું જણાવ્યું હતું.

બીજી તરફ, આ ઘટના અંગે ગાંધીધામ રેલ પ્રશાસનને પૂછતા તેઓએ આવી કોઈ ઘટના તેમના ધ્યાને આવવા પામી ન હોવાનું અને ગાંધીધામથી ઓઈલ-ટેન્ડરની દૈનિક ૩૦થી વધુ માલગાડીઓ દોડે છે, કદાચ કોઈ બનાવ બન્યો હશે તો એ પજાબમાં બન્યો હશે તો એ અંગે પંજાબ રેલ પ્રશાસને જોવાનું રહે છે, અમારે નહીં તેવો જવાબ મળ્યો હતો. ■

# વડોદરામાં કાળઝાળ ગરમીમાં ૧૨૫ ટ્રાફિક પોલીસને ચાર્જેબલ એસી હેલ્મેટ પહેરાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના માર્ગો ઉપર તેમજ જંક્શનો ઉપર ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ જવાનો હવે એસી હેલ્મેટ પહેરીને ફરજ બજાવશે. આ ઉપરાંત ટ્રાફિક જવાનો માટે સામાજિક સંસ્થાઓની મદદથી છાશ-પાણીની પણ સુવિધા આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ બાદ વડોદરામાં ટ્રાફિક જવાનોને એસી હેલ્મેટની સુવિધા આપવામાં બીજું શહેર છે.

વડોદરા શહેર ટ્રાફિક પોલીસ વિભાગના ડીસીપીએ જણાવ્યું હતું કે, વડોદરા શહેર ટ્રાફિક વિભાગમાં ૪૦૦ જેટલા જવાનો ફરજ બજાવે છે. આ જવાનો પૈકી હાલ ૧૨૫ જવાનોને એસી હેલ્મેટ આપવામાં આવ્યું છે. આ એસી હેલ્મેટ ઇલેક્ટ્રિક ચાર્જેબલ છે. એક વખત બેટરી ચાર્જ કર્યા બાદ છથી આઠ કલાક ચાલે છે. શહેરના જંક્શનો ઉપર ફરજ બજાવતા ટ્રાફિક જવાનો અસહ્ય ગરમીનો ભોગ ન બને તે માટે તેઓને એસી હેલ્મેટ આપવામાં આવ્યા છે. આ એસી હેલ્મેટથી જવાનોના માથામાં ઠંડક રહેશે, જેના કારણે તેઓને ગરમીના કારણે ચક્કર આવવાનો પ્રશ્ન નહીંવત્ રહેશે. આ એસી હેલ્મેટ ગરમીના દિવસોમાં ટ્રાફિક જવાનો માટે આશીર્વાદરૂપ પુરવાર થશે. ગુજરાતમાં અમદાવાદ શહેર ટ્રાફિક વિભાગમાં જવાનોને એસી હેલ્મેટ આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત ઉનાળામાં જવાનો માટે સામાજિક સંસ્થાઓની મદદથી છાશ-પાણીની સુવિધાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ■

# ચોટીલા-રાજકોટ હાઈવે પર એમ્બ્યુલન્સને અકસ્માતઃ ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચોટીલા - રાજકોટ હાઇવે પર આપા-ગીગાના ઓટલા નજીક ટ્રક પાછળ એમ્બ્યુલન્સ ધડાકાભેર અથડાઈ હતી. જેમાં ઘટનાસ્થળે જ એમ્બ્યુલન્સમાં સવાર ત્રણ લોકોનાં મોત નિપજ્યાં હતાં. ચોટીલાથી દર્દીને રાજકોટ સારવાર માટે લઈ જવામાં આવી રહ્યો હતો તે દરમ્યાન ભયાનક અકસ્માત સર્જાયો હતો. જોકે, દર્દીને સારવાર માટે લઈ જવાઈ રહ્યો હતો તે દર્દી બચી ગયો અને સાથે રહેલા ત્રણ લોકોનાં મોત નિપજ્યાં હતાં. પોલીસે ગુનો નોંધી ત્રણેય મૃતદેહ પીએમ માટે હૉસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા - રાજકોટ હાઇવે પર આપા-ગીગાના ઓટલા નજીક ટ્રક પાછળ એમ્બ્યુલન્સ ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે, એમ્બ્યુલન્સનો બુકડો બોલાઈ ગયો હતો. અકસ્માત સર્જી ટ્રકચાલક ફરાર થયો હતો. અકસ્માતમાં દર્દીની સાથે રહેલા વિજયભાઈ બાવળિયા, પાયલબેન મકવાણા અને ગીતાબેન મિયાત્રાનું મોત નિપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે તપાસ માટે મૃતદેહને એમ્બ્યુલન્સમાં બહાર કઢાવી પીએમ માટે હૉસ્પિટલ ખસેડ્યા હતા. ■

# વડોદરાની મંજુસર જીઆઇડીસીમાં આટા મિલમાં મશીન તૂટતાં એકનું મોતઃ બે ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની મંજુસર જીઆઈડીસીમાં ઘઉંમાંથી લોટ બનાવતું મશીન કામદારો પર પડતા એક કામદારનું મોત થયું હતું. જ્યારે અન્ય બે કામદારો ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર હેઠળ હૉસ્પિટલ ખસેડાયા હતા. એક ટાંકામાં ૩૦૦ ટન જેટલા ઘઉં હતા અને તે ટાંકો તૂટી પડતાં કામદારો દટાયા હતા. પોલીસે ગુનો નોંધી તમામ મશીનો બંધ કરાવી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાની મંજુસર જીઆઈડીસીમાં આવેલી ખાનગી આટા મિલમાં ઘઉંમાંથી લોટ બનાવવાનું અને તેને પેકિંગ કરવાનું કામ ચાલી રહ્યું હતુ.

અલગ અલગ ટાંકામાં તેના વજન મુજબ ઘઉં ભરવામાં આવે છે અને પ્રોડકશન કરી તેમાંથી લોટ બનાવાય છે. ૩૦૦ ટન ભરેલો એક ટાંકો હતો જેમાં ઘઉં હતા, મશીન શરૂ કરવામાં આવે તે પહેલા એ ટાંકો અચાનક પડયો અને કામદારો તેની નીચે દટાઈ ગયા હતા. જેમાં એક કામદારનું ઘટનાસ્થળે મોત થયું હતું, જ્યારે બે કામદારો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી, પોલીસે બે ઈજાગ્રસ્તોના નિવેદન લઈ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 73 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 March 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૨૭ માર્ચ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

celltone
GAS LIGHTERS I KITCHENWARE HOUSEWARE
CORPORATE SALES ENQUIRY :+918879155057
E:- sales@celltone21.com

# એશિયામાં અબજોપતિઓની રાજધાની બન્યું મુંબઈ

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

શાંઘાઈ: શાંઘાઈ સ્થિત હુરુન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે દુનિયાના અબજોપતિઓ અંગે એક રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર ચીનની રાજધાની બીજિંગને પાછળ છોડીને હવે મુંબઈ અબજોપતિઓની રાજધાની તરીકે ઊભરી આવ્યું છે. પહેલા બીજિંગ આ સ્થાન પર હતું પરંતુ હવે તે પાછળ રહી ગયું છે. પ્રથમ સ્થાને ન્યૂયોર્કમાં ૧૧૯ અને બીજા સ્થાને આવતા લંડનમાં ૯૭ અબજોપતિ છે. આ પછી મુંબઇ ૯૨ અબજપતિઓની સંખ્યા સાથે ત્રીજા સ્થાને છે. એટલું જ નહીં ભારતની રાજધાની નવી દિલ્હી પણ પ્રથમ વખત અબજોપતિઓ માટેના ટોપ ૧૦ શહેરોમાં સામેલ થઈ ગઈ છે.

મુંબઈ પહેલીવાર એશિયાની અબજોપતિની રાજધાની બની છે. બેઇજિંગમાં અબજોપતિઓની સંખ્યા ૯૧ અને મુંબઈમાં અબજોપતિઓની સંખ્યા ૯૨ છે. હુરુન રિસર્ચના રિપોર્ટ અનુસાર, ભારતની સરખામણીમાં ચીનમાં ૮૧૪ અબજપતિ છે, જ્યારે ભારતમાં માત્ર ૨૭૧ અબજોપતિ છે. જોકે, હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ અનુસાર બીજિંગમાં છેલ્લા એક વર્ષમાં ૧૮ અબજપતિઓ હવે કરોડપતિ બની ગયા છે.

મુંબઈમાં અબજોપતિઓની કુલ સંપત્તિ ૪૪૫ અબજ ડોલર છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૪૭ ટકા વધુ છે. જ્યારે બીજિંગમાં અબજોપતિઓની કુલ સંપત્તિ ૨૬૫ અબજ ડોલર છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૨૮ ટકા ઓછી છે.

હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ ૨૦૨૪ મુજબ, આજે વિશ્વમાં કુલ ૩,૨૭૯ અબજોપતિ છે, જેમાંથી ૧૬૭ ગયા વર્ષે જ

(જુઓ પાનું ૨) ▸▸

ઓડિશામાં હોળીની ઉજવણી બાદ આઠ જણ ડૂબી ગયા ૨



## ગુજરાતના ગરબાને વૈશ્વિક સ્તરે મળ્યું સન્માન

પેરિસઃ ગુજરાતની આગવી ઓળખ સમા ગરબા હવે આંતરાષ્ટ્રીય સ્તરે પણ લોકપ્રિય બન્યા છે. રાજ્ય અને દેશભરમાં દર વર્ષે યોજાતા નવ દિવસના નવરાત્રી મહોત્સવ દરમિયાન ખેલૈયાઓ ગરબા રમીને નવ દુર્ગાના આરાધના પર્વની ઉજવણી કરે છે. હવે ગુજરાતના ગરબાને યુનેસ્કોએ વૈશ્વિક ઓળખ આપી છે.

યુનેસ્કોએ ગરબાને અમૂર્ત ધરોહરની યાદીમાં સમાવેશ કર્યો છે. ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચર હેરિટેજ એટલે કે અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર જાહેર કરવામાં આવ્યો છે. અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર જાહેર કરતું સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યું છે.


ફ્રાન્સની રાજધાની પેરિસમાં ૨૨ માર્ચ ૨૦૨૪ના રોજ યોજાયેલા એક કાર્યક્રમમાં યુનેસ્કોના યુનેસ્કોના ડાયરેક્ટર જનરલ શ્રીમતી ઓડ્રે અઝોલ દ્વારા ગુજરાત સરકારમાં પ્રધાન હર્ષ સંઘવી અને પ્રફુલ પાનસેરિયાને ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર જાહેર કરતું સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.

ગુજરાતના ગરબા સાથે હવે દેશના ઉત્સવો, મેળાઓ, પરંપરાઓ, પ્રાદેશિક નૃત્યો, મળીને કુલ ૧૫ જેટલી સાંસ્કૃતિક વિરાસતનો અમૂર્ત ધરોહરની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અત્રે

(જુઓ પાનું ૨) ▸▸

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 61,470/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## અમેરિકાના બાલ્ટીમોરમાં જહાજ અથડાતાં પુલ કડડડભૂસ



બાલ્ટીમોરઃ અમેરિકાના મેરીલેન્ડના બાલ્ટીમોરમાં એક માલવાહક જહાજ મંગળવારે પરોઢ પહેલા રાતે પુલ સાથે અથડાતા અનેક વાહન નદીમાં પડ્યા હતા. આ દુર્ઘટનાને લીધે નદીમાં ઓછામાં ઓછા સાત જણ પડ્યા હતા અને તેમાંના બે જણને બચાવી લેવાયા હતા.

બચાવ અને રાહત કાર્યકરો દ્વારા યુદ્ધના ધોરણે કાર્યવાહી ચાલી રહી છે.

બાલ્ટીમોર અગ્નિશામક દળના વડા જેમ્સ વૉલેસે જણાવ્યું હતું કે બચાવવામાં આવેલા લોકોમાંના એક જણની તબિયત ગંભીર છે.

કન્ટેનરોને લઇ જતું માલવાહક જહાજ ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ સાથે અથડાતા આ દુર્ઘટના થઇ હતી.

બાલ્ટીમોરના મેયર બ્રાન્ડન સ્કોટે જણાવ્યું હતું કે જહાજ અથડાવાથી પુલ તૂટી પડશે, એવું ક્યારેય વિચાર્યું પણ નહોતું.

વાહનો નદીમાં પડ્યા ત્યારે તાપમાન

(જુઓ પાનું ૨) ▸▸

## પંજાબમાં ભાજપ એકલપંડે લડશે

ચંદીગઢઃ ભાજપએ મંગળવારે પંજાબમાં આગામી લોકસભાની ચૂંટણી એકલા હાથે લડવાની જાહેરાત કરી હતી, જે શિરોમણી અકાલી દળ (એસએડી) સાથેના તેના જોડાણને પુનર્જીવિત કરવા માટેની વાટાઘાટોનો અંત સૂચવે છે.

ભાજપે એકલા જવાનું નક્કી કર્યું હોવાથી, રાજ્યમાં સામાન્ય ચૂંટણીઓમાં ચોતરફી હરિફાઈ જોવા મળશે.

પંજાબમાં લોકસભાની ૧૩ બેઠક માટે સાત તબક્કાની ચૂંટણીના છેલ્લા તબક્કામાં પહેલી જૂને મતદાન થશે.

પંજાબ બીજેપીના વડા સુનીલ જાખરે એક્સ પર પોસ્ટ કરેલા એક વીડિયો સંદેશમાં કહ્યું કે, ''ભાજપ એકલા હાથે લોકસભા ચૂંટણી લડવા જઈ રહી છે.''

તેમણે કહ્યું કે આ નિર્ણય લોકો, પાર્ટી કાર્યકર્તાઓ અને નેતાઓના ફીડબેકના આધારે લેવામાં આવ્યો છે. પંજાબના ભવિષ્ય અને યુવાનો, ખેડૂતો, વેપારીઓ, મજૂરો અને દલિત

(જુઓ પાનું ૨) ▸▸

**કેજરીવાલ જેલમાંઃ દિલ્હીમાં બબાલ**

## આપનું પીએમ આવાસના ઘેરાવનું ગતકડું

નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ધરપકડનાં વિરોધમાં ''ઇન્કલાબ ઝિંદાબાદ'' ''કેજરીવાલ ઝિંદાબાદ''ના નારા લગાવતા લોક કલ્યાણ માર્ગ પર વડા પ્રધાનના નિવાસસ્થાન તરફ કૂચ કરવાનો પ્રયાસ કરનારા આપના નેતાઓ અને કાર્યકરોમાંથી ઘણાને પટેલ ચોક ખાતે અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીને ''ગઢ''માં ફેરવી દીધી હોવાનો દાવો કરીને, આમ આદમી પાર્ટી દિલ્હી એકમના કન્વીનર ગોપાલ રાયે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે જે રીતે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે સમગ્ર શહેરમાં કલમ ૧૪૪ હેઠળ નિયંત્રણો લાદ્યા છે. એવું લાગે છે કે દિલ્હી ''પોલીસ રાજ્ય'' બની ગયું છે.

પોલીસે તેના કર્મચારીઓ અને અર્ધલશ્કરી દળોના જવાનોને તૈનાત કરીને વડા પ્રધાનના નિવાસસ્થાન અને મધ્ય દિલ્હી સહિત રાષ્ટ્રીય રાજધાનીના કેટલાક ભાગોમાં સુરક્ષા વધારી

(જુઓ પાનું ૨) ▸▸



**અટકઃ** દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની મુક્તિની માગણીને લઇને પટેલ ચોક મેટ્રો સ્ટેશન ખાતે દેખાવ કરી રહેલા આમ આદમી પાર્ટીના કાર્યકરોની અટક કરતા સલામતી વિભાગના જવાનો. (પીટીઆઇ)

## ભાજપના ૫૭ કાર્યકરની અટક



**દેખાવઃ** દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના રાજીનામાની માગણીને લઈને નવી દિલ્હીમાં દેખાવ કરી રહેલા ભાજપના કાર્યકરો. (પીટીઆઇ)

નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના રાજીનામાની માગણીને લઇને અહીં મોરચો કાઢનારા ભાજપના ૫૭ કાર્યકરની અટક કરાઇ હતી.

ભાજપના નેતાઓ માગણી કરી રહ્યા છે કે દિલ્હીમાં દારૂની આબકારી જકાતને લગતા કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) દ્વારા પકડાયેલા કેજરીવાલે મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપવું જોઇએ.

પોલીસે જણાવ્યું હતું કે મોરચો કાઢનારા ભાજપના કાર્યકરોને વિખેરવા માટે તેઓ પર 'પાણીનો મારો' ચલાવાયો હતો, પરંતુ બહાદુર શાહ ઝફર માર્ગ ખાતે બેરિકેડ તોડવાનો પ્રયાસ કરનારા ભાજપના ૫૭ કાર્યકરની અટક કરાઇ હતી. ભાજપના જે

(જુઓ પાનું ૨) ▸▸

**સિદ્ધિઃ** માઉન્ટ એવરેસ્ટના બેઝ કેમ્પ ખાતે માતા ભાવના દેહરિયાની સાથે પહોંચેલી અઢી વર્ષની સિદ્ધિ મિશ્રા (જીની). (પીટીઆઇ)




## મેક્સિકોના ૧૫ રાજ્યનાં જંગલમાં આગ

નોગેલ્સઃ મેક્સિકોના લગભગ અડધા દુષ્કાળગ્રસ્ત રાજ્યોમાં સોમવારે ભારે પવનના કારણે જંગલમાં આગ ફાટી નીકળી હતી. નેશનલ ફોરેસ્ટ્રી કમિશને જાણકારી આપી હતી કે ૧૫ રાજ્યોમાં ૫૮ સ્થળો પર આગ ફાટી નીકળી છે.

જેમાં મોરેલોસ, વેરાક્રુઝ અને મેક્સિકો સ્ટેટના અભયારણ્યનો પણ સમાવેશ થાય છે. કમિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે પ્રાથમિક અંદાજ મુજબ ૩,૫૦૦ એકર જેટલો વિસ્તાર આગની ઝપેટમાં આવી ગયો છે. કોઇ ઇજાગ્રસ્ત થયાની સત્તાવાર માહિતી નથી પરંતુ વેરાક્રુઝના નોગેલ્સમાં જંગલમાં લાગેલી આગમાં કેટલાક ઘરો બળી ગયા હતા. આગમાં ખેતરો, પશુધન

(જુઓ પાનું ૨) ▸▸



**દાવાનળઃ** મેક્સિકોના વારાક્રૂઝ રાજ્યના ઊંચા પહાડો પર વનમાં લાગેલી આગને ઓલવવાનો પ્રયાસ કરતો એક સૈનિક. (એપી–પીટીઆઇ)

### હિમાચલની પેટાચૂંટણીમાં ભાજપનો મોટો દાવ

## કૉંગ્રેસના છ બળવાખોરને ટિકિટ આપી

ધરમશાલાઃ હિમાચલ પ્રદેશના રાજકારણમાંથી એક મોટા સમાચાર જાણવા મળ્યા છે. હિમાચલ પ્રદેશ વિધાનસભા પેટાચૂંટણીમાં ભાજપે ભૂતપૂર્વ કૉંગ્રેસના તમામ ૬ બળવાખોર અને ગેરલાયક ઠેરવાયેલા વિધાન સભ્યોને મેદાનમાં ઉતાર્યા છે. પક્ષના વ્હીપની અવગણના કરવા બદલ કૉંગ્રેસે તેના છ વિધાનસભ્યોને ૨૯ ફેબ્રુઆરીએ ગેરલાયક ઠેરવ્યા હતા.

કૉંગ્રેસના આ છ ભૂતપૂર્વ વિધાન સભ્ય, ત્રણ અપક્ષ ઉમેદવાર સાથે શનિવારે નવી દિલ્હીમાં ભાજપમાં જોડાયા હતા. ભાજપે પૂર્વ મંત્રી રામલાલ માર્કંડા અને વીરેન્દ્ર કંવરની ટિકિટ રદ્દ કરી દીધી છે. ગેરલાયક ઠેરવાયેલા ધારાસભ્યો - સુધીર શર્મા, રવિ ઠાકુર, રાજીન્દર રાણા, ઈન્દર દત્ત લખનપાલ, ચેતન્ય શર્મા અને દેવિન્દર કુમાર ભુટ્ટો - કેન્દ્રીય પ્રધાન અને હમીરપુરના સાંસદ અનુરાગ ઠાકુર, હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન જયરામ ઠાકુર, જનરલ સેક્રેટરી અરુણ સિંહ અને રાજ્ય એકમના પ્રમુખ રાજીવ બિંદલની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા.

હિમાચલ પ્રદેશમાં લોકસભા ચૂંટણીની સાથે ધર્મશાલા, સુજાનારપુર, કુટલેહાર, લાહૌલ સ્પીતિ, ગાગ્રેટ અને બાદસર એમ છ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે. આ વિધાનસભા બેઠકો પર ૧ જૂને મતદાન થશે. આ જ દિવસે હિમાચલની ચાર લોકસભા બેઠકો પર સામાન્ય ચૂંટણીના સાતમા તબક્કામાં મતદાન થવાનું છે. આ પરિસ્થિતિમાં ભાજપે વિધાનસભાની પેટાચૂંટણી માટે પોતાની યાદી જાહેર કરી છે. ભાજપે ધર્મશાલાથી સુધીર શર્મા,

(જુઓ પાનું ૨) ▸▸

## પાક નૌકાદળના હવાઈમથક પર હુમલાનો પ્રયાસઃ છ ત્રાસવાદીનાં મોત

કરાચીઃ સશસ્ત્ર બલૂચ ત્રાસવાદીઓએ પાકિસ્તાનના બલૂચિસ્તાનમાંના નૌકાદળના હવાઇ મથકમાં ઘૂસવાનો કરેલો પ્રયાસ પાકિસ્તાનના લશ્કર દ્વારા નિષ્ફળ બનાવાયો હતો અને અથડામણમાં ઓછામાં ઓછા છ ત્રાસવાદી માર્યા ગયા હતા.

સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે ત્રાસવાદીઓએ નૌકાદળના હવાઇ મથક પર ત્રણ બાજુએથી હુમલો કર્યો હતો, પરંતુ પાકિસ્તાનના જવાનોએ તેનો તાત્કાલિક વળતો જવાબ આપીને તે નિષ્ફળ બનાવ્યો હતો.

આખી રાત ગોળીબારના અવાજ સંભળતા હતા. ત્રાસવાદીઓ નૌકાદળના હવાઇ મથક કે વિમાનોને કોઇ નુકસાન પહોંચાડી નહોતા શક્યા. પ્રતિબંધિત બલૂચિસ્તાન લિબરેશન આર્મીએ દાવો કર્યો હતો

(જુઓ પાનું ૨) ▸▸

## કૉંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા ચારેય માજી ધારાસભ્યને પેટાચૂંટણીમાં ટિકિટ મળી

### એક બળવાખોરને પણ ઉમેદવાર બનાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપે પાંચ વિધાનસભાની પેટાચૂંટણીના ઉમેદવારોની મંગળવારે જાહેરાત કરી હતી. ભાજપે છેલ્લા ત્રણ મહિનામાં કૉંગ્રેસમાંથી આવેલા આયાતી ઉમેદવારોને પેટાચૂંટણીમાં ટિકિટ આપી હતી. પોરબંદર બેઠક પર અર્જુન મોઢવાડિયા, વીજાપુર બેઠક પર સી. જે. ચાવડા, ખંભાત બેઠક પર ચિરાગ પટેલ, માણાવદર બેઠક પર અરવિંદ લાડાણીને અને વાઘોડિયા બેઠક પર ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ટિકિટ આપવામાં આવી હતી. ગુજરાતમાં ધારાસભ્યપદ છોડીને ભાજપમાં આવેલા તમામને ટિકિટ અપાઇ છે.

લોકસભાની ચૂંટણી પહેલા જ પોરબંદર બેઠકના ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને ભાજપમાં ભળેલા

(જુઓ પાનું ૨) ▸▸

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતને હુમલા વિના પીઓકે કઈ રીતે મળે?

**ભારતમાં** રાજકારણીઓ નબળાઈ કે કાયરતા છૂપાવવા માટે ક્યારેક એવી વાત કરી નાંખતા હોય છે કે જે સાંભળીને ગધેડાને પણ તાવ આવી જાય. આપણા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)ના ભારતમાં ભળવા અંગે આવી જ વાત કરી છે. રાજનાથે પીઓકેનું ભારતમાં વિલિનીકરણ થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે ને સાથે સાથે ડહાપણ ડહોળ્યું છે કે, આપણે પીઓકેમાં હુમલો કરીને તેને કબજે કરવાની જરૂર પડવાની નથી કેમ કે પીઓકે સામેથી ભારતમાં ભળી જશે.

રાજનાથે દાવો કર્યો કે, પીઓકેમાં એવી સ્થિતિ સર્જાઈ રહી છે કે પીઓકેના લોકો ખુદ ભારતમાં વિલિનીકરણની માગ કરી રહ્યા છે. ભારતે આજ સુધી દુનિયાના કોઈ દેશ પર હુમલો કર્યો નથી કે કોઈની એક ઈંચ જમીન પર કબજો કર્યો નથી કેમ કે આ આપણું ચરિત્ર છે. પીઓકે આપણું હતું અને આપણું છે અને હું માનું છું કે પીઓકે પોતાની મેળે ભારતમાં આવી જશે. રાજનાથસિંહ હોળી મનાવવા માટે સરહદે ગયેલા ને એ વખતે તેમણે મીડિયાને આપેલા ઈંટરવ્યૂમાં આ વાત કરી છે.

પીઓકે ભારતનો હિસ્સો છે એ વાત સો ટકા સાચી છે પણ આપણે કશું નહીં એટલે કે આક્રમણ નહીં કરીએ ને પીઓકે આપણા હાથમાં આવી જશે તેનાથી મોટું દીવાસ્વપ્ન બીજું કોઈ નથી. રાજનાથની તો શેખચલ્લી જેવી છે કેમ કે પીઓકેમાં પરિસ્થિતિ ગમે તેવી હોય ને લોકોમાં પાકિસ્તાન સામે ગમે તેવો આક્રોશ હોય પણ એ લોકોમાં એટલી તાકાત જ નથી કે ભારત સાથે ભળવાનું એલાન કરી શકે ને પાકિસ્તાનના લશ્કરને ભગાડી શકે.

પાકિસ્તાને લશ્કરી આક્રમણ કરીને પીઓકે પચાવી પાડ્યું છે. આપણે વળતો હુમલો કરેલો પણ પીઓકે પાછું લીધા પછી જ વાતનો અંત લાવવાના બદલે આપણે યુનાઈટેડ નેશન્સમાં ગયા તેમાં પીઓકે સાવ આપણા હાથથી જતું રહ્યું. આ પ્રદેશ પાછો લેવા માટે આપણે વરસોથી ફાંફા મારીએ છીએ પાકિસ્તાન મચક આપતું નથી. ઉલટાનું ચોરી પર સિનાજોરી કરીને પાકિસ્તાન તો આખા જમ્મુ અને કાશ્મીર પર પોતાનો અધિકાર બતાવે છે.

પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં લોકોનો પાકિસ્તાન સામેનો વાંધો આજકાલનો નથી. પીઓકેમાં લોકો પાકિસ્તાન સામે છેલ્લા બે દાયરાથી દેખાવો કરે છે, આક્રોશ ઠાલવે છે પણ તેનાથી કોઈ ફરક પડતો નથી કેમ કે પાકિસ્તાને પોતાનું લશ્કર ખડકીને આ વિસ્તાર પર કબજો કરી રાખ્યો છે. આ લશ્કરને હંફાવીને ખદેડવાની પીઓકેનાં લોકોમાં તાકાત નથી. પીઓકેની વસતી અને ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ પર નજર નાંખીશું તો આ વાત સમજાશે.

પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરનો કુલ વિસ્તાર ૧૩,૨૯૭ ચોરસ કિલોમીટર છે. આ આખા વિસ્તારની વસતી પૂરી ૫૦ લાખ પણ નથી બલ્કે માંડ ૪૬ લાખની આસપાસ વસતી છે.

પીઓકેનો મોટા ભાગનો વિસ્તાર પહાડી છે તેથી છૂટીછવાઈ વસતી છે. પાકિસ્તાને પીઓકેમાં લશ્કરના જોરે કબજો કરી રાખ્યો છે. પીઓકેમાં એક પણ ફેક્ટરી નથી ને ૯૦ ટકા ઘરોમાં વીજળી નથી. લોકો સાવ નર્ક કરતાં બદતર જિંદગી જીવે છે. ૨૦૦૫માં આવેલા ભૂકંપમાં એક લાખ લોકો મર્યા અને ૩૦ લાખ લોકો બેઘર થઈ ગયા ત્યારે પાકિસ્તાન સરકારે કશું ના કરતાં ભડકેલાં લોકો ૨૦૦૫થી પાકિસ્તાનના લશ્કર સામે આક્રોશ ઠાલવીને દેખાવો કરે છે. પાકિસ્તાની લશ્કર અત્યાચારો કરીને તેમને દબાવી દેવા મથે છે પણ આક્રોશ વધતો જ જાય છે.

આ આક્રોશને સોશિયલ મીડિયાના કારણે પબ્લિસિટી મળે છે પણ દુનિયામાંથી કોઈ પીઓકેનાં લોકોના સમર્થનમાં આગળ આવતું નથી તેથી આ આક્રોશ વાંઝિયો છે. પીઓકેમાં લોકો આક્રોશ બતાવે ને પીઓકેમાં જ આક્રોશ શમી જાય. તેનાથી પાકિસ્તાની લશ્કરને જરાય ફરક પડતો નથી કે પાકિસ્તાનની સરકારને કોઈ ફરક પડતો નથી. આ સંજોગોમાં પીઓકેનાં લોકો પાકિસ્તાની લશ્કરને ભગાડી મૂકે એવી શક્યતા જરાય નથી. રાજનાથને ભલે પીઓકે સામેથી ભારતમાં ભળી જશે એવાં સપનાં આવતાં હોય પણ એ વાત તુક્કાથી વિશેષ કંઈ નથી.

વાસ્તવમાં ભારતે પીઓકે લેવું હોય તો ઈન્દિરા ગાંધીએ બંગલાદેશમાં અપનાવેલી એ રણનીતિ અપનાવવી પડે. ઈન્દિરા ગાંધીએ બંગલાદેશની પાકિસ્તાનથી આલગ થવાની લડત લડી રહેલા શેખ મુજીબુર રહેમાનને એક તરફ અહિંસક લડતમાં મદદ કરેલી ને બીજી તરફ હથિયારો આપીને મુક્તિવાહિની બનાવડાવીને પાકિસ્તાની લશ્કર સામે સશસ્ત્ર જંગ શરૂ કરાવડાવી દીધેલો. બંને તરફના આક્રમણ સામે પાકિસ્તાન ટકી ના શક્યું ને તેણે બાંગ્લા પ્રજા પર અત્યાચારો વધાર્યા. મુક્તિવાહિનીને ભારત તરફથી મળતી મદદ બંધ કરવા ભારત પર આક્રમણ કર્યું ને ભારતને તક મળી ગઈ. પીઓકેમાં પણ ભારતે એ તક પેદા કરવી પડે, લોકો હથિયારો લઈને પાકિસ્તાની લશ્કર સામે ઉતરે એ સ્થિતિ પેદા કરવી પડે.

આ સ્થિતિ પેદા થાય તો ભારતીય લશ્કર તો તૈયાર જ બેઠું છે. સવાલ રાજકીય ઈચ્છાશક્તિનો છે. આપણા આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નારવણેએ ૨૦૨૦માં પત્રકાર પરિષદમાં ડંકે કી ચોટ પર કહેલું કે, બહુ વર્ષો પહેલાં આપણી સંસદે ઠરાવ પસાર કરેલો કે, સમગ્ર કાશ્મીર ભારતનું છે તેથી પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પણ ભારતનું જ છે. ભારતની સંસદ ઈચ્છતી હોય કે, પીઓકે પર પણ ભારતનો કબજો થાય તો એ માટે આદેશ આપે, અમે ચોક્કસ કાર્યવાહી કરીશું.

આપણી સંસદે ૨૦૧૬ના નવેમ્બરમાં ઠરાવ પસાર કરેલો કે, પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) ભારતનો જ હિસ્સો છે ને ભારત એ પાછો મેળવવા તમામ પ્રયત્નો કરશે. જનરલ નારવણેએ આડકતરી રીતે સરકારને પીએઓકે પર કબજો કરવા માટે આક્રમણ કરવા ગ્રીન સિગ્નલ આપવા જ કહેલું. મોદી સરકાર એ વખતે તો રાજકીય ઈચ્છાશક્તિ ના બતાવી શકી પણ કદાચ હજુ તેનામાં એ રાજકીય ઈચ્છાશક્તિ નથી આવી તેથી રાજનાથે પીઓકે સામેથી ભારતમાં ભળી જશે એવી વાતો કરવી પડે છે.

ભારતે આ વાતો છોડવી જોઈએ ને થોડીક મુત્સદીગીરી બતાવવી જોઈએ, થોડીક મર્દાનગી બતાવવી જોઈએ. બાકી પીઓકેનાં લોકો રસ્તા પર ઉતરી આવે ને પાકિસ્તાની લશ્કર કશું કર્યા વિના બેસી રહે, પીઓકે આપણા હાથમાં આવી જાય એ વાતમાં માલ નથી.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), બુધવાર, તા. ૨૭-૩-૨૦૨૪
સંત તુકારામ બીજ

- ભારતીય દિનાંક ૭, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર ચિત્રા સાંજે ક. ૧૬-૧૫ સુધી, પછી સ્વાતિ.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક.૧૩-૨૨,મધ્યરાત્રિ પછી ક.૦૧-૧૬(તા.૨૮)
- ઓટઃ સવારેક.૬-૫૨,રાત્રે ક.૧૯-૦૩

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન • શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - દ્વિતીયા. સંત તુકારામ બીજ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૫ (તા. ૨૭)

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન, ભૂમિ પૂજન-ખાત મુહૂર્ત, કળશ પ્રવેશ - વાસ્તુશાંતિ, શ્રી ગણેશ વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મંગળ-બુધ ગ્રહ દેવતાનું પૂજન, વિદ્યારંભ, પ્રથમ વારનાં નવાં વસ્ત્રો-નવાં આભૂષણ, નવા વાસણ, ઘરની સજાવટ કરવી. પશુ લે-વેચ, પ્રથમ વાહન, નૌકા, યંત્ર, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, નામકરણ, અન્નપ્રાશન, દેવ દર્શન, બીલીનું વૃક્ષ વાવવું. અન્ય વૃક્ષ વાવવા. આરોગ્ય જાળવણીનાં પ્રયત્નો કરવાં. મૌલિક રચનાત્મક કાર્યો કરવાં, કળા, કૌશલ્યની પ્રવૃત્તીઓ કરવી. સ્ટેજ નાટક, નૃત્યની પ્રવૃત્તિ કરવી. આધ્યાત્મ, યોગ-આસન-કસરતની પ્રવૃત્તિ, આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ કર્મઠ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર.

# વિપક્ષના નેતા બસીરુ હશે સેનેગલના આગામી રાષ્ટ્રપતિ, તાજેતરમાં જ જેલમાંથી થયા હતા મુક્ત

ડકાર (સેનેગલ)ઃ આફ્રિકન દેશ સેનેગલમાં ૪૪ વર્ષીય વિપક્ષી નેતા બસીરુ ડિયોમાયેએ રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી લીધી હતી. બસીરુને ચૂંટણીના થોડા દિવસ પહેલા જ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. સોમવારે ચૂંટણીમાં તેમની જીત બાદ તેમને દેશના આગામી રાષ્ટ્રપતિ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જો કે હજુ સત્તાવાર પરિણામો જાહેર થયા નથી.

બસીરુના નજીકના હરીફ અને ભૂતપૂર્વ વડા પ્રધાને પ્રારંભિક ચૂંટણી પરિણામો જાહેર થયા પછી તરત જ હાર સ્વીકારી લીધી હતી. જેમને વર્તમાન રાષ્ટ્રપતિ મૈકી સાલનું સમર્થન હતું. સાલે બસીરુને વિજેતા જાહેર કર્યા અને દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા બદલ અભિનંદન આપ્યા હતા.

પશ્ચિમ આફ્રિકાના દેશ સેનેગલમાં રવિવારે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થયું હતું. બસીરુએ ચૂંટણીમાં બેરોજગારી અને ખરાબ શાસનને મુદ્દો બનાવ્યો હતો. જેના કારણે તેમને યુવાનોનો સાથ મળ્યો હતો. રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા બાદ સોમવારે મોડી રાત્રે પોતાના પ્રથમ ભાષણમાં ભૂતપૂર્વ ટેક્સ ઇન્સ્પેક્ટર બસીરુએ દેશ માટે એક નવો અધ્યાય શરૂ કરવાનું વચન આપ્યું હતું.

ચૂંટણી પ્રચાર દરમિયાન આપેલા વચનોનો ફરીથી ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, હું નમ્રતા અને પારદર્શિતા સાથે શાસન કરવા અને તમામ સ્તરે ભ્રષ્ટાચાર સામે લડવાની પ્રતિજ્ઞા કરું છું. હું દેશની સંસ્થાઓના પુનઃનિર્માણ માટે મારી જાતને સંપૂર્ણપણે સમર્પિત કરવાનો સંકલ્પ કરું છું. બસીરુને સેનેગલના લોકપ્રિય વિપક્ષી નેતા ઓસ્માન સોનકોએ ટેકો આપ્યો હતો. તેમના ભાષણ દરમિયાન તેમણે દેશને આર્થિક પતનમાંથી બચાવવા માટે સરકારી કંપનીઓને પ્રોત્સાહન આપીને દેશના કુદરતી સંસાધનો પર નિયંત્રણ મેળવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

વર્તમાન રાષ્ટ્રપતિ સોલની રાજકીય માફીની જાહેરાત બાદ બસીરુ અને સોનકોને ૧૪ માર્ચના રોજ મુક્ત કરવામાં આવ્યા હતા જે રાજધાની મહિનાઓથી જેલમાં બંધ હતા.

# ઓડિશામાં હોળીની ઉજવણી બાદ આઠ જણ ડૂબી ગયા

ભુવનેશ્વર : ઓડિસાના પાંચ જિલ્લામાં હોળીની ઉજવણી કર્યા બાદ સ્નાન કરતી વખતે ઓછામાં ઓછા આઠ જણ ડૂબી ગયા હતા, એવી માહિતી પોલીસે આપી હતી. પોલીસે કહ્યું હતું કે ત્રણ વિદ્યાર્થી કટકમાં, બે જણ બાલાસોરમાં અને જગતસિંહપુર, ગંજામ તથા સમ્બાલપુર જિલ્લા દરેકમાં એક જણ ડૂબી ગયા હતા. સવારે હોળીની ઉજવણી બાદ આ બનાવો બન્યા હતા. મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. દરમિયાન કટકમાં ભોગડા ગામમાં બે જૂથો વચ્ચે અથડામણ થતાં અમુક લોકોને ઈજા પહોંચી હતી. (એજન્સી)

# પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં છ ચીની નાગરિકનાં મોત

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનના અશાંત ઉત્તર-પશ્ચિમી પ્રાંત ખૈબર-પખ્તુનખ્વામાં મંગળવારે વિસ્ફોટકોથી ભરેલું વાહન તેમની બસ સાથે અથડાતા ઓછામાં ઓછા છ ચીની નાગરિકના મોત થયા હતા.

ચીનાઓ દાસુ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હતા.

પ્રાંતના શાંગલા જિલ્લાના બિશામ વિસ્તારમાં બનેલી આ ઘટનામાં અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા જ્યારે ઇસ્લામાબાદથી કોહિસ્તાન તરફ જતી બસને વિરુદ્ધ દિશામાંથી આવતા વાહને ટક્કર મારી હતી.

હજુ સુધી કોઈ જૂથે હુમલાની જવાબદારી લીધી નથી.

ડોન.કોમના અહેવાલમાં જણાવાયું હતું કે બિશમ સ્ટેશન હાઉસ ઓફિસર (એસએચઓ) બખ્ત ઝહિરે જણાવ્યું હતું કે આ ઘટના ''આત્મઘાતી વિસ્ફોટ'' હતી અને સંબંધિત સત્તાવાળાઓ પુરાવા એકત્રિત કરી રહ્યા હતા.

સ્થળ પર સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી હતી અને મૃતદેહોને હૉસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા હતા.

એસએચઓએ કહ્યું કે, ''અમે તપાસ કરીશું કે આત્મઘાતી બોમ્બરનું વાહન ક્યાંથી અને કેવી રીતે આવ્યું અને કેવી રીતે વિસ્ફોટ થયો.''

જિયો ન્યૂઝે વરિષ્ઠ પોલીસ અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે બસમાં સવાર ઓછામાં ઓછા છ ચાઈનીઝ માર્યા ગયા હતા અને ઉમેર્યું હતું કે આત્મઘાતી હુમલામાં અન્ય કેટલાક મુસાફરો ઘાયલ થયા હતા. શાંગલા કોહિસ્તાનની નજીક છે, જ્યાં ૨૦૨૧માં થયેલા આતંકવાદી હુમલામાં નવ ચીની સહિત ૧૩ લોકો માર્યા ગયા હતા.

# મોદીએ ભાજપના બશીરહાટનાં મહિલા ઉમેદવારને 'શક્તિ સ્વરૂપા' ગણાવી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ભાજપનાં બશીરહાટ લોકસભા મતદારક્ષેત્રનાં ભાજપનાં ઉમેદવાર રેખા પાત્રા સાતે વાતચીત કરી હતી. રેખાએ પશ્ચિમ બંગાળના સંદેશખાલીની મહિલાઓની દુર્દશાને પ્રકાશમાં લાવી હતી. વડા પ્રધાને રેખાને 'શક્તિ સ્વરૂપા' કહી હતી એવી માહિતી નેતાઓએ આપી હતી. રેખાએ તૃણમૂલ કૉંગ્રસના સ્થાનિક બાહુબલી શાહજહાં શેખે કરેલા કથિત જુલમો સામે અવાજ ઉઠાવ્યો હતો. આ ગામ જે મતદારક્ષેત્રમાં આવે છે એ બશીરહાટમાંથી ભાજપે રેખાને ટિકિટ આપી છે. મોદીએ રેખા સાથે તેના પ્રચારની તૈયારી, મત મેળવવાની ઝુંબેશ વગેરે બાબતો પર વાતચીત કરી હતી. રેખાએ સંદેશખાલીની મહિલાઓની યાતના મોદીને વર્ણવી હતી. (એજન્સી)

# આચારસંહિતા ભંગના ગુના માટે એકસમાન કાર્યવાહી કરવાની ભાજપની ચૂંટણી પંચને વિનંતી

નવી દિલ્હીઃ લોકસભાની ચૂંટણી માટેનાં પડઘમ વાગી રહ્યા છે અને આખા દેશમાં અત્યારે પ્રચારનું વાવાઝોડું ફૂંકાયું છે ત્યારે ભાજપે આચારસંહિતાને મામલે અલગ અલગ રાજ્યોમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા અપનાવવામાં આવતાં અલગ અલગ માપદંડો સામે પોતાની નારાજગી વ્યક્ત કરતાં ચૂંટણી પંચને એવી વિનંતી કરી છે કે દેશના બધા જ રાજ્યોમાં આચારસંહિતા ભંગના ગુના માટે એકસમાન કાર્યવાહી કરવામાં આવે.

કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવ અને ભાજપના કેન્દ્રીય સામાન્ય સચિવ વિનોદ તાવડેનું પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચની આચારસંહિતા અંગેની સમિતિને મળ્યું હતું અને તેમણે અલગ અલગ રાજ્યોમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા અલગ અલગ માપદંડ અપનાવીને ભાજપ પ્રત્યે ભેદભાવ કરવામાં આવતો હોવાનું તેમના ધ્યાનમાં લાવી આપતાં પોતાની રજૂઆત કરી હતી. (પીટીઆઈ)

## પહેલા પાનાનું ચાલુ

### એશિયામાં અબજોપતિઓની

ઉમેરાયા છે. ચીનમાં સૌથી વધુ અબજોપતિ (૮૧૪) છે. આ પછી અમેરિકામાં ૮૦૦ છે. જોકે, ગયા વર્ષની સરખામણીમાં અમેરિકા અને ભારતમાં અનુક્રમે ૧૦૯ અને ૮૪ અબજપતિ ઉમેરાયા છે, જ્યારે ચીનના અબજોપતિની સંખ્યામાં ૧૫૫નો ઘટાડો થયો છે. ઈલોન મસ્કે ત્રીજી વખત સૌથી ધનિક વ્યક્તિનું બિરુદ જાળવી રાખ્યું છે. મુકેશ અંબાણીએ એશિયાના સૌથી ધનિક વ્યક્તિનું બિરુદ જાળવી રાખ્યું છે. ગૌતમ અદાણીએ તેમની સંપત્તિમાં ૬૨ ટકાના વધારા સાથે યાદીમાં ૧૫મું સ્થાન મેળવ્યું છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારતના ઉદય પાછળનું એક મુખ્ય પરિબળ તેનું મજબૂત આર્થિક પ્રદર્શન છે. અર્થતંત્રમાં આત્મવિશ્વાસ રેકોર્ડ સ્તરે વધી ગયો છે. રોકાણકારોના વિશ્વાસ દ્વારા સંચાલિત મજબૂત શેરબજારે સંપત્તિ સર્જન માટે અનુકૂળ વાતાવરણ સર્જ્યું છે. જ્યારે પરંપરાગત આર્થિક મહાસત્તા ચીનમાં તેની અબજોપતિઓની વસ્તીમાં ઘટાડો જોવા મળ્યો છે.

મુંબઇની વાત કરીએ તો મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, રાધાકિશન દામાણી, કુમાર મંગલમ બિરલા, દિલીપ સંઘવી જેવા ઘણા અબજોપતિઓ મુંબઈમાં રહે છે.

### અમેરિકાના બાલ્ટીમોરમાં

અંદાજે ૪૮ અંશ ફેરનહિટ (આશરે આઠ અંશ સેલ્સિયસ) હતું. જહાજ પુલ સાથે અથડાયું ત્યારે બ્રિજ પર એક ટ્રેક્ટર - ટ્રેલર ટ્રક સહિત અનેક વાહન હતા. આ નદીનો પ્રવાહ બાલ્ટીમોરના બંદર સુધી જાય છે. આ પુલનું નામ અમેરિકાના રાષ્ટ્રીય ગીત 'ધ સ્ટાર-સ્પૅન્ગલ્ડ બેનર'ના લેખક ફ્રાન્સિસ સ્કોટ કીના નામ પરથી પાડવામાં આવ્યું હતું.

મેરીલેન્ડના ગવર્નર વેસ મૂરે દુર્ઘટનાના સ્થળે કટોકટીની પરિસ્થિતિ જાહેર કરી હતી અને જણાવ્યું હતું કે અમે એફબીઆઇ અને અન્ય સરકારી એજન્સીઓની સાથે મળીને બચાવ અને રાહત કામગીરી કરી રહ્યા છીએ.

'દાલી' નામનું જે જહાજ પુલના થાંભલા સાથે રાતે અંદાજે દોઢ વાગ્યે અથડાયું હતું, તે જહાજનું માલિક સિનર્જી મરીન ગ્રૂપ છે. (એજન્સી)

### ગુજરાતના ગરબાને

ઉલ્લેખનિય છે કે યુનેસ્કોએ છ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ગરબાને આ સન્માનની જાહેરાત કરવામાં આવી હતી.

ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર જાહેર કરાયા તે બાબતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મિડિયા ટ્વિટર પર ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, ગુજરાતના ગરબાના સમાવેશ સાથે હવે દેશના ઉત્સવો, મેળાઓ, પરંપરાઓ, પ્રાદેશિક નૃત્યો મળીને કુલ ૧૫ સાંસ્કૃતિક વિરાસત યુનેસ્કોની અમૂર્ત ધરોહરની યાદીમાં સમાવિષ્ટ થઈ ચૂકી છે. તેમજ આદ્યશક્તિનાં પ્રખર ઉપાસક અને દેશનાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતનાં મુખ્ય પ્રધાન હતા. ત્યારથી જ રાજ્યની સાંસ્કૃતિઓ વિરાસતનોને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે.

તેમના માર્ગદર્શનમાં નવીન ઉપક્રમ તરીકે રાજ્યમાં શરૂ કરાયેલ વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ દ્વારા ગરબાને વિશ્વભરમાં વ્યાપક પ્રસિદ્ધિ મળી છે. અને નવરાત્રિ ઉત્સવ વિશ્વમાં સૌથી લાંબો ચાલનારો લોકોત્સવ તરીકે ખ્યાતિ પામ્યો છે. ગરબાને વૈશ્વિક સ્તરે યુનેસ્કો દ્વારા સન્માન મળ્યું એ વડા પ્રધાનના વિકાસ ભી, વિરાસત ભી ના ધ્યેયને સાકાર કરતી ગૌરવરૂપ ઘટના છે.

### પંજાબમાં ભાજપ

લોકોના ભલા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પંજાબના લોકો પહેલી જૂને મોટી સંખ્યામાં ભાજપને મત આપીને વધુ મજબૂત કરશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને જ્યારે એસએડી સાથે જોડાણની શક્યતા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું કે ''વાટાઘાટો ચાલુ છે. અમે ઈચ્છીએ છીએ કે તમામ પક્ષો સાથે આવે.'' એનાં લગભગ એક અઠવાડિયા પછી આ ફેરફાર આવ્યો છે.

### મેક્સિકોના

અને ઘરો સળગી ગયા હતા. ઓછામાં ઓછા પાંચ પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

ફાયર ફાઇટર્સ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. નોગેલ્સના રહેવાસી એલોન્દ્રા ચાવેઝે કહ્યું હતું કે પવનના કારણે આગ બેકાબૂ થઇ રહી છે. બધુ જ નષ્ટ પામ્યું છે.

### આપનું પીએમ આવાસના

દીધી છે. જ્યારે લોક કલ્યાણ માર્ગ મેટ્રો સ્ટેશન બંધ છે, ત્યારે આગળની સૂચના સુધી પટેલ ચોક અને કેન્દ્રીય સચિવાલય મેટ્રો સ્ટેશન પર પ્રવેશ અને બહાર નીકળવા પર પ્રતિબંધ છે.

આપના નેતા સોમનાથ ભારતી, દિલ્હી વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર રાખી બિરલા અને પંજાબના પ્રધાન હરજોત સિંહ બેન્સની પોલીસે અટકાયત કરી હતી.

રાયે દાવો કર્યો હતો કે તેમની પાર્ટીની મહિલા કાર્યકરોને ખેંચીને તેમની અટકાયત કરવામાં આવી હતી.

### ભાજપના ૫૭ કાર્યકરની

નેતાઓ અને કાર્યકરોની અટક કરાઇ હતી, તેમાં દિલ્હી ભાજપના પ્રમુખ વીરેન્દ્ર સચદેવનો પણ સમાવેશ થાય છે. ભાજપના સાંસદ મનોજ તિવારીએ જણાવ્યું હતું કે જેલમાંથી કોઇ સરકાર ચલાવી ન શકાય. સરકાર માત્ર બંધારણની જોગવાઇ મુજબ જ ચાલવી જોઇએ.

કેજરીવાલ હાલમાં એન્ફૉર્સમેન્ટ ડિરેક્ટરેટની જેલમાંથી જ દિલ્હીનો વહીવટ ચલાવી રહ્યા છે અને પોતાના પ્રધાનોને જરૂરી આદેશ આપી રહ્યા છે.

ભાજપના રાષ્ટ્રીય સચિવ મનજિન્દરસિંહ સિરસાએ જણાવ્યું હતું કે અમે દિલ્હીના ઉપરાજ્યપાલને આ પ્રકરણના સંબંધમાં ફરિયાદ કરી હતી અને કડક પગલાં લેવાની વિનંતિ કરી હતી. (એજન્સી)

### પાક નૌકાદળના

કે અમારી માજીદ બ્રિગેડે આ હુમલો કર્યો હતો. પાકિસ્તાનનું બલૂચિસ્તાન ઇરાન અને અફઘાનિસ્તાનની સરહદે આવેલું છે અને ત્યાં બળવાખોર પ્રવૃત્તિ ઘણાં સમયથી ચાલે છે. બલૂચ બળવાખોર જૂથે અગાઉ અહીંના ૬૦ અબજ ડૉલરના સીપીઇસી પ્રૉજેક્ટ પર હુમલો કર્યો હતો.

બલૂચિસ્તાન લિબરેશન આર્મીએ આક્ષેપ કર્યો હતો કે ચીન અને ઇસ્લામાબાદ આ વિસ્તારની ખનિજનો મોટા પાયે વેપાર કરી રહ્યા છે.

બલૂચિસ્તાન લિબરેશન આર્મીની માજીદ બ્રિગેડની રચના ૨૦૧૧માં કરાઇ હતી અને તે અનેક ગેરીલા હુમલા તેમ જ આત્મઘાતી હુમલા કરે છે. (એજન્સી)

### કૉંગ્રેસના છ

લાહૌલ અને સ્પીતિથી રવિ ઠાકુર, સુજાનપુરથી રાજીન્દર રાણા, બરસરથી ઈન્દર દત્ત લખનપાલ, ગાગ્રેટથી ચૈતન્ય શર્મા અને કુટલેહારથી દેવિન્દર કુમાર ભુટ્ટોને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે ગુજરાતમાં પાંચ બેઠકો, પશ્ચિમ બંગાળની બે બેઠકો અને કર્ણાટકની એક બેઠક ઉપરાંત સિક્કિમની નવ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે તેના ઉમેદવારોના નામ પણ જાહેર કર્યા છે.

### કૉંગ્રેસ છોડીને

અર્જુન મોઢવાડિયાને પોરબંદર બેઠક પરથી જ ભાજપે ચૂંટણી ઉમેદવાર જાહેર કર્યા છે. એવી જ રીતે માણાવદર બેઠક પરથી કૉંગ્રેસના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ રાજીનામું આપીને ભાજપનો કેસરિયો ઓઢ્યો હતો, જેમને આ જ બેઠક પરથી ભાજપે ઉમેદવાર બનાવ્યા છે. આ જ રીતે ખંભાત બેઠકના માજી કૉંગ્રેસી ધારાસભ્ય ચિરાગ પટેલ હવે ભાજપના ઉમેદવાર તરીકે પેટા ચૂંટણી લડશે, જ્યારે વીજાપુર બેઠક પરથી સી જે ચાવડા પણ ૨૦૨૨માં કૉંગ્રેસના ધારાસભ્યપદે ચૂંટાયા બાદ તાજેતરમાં રાજીનામું આપીને ભાજપમાં જોડાયા બાદ હવે આ બેઠકની પેટા ચૂંટણીમાં ચાવડા હાથને બદલે કમળના નામે માગશે. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારને હરાવીને અપક્ષ ઉમેદવાર તરીકે જીતેલા ભાજપના બળવખોર ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ તાજેતરમાં જ રાજીનામું આપીને ઘરવાપસી કરતા હવે તેમને પણ આ બેઠક પર ફરીથી પેટાચૂંટણી લડવા મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

બીજી તરફ, ચૂંટણીની જાહેરાત છતાં ગુજરાતમાં કૉંગ્રેસના ઉમેદવારોના નામ બાકી છે. કૉંગ્રેસનું કોકડું હજી સુધી ગૂંચવાયેલું છે. સૌરાષ્ટ્રની ત્રણ સહિત સાત બેઠક પર કોકડું ગૂંચવાયું છે. કૉંગ્રેસે ૭ બેઠક પર હજુ પણ ઉમેદવાર જાહેર કર્યા નથી. જેમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢમાં ઉમેદવાર જાહેર નથી કર્યા, તો વડોદરા અને અમદાવાદ પૂર્વમાં ઉમેદવારની જાહેરાત પણ બાકી છે. નવસારીમાં કૉંગ્રેસે ઉમેદવાર માટેની જાહેરાત બાકી છે. આ માટે કૉંગ્રેસની સીઈસી બેઠકમાં ઉમેદવારોના નામ પર મહોર લાગશે. ભાજપે પેટાચૂંટણીના ઉમેદવાર પણ જાહેર કરી દીધા છે. બીજી બાજુ કૉંગ્રેસના હજી કોઈ ઠેકાણા નથી દેખાતા.
















# માત્ર કાગળોને આધારે ઝૂંપડપટ્ટી પુનર્વસનની પાત્રતા નિશ્ચિત નહીં થાય

મુંબઈઃ ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના હેઠળ ઝૂંપડપટ્ટીના રહેવાસીઓની યોગ્યતા નક્કી કરવા માટે સત્તા દ્વારા શરૂ કરાયેલ સ્વચાલિત પ્રક્રિયા હવે તમામ સક્ષમ એજન્સીઓ માટે ફરજિયાત બનાવવામાં આવી છે. આથી માનવીય હસ્તક્ષેપ વિના યોગ્યતા નક્કી કરવામાં આવશે. ઓથોરિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સતીશ લોખંડેએ જણાવ્યું હતું કે અગાઉની જેમ છ થી આઠ મહિનાનો સમયગાળો લેવાને બદલે થોડા દિવસોમાં પાત્રતાની યાદી તૈયાર કરવામાં આવશે. આ પ્રક્રિયાનો ઉપયોગ ન કરનાર સક્ષમ અધિકારી સામે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ઝૂંપડપટ્ટીના રહેવાસીઓની લાયકાત નક્કી કરવા માટે મતદાર યાદી, વીજળી બિલ, આધાર કાર્ડ વગેરે જરૂરી હતા. જો કે, કેટલીકવાર આ દસ્તાવેજો લાયકાત નક્કી કરવા માટે બનાવટી સબમિટ કરવામાં આવ્યા હતા. સક્ષમ અધિકારીની યોગ્યતા નક્કી કરવા માટેનો દર પણ નક્કી કરવામાં આવ્યો હતો. જો આ દર આપવામાં આવે તો પાત્રતા યાદી પણ વધી રહી હતી. લોખંડેએ સાડા ત્રણ વર્ષ પહેલાં ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી, તેમણે એ સુનિશ્ચિત કરવાના પ્રયાસો શરૂ કર્યા હતા કે પાત્રતા ઝડપથી અને પારદર્શક રીતે નક્કી કરવામાં આવે. તેમના પ્રયાસો સફળ રહ્યા છે અને હવે એક ક્લિકથી ઝૂંપડપટ્ટીના રહેવાસીઓની યોગ્યતા નક્કી કરવામાં આવી રહી છે. આ માટેની જરૂરી માહિતી હવે મતદાર યાદી (ચૂંટણી પંચ), આધાર (યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા), વીજળી બિલ (અદાણી ઇલેક્ટ્રિસિટી, મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડ - એમએસઈબી, બોમ્બે ઇલેક્ટ્રિક સપ્લાય કંપની - બેસ્ટ) દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. લોખંડેએ એમ પણ કહ્યું કે આ ડેટા ઉપલબ્ધ હોવાથી માનવ હસ્તક્ષેપ વિના ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોની માહિતી તપાસવી સરળ બની ગઈ છે. એક વખત ઝૂંપડપટ્ટીના રહેવાસીને પુનર્વસન ફ્લેટ મળી જાય પછી તે આ યોજના હેઠળ ફરીથી ફ્લેટ મેળવી શકશે નહીં. પરંતુ પુનર્વસન ફ્લેટ મેળવનાર ઝૂંપડપટ્ટીવાસીઓને પુનર્વસન ફ્લેટનું વિતરણ કરવામાં આવ્યું છે કે કેમ તે તપાસવા માટે સત્તાધિકારી પાસે કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ નહોતી . હાઈકોર્ટે પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તાજેતરમાં, હાઇ કોર્ટે પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે સંબંધિત કાયદામાં ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનામાં ગેરકાયદેસર રીતે રહેતા લોકો સામે પગલાં લેવાની સત્તા નથી. જો કે, તેમણે એવો પણ દાવો કર્યો હતો કે પાત્રતાની યાદી આધાર કાર્ડ સાથે જોડાયેલ હોવાથી, જો ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનામાં એક વાર ઘર ખરીદવામાં આવે તો તે ફરીથી આ યોજના હેઠળ ખરીદી શકતો નથી.ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનામાં અત્યાર સુધીમાં કુલ ૨,૦૨૨ ઇરાદા પત્રો જારી કરવામાં આવ્યા છે. આ અંતર્ગત ૫, ૫૧ ,૨૧૦ પુનર્વસન ફ્લેટને મંજૂરી આપવામાં આવી છે અને અત્યાર સુધીમાં ૨,૫૪, ૬૧૧ ફ્લેટને રહેવા યોગ્ય પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. મુંબઈમાં ઝૂંપડપટ્ટીમાં રહેતી વસ્તી ૬૦થી ૬૫ લાખ ઘરોની વચ્ચે છે. તેમાંથી અત્યાર સુધીમાં માત્ર સાડા પાંચ લાખ ઝૂંપડપટ્ટીવાસીઓનું જ પુનર્વસન કરવામાં આવશે. ■

# એનડીએના કર્મચારી સાથે ₹ ૫૫ લાખની છેતરપિંડી

પુણેઃ શેર બજારમાં રોકાણ કરવાની લાલચ આપીને નેશનલ ડિફેન્સ એકેડમી (એનડીએ)માં કામ કરતાં એક યુવાન કર્મચારી સાથે રૂ. ૫૫.૨૨ લાખની છેતરપિંડી કરવાની ઘટનાનો ખુલાસો થયો હતો. પુણે શહેરમાં એનડીએમાં કામ કરતાં યુવાનને શેર બજારમાં ઇન્વેસ્ટ કરી રકમ બમણી કરી આપવાની લાલચ આપી લૂંટારાઓએ તેની સાથે છેતરપિંડી કરી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં આ યુવાને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. એનડીએ કર્મચારીની ફરિયાદ બાદ પોલીસે આગળની તપાસ શરૂ કરી અને આરોપી અને યુવાન વચ્ચે થયેલા બૅન્ક ટ્રાન્ઝેકશન અને મેસેજની પણ તપાસ કરવામાં આવી રહી છે.

આ સાઇબર ફ્રોડની ઘટના બાબતે એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે પુણેમાં રહેતા એક એનડીએ કર્મચારીને સોશિયલ મીડિયા પર મેસેજ મોકલી શેર બજારમાં વધુ રિટર્નની લાલચ આપવામાં આવી હતી. આ સાઇબર ક્રાઇમ કરનાર વ્યક્તિને યુવાને થોડી રકમ શેર બજારમાં ઇન્વેસ્ટ કરવા માટે માગી.

આ યુવાને રકમ મોકલતા સામેથી તેને આ રકમની બમણી રકમ લૂંટારાએ આપી હતી જેથી સામેની વ્યક્તિ પર યુવાનનો વિશ્વાસ મજબૂત બન્યો હતો અને પછી પીડિત યુવાને ધીરે ધીરે કરીને ૫૫.૨૨ લાખ જેટલી રકમ ઓનલાઇન વડે લૂંટારાના બૅન્ક એકાઉન્ટમાં જમા કરવી હતી. ■

# આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરીનો પર્દાફાશઃ બે એજન્ટની ધરપકડ

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરીનો પર્દાફાશ કરીને બે એજન્ટની ધરપકડ કરી હતી, જેમણે થાઇલેન્ડમાં ઊંચા પગારે નોકરી અપાવવાની લાલચ આપીને ૨૫ જેટલા ભારતીય યુવાનોને લાઓસ મોકલ્યા હતા, જ્યાં તેમને સાયબર ગુના આચરવા મજબૂર કરવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૮ના અધિકારીઓએ ધરપકડ કરેલા બંને એજન્ટની ઓળખ ગોડફ્રે થોમસ અલ્વારેસ (૩૯) અને જેરી ફિલિપ્સ જેકબ (૪૬) તરીકે થઇ હતી. આરોપી જેરી જેકબ આ રેકેટનો મુખ્ય સૂત્રધાર હોઇ પોલીસ હવે સની નામના એજન્ટની શોધ ચલાવી રહી છે. થાણેમાં રહેનારા સિદ્ધાર્થ યાદવે (૨૩) આ પ્રકરણે વિલે પાર્લે પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો દાખલ કરાયો હતો અને આ કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચને સોંપાઇ હતી.

સિદ્ધાર્થ યાદવ સહિત ચાર યુવકો આ રેકેટનો ભોગ બન્યા હતા અને બાદમાં સાઉથ ઇસ્ટ એશિયન દેશમાં ભારતીય રાજદૂતાવાસની મદદથી તેઓ લાઓસથી હેમખેમ ભારત પાછા આવી શક્યા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદમાં જણાવાયું હતું કે ડિસેમ્બર, ૨૦૨૨માં સારાં નાણાં કમાવાની આશાએ યાદવ થાઇલેન્ડ જવા નીકળ્યો હતો, પણ થાઇલેન્ડ બોર્ડર નજીક તેને લાઓસ લઇ જવામાં આવ્યો હતો, જ્યાં આરોપીઓએ યાદવ તેમ જ અન્ય બે ડઝન ભારતીય યુવાનોને કોલ સેન્ટરમાં કામ કરવાની ફરજ પાડીને નકલી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ થકી યુરોપ, યુએસ અને કેનેડાના નાગરિકોને છેતરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

કોલ સેન્ટર દ્વારા ખોટાં કારણો દર્શાવીને કર્મચારીઓ પાસે દંડ વસૂલવામાં આવતો હતો. યાદવ તથા અન્ય ત્રણ જણે ભારત પાછા ફરવા માટે લાઓસમાં ભારતીય રાજદૂતાવાસનો સંપર્ક કર્યો હોવાની જાણ થતાં આરોપીઓએ તેમની મારપીટ કરી હતી. જોકે રાજદૂતાવાસની મધ્યસ્થી બાદ પોલીસે તેમને ઉગારી લીધા હતા. કેટલાક યુવાનો ભારત પાછા ફરવામાં સફળ રહ્યા હતા, જ્યારે અમુક પાસેથી આરોપીઓએ પૈસા વસૂલીને તેમને ભારત પાછા જવા દીધા હતા. ■

# લોનાવલામાં દિવ્યાંગ વિદ્યાર્થિનીનું રેગિંગ

## રેગિંગ સહન ન થતાં આવ્યો બ્રેઇન સ્ટ્રોક

પુણેઃ લોનાવલામાં જાણીતી કોલેજમાં ભણતી દિવ્યાંગ વિદ્યાર્થિનીનું રેગિંગ કરવામાં આવ્યું હતું, જે સહન ન થતાં તેને બ્રેઇન સ્ટ્રોક આવ્યો હતો. વિદ્યાર્થિનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ પરિવારજનોએ આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.૧૯ વર્ષની પીડિતા અન્ય ત્રણ વિદ્યાર્થિની સાથે લોનાવલામાં હોસ્ટેલમાં રહે છે. ત્રણેય વિદ્યાર્થિની પીડિતાને ખૂબ ત્રાસ આપતી હતી. તેને ટોણા મારવામાં આવતા, તેને બાથરૂમમાં ગોંધી રાખવામાં આવતી અને ચાકુની ધાકે ધમકાવવામાં આવતી હતી, જેમાં તેને ઇજા પણ થઇ હતી. છેલ્લા બે-ત્રણ મહિનાથી આવું ચાલી રહ્યું હતું અને પીડિતાએ તેની જાણ પરિવારજનોને કરી હતી. પીડિતાના પિતાએ એક વિદ્યાર્થિનીના પિતાને ફોન કરીને જણાવ્યું હતું કે તમારી પુત્રી મારી પુત્રીનું રેગિંગ કરી રહી હતી, ત્યારે વિદ્યાર્થિનીના પિતાએ પોતે લશ્કરનો જવાન હોવાનું કહીંને પીડિતાના પિતાને ધમકાવ્યો હતો.પીડિતાએ કોલેજની પ્રિન્સિપાલને આ અંગે ફરિયાદ કરી ત્યારે તારી કારકિર્દી ખતમ થઇ જશે, એવું કહીંને તેને ફરિયાદ પાછી લેવાનું કહેવામાં આવ્યું હતું. પીડિતા ત્યાર બાદ ડિપ્રેશનમાં આવી ગઇ હતી અને તેને ૧૨ માર્ચે રાતે બ્રેઇન સ્ટ્રોક આવ્યો હતો, એવો આરોપી તેના પરિવારજનોએ કર્યો હતો. પીડિતાને પિંપરી-ચિંચવડ ખાતેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોઇ ત્યાં આઇસીયુમાં તેની સારવાર ચાલી રહી છે. ■

## મુલુંડમાં કમર્શિયલ કૉમ્પ્લેક્સમાં આગ

# ૪૦થી ૫૦ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડ (પશ્ચિમ)માં એલ.બી.એસ. માર્ગ પર આવેલા ગ્રાઉન્ડ પ્લસ છ માળના કર્મશિયલ કૉમ્પ્લેક્સના છઠ્ઠા માળા પર મંગળવારે સવારે અચાનક આગ ફાટી નીકળી હતી, જેમાં જુદા જુદા માળે ફસાઈ ગયેલા લગભગ ૪૦થી ૫૦ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી.ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ એલ.બી.એસ. માર્ગ પર એવિઓર કૉર્પોરેટ પાર્ક આવેલો છે. મંગળવારે સવારના લગભગ ૯.૨૬ વાગ્યાની આસપાસ છઠ્ઠા માળ પરથી અચાનક ધુમાડો નીકળવા માંડ્યો હતો. તપાસ કરતા જણાઈ આવ્યું હતું કે છઠ્ઠા માળા પર ૧,૦૦૦ સ્કવેર ફૂટ વિસ્તારમાં આવેલી ઓફિસમાં આગ ફાટી નીકળી છે. ક્ષણભરમાં આગમાં ઓફિસમાં રહેલા ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, એસી યુનિટ, લાકડાના ફર્નિચર, ઓફિસ રેકોર્ડ બળીને ખાખ થઈ ગયા હતા. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના ચાર ફાયર એન્જિન, ત્રણ વોટર જેટી, બે ટર્ન ટેબલ લેડર (સીડી), એક ક્વિક રિસ્પોન્સ વેહિકલ વગેરે સાથે પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડે આગ બુઝાવવાની સાથે જ બિલ્ડિંગમાં ફસાઈ ગયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. આગ લાગી એ સમયે બિલ્ડિંગમાં જુદા જુદા માળે આવેલી ઓફિસમાં ૪૦થી ૫૦ લોકો હતા. તમામ લોકોને બિલ્ડિંગના દાદરા તથા ટર્ન ટેબલ લેડરથી બહાર કાઢવામાં આવ્યા હતા. સદ્નસીબે આગની દુર્ઘટનામાં એક પણ જખમી થયો નહોતો.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ■

# દારૂના વ્યસનને લઇ થયેલા ઝઘડામાં પતિએ કરી પત્નીની હત્યા

પાલઘરઃ દારૂના વ્યસનને લઇ ઝઘડો થતાં પતિએ રોષે ભરાઇને પત્નીની હત્યા કરી હોવાની ઘટના પાલઘર જિલ્લામાં બની હતી. કાસા પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો નોંધી પતિની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મડગાવ ગામમાં રહેતા રઘ્યા ધાપસી (૩૮)એ સોમવારે રાતે તેની પત્ની ભારતી પર હુમલો કર્યો હતો, જેમાં તેનું મૃત્યુ થયું હતું.

રઘ્યાના દારૂના વ્યસનને લઇ પત્ની સાથે તેના વારંવાર ઝઘડા થતા હતા. સોમવારે રાતે પણ આ બાબતને લઇ દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. આથી ઉશ્કેરાયેલા રઘ્યાએ ભારતી પર લાઠીથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા ભારતીને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી. ભારતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ કાસા પોલીસે રઘ્યા વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)■

# થાણેમાં બ્રિજ રિપેર કરવાની સાઈટ પર ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે (પશ્ચિમ)માં રુસ્તમજી ફાયરબ્રિગેડ નજીક સાકેત બ્રિજના સમારકામ કરી રહેલા મજૂરો માટે તાત્પૂરતા સ્વરૂપના બાંધવામાં આવેલા પતરાના ગોડાઉનમાં સોમવારે મોડી રાતે ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.થાણે ડિઝાસ્ટરના જણાવ્યા મુજબ થાણેમાં મિરાન બેન્કવેટ્સ બિલ્ડિંગ બાજુમાં ફાયરબ્રિગેડ નજીક સાકેત બ્રિજનું સમારકામ ચાલી રહ્યું છે. સમારકામ કરી રહેલા મજૂરો માટે ખાનગી કંપનીએ ૩૧ બાય પાંચ ફૂટનું તાત્પૂરતા સ્વરૂપનું પતરાનું ગોડાઉન ઊભું કર્યું હતું. સોમવારે રાતના ૧૨.૧૦ વાગ્યાની આસપાસ અચાનક પતરાના ગોડાઉનમાં આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.કામગારો માટે ઊભા કરવામાં આવેલા શેડમાં કંપનીના ૨૫ કામગારો રહેતા હતા. તમામ કર્મચારીઓને હેમખેમ બહાર કાઢવામાં સફળતા મળી હતી. આ ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પૉલિમર કેમિકલ, ફાયબર બનાવવા માટે વાપરવામાં આવતું કેમિકલ, થિનર, ગ્રાઈન્ડર, બ્રેકર વગેરે સામાન સ્ટોક કરીને રાખવામાં આવ્યો હતો. રાતના લગભગ સવા એક વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.■

**પાટણ જૈન**



પાટણ ઝવેરીવાડાના,
હાલ મુંબઈ,
**ગં. સ્વ. રસિલાબેન સુરેન્દ્રકુમાર શાહ**
રવિવાર ૨૪ માર્ચના
અરિહંતશરણ થયા છે.
તેઓ વિનયકુમારના માતા,
અ.સૌ. સૂચેતાબેનના સાસુ,
ચિ. વરુણભાઈના દાદી
અને સમસ્ત શાહ પરિવાર
**લૌકિક વ્યવહાર, પ્રાર્થનાસભા બંધ છે.**

## વિરાર ટોલ નાકા નજીક ₹ ૫.૫૦ કરોડની લૂંટ

# આરોપીઓ પાસેથી ૪.૮૭ કરોડની રોકડ, બે કાર જપ્ત

મુંબઈઃ કાલબાદેવીના આંગડિયાની કારને મુંબઈ-અમદાવાદ હાઇવે પર વિરાર ટોલ નાકા નજીક આંતરીને રૂ. ૫.૫૦ કરોડની લૂંટ ચલાવનારી ટોળકીના ત્રણ સભ્યની ધરપકડ કરીને ક્રાઇમ બ્રાન્ચે ૪.૮૭ કરોડની રોકડ તથા બે કાર જપ્ત કરી હતી.

આ કેસમાં ક્રાઇમ બ્રાન્ચે માટુંગાના મુરગનંદન અભિમન્યુ (૪૬), કાંદિવલીના બાબુ મોડા સ્વામી (૪૮) અને સાયનના બાલાપ્રભુ શનમુગમ (૩૯)ની ગયા સપ્તાહે ધરપકડ કરી હતી. મુરગનંદન અભિમન્યુ વિરુદ્ધ ધારાવી પોલીસ સ્ટેશનમાં ૨૦૦૭માં હત્યાનો ગુનો નોંધાયો હતો અને આ કેસમાં તેને દોષી જાહેર કરાયો હતો. ગુજરાતના વેપારીના રૂ. ૫.૫૦ કરોડ લઇને ત્રણ કર્મચારી ૧૭ માર્ચે સુરતથી કારમાં મુંબઈ આવી રહ્યા હતા ત્યારે રાતે વિરાર ટોલ નાકા નજીક તેમની કારને આરોપીઓએ આંતરી હતી. અન્ય કારમાં આવેલા પાંચ આરોપીએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી અને તેમના આઇ કાર્ડ પણ બતાવ્યા હતા. એક કર્મચારીને પોતાની કારમાં બેસાડીને આરોપીઓ રોકડ સાથે ફરાર થયા હતા.■

# ડ્રગ્સ બનાવવાનું કારખાનું પકડાયું

સાંગલીઃ સાંગલીમાં કવઠેમહાંકાળ તાલુકાના ઇરળી ખાતે ખેતરમાં આવેલા ઘરમાં ડ્રગ્સ બનાવવાનું કારખાનું પકડાયું હતું.

મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે રવિવારે કાર્યવાહી કરીને ત્યાંથી રૂ. ૨૪૬ કરોડનું ૧૦૦ કિલો એમડી જપ્ત કર્યું હતું. ઇરળી ખાતે ડ્રગ્સ બનાવવાનું કારખાનું ચાલતું હોવાની માહિતી મુંબઈ ક્રાઇમ બ્રાન્ચને મળી હતી. આથી પોલીસ ટીમે રવિવારે ત્યાં રવાના થઇ હતી અને રાતના અહીંના એક ખેતરમાં આવેલા ઘરમાં છાપો માર્યો હતો. ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# છેલ્લા પાનાનું ચાલુ

## પ્રોપર્ટી ટેક્સ

વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવવાના છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં અપેક્ષિત પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવામાં પાલિકા નિષ્ફળ રહી છે. ૨૦૨૩-૨૪ના સુધારિત પ્રોપર્ટી ટેક્સના બિલ ફેબ્રુઆરી, ૨૦૨૪ના છેલ્લા અઠવાડિયામાં મોકલવામાં આવ્યા હતા. બિલ મોકલવામાં વિલંબ થયો હોવાથી ટેક્સ વસૂલી ઓછી થઈ હોવાનું કહેવામાં આવે છે. તેથી અપેક્ષિત કર વસૂલ કરવા માટે પાલિકાએ ડિફોલ્ટરોને નોટિસ મોકલવાથી લઈને તેમની મિલકત જપ્તિથી લઈને નિલામી કરવાની જાહેરાત કરી ચૂકી છે. એ સિવાય પાલિકાએ ટેક્સ ભરવા માટે જનજાગૃતિ પણ કરી હતી, તેને કારણે નાગરિકો મોટી સંખ્યામાં ટેક્સ ભરવા માટે આવી રહ્યા છે. તેથી પાલિકાએ શુક્રવારના ગુડફ્રાઈડેની સાર્વજનિક રજા અને ૩૦ અને ૩૧ માર્ચના સાપ્તાહિક રજા હોવા છતાં નાગરિકો પ્રોપર્ટી ટેક્સ ભરી શકે તે માટે નાગરી સુવિધા કેન્દ્ર ચાલુ રાખવાની છે.

## શિવતારેએ

ધમકી આપી રહ્યા છે. અજિત પવાર જૂથના અગ્રણી નેતા ઉમેશ પાટીલ મંગળવારે અત્યંત આક્રમક જોવા મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે વિજય શિવતારેને ચૂંટણી લડવી હોય તો લડી શકે છે, અમારે વિરોધ કરવાનું કોઈ કારણ નથી. જોકે, અમારા નેતા અજિત પવારે વીંછી કહેવું, તેમને ચપ્પલથી મારવાની વાત કરવી. તેમની સરખામણી વીંછીની સાથે કરવી. આટલા નિમ્ન સ્તર પર જઈને ટીકા કરવી. આ બધું સાંભળી લેવા જેટલા લાચાર અમે હજી થયા નથી. વિજય શિવતારે શિવસેનાના જ્યેષ્ઠ નેતા છે. મહાયુતીના ઘટક પક્ષના નેતા છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પોતે તેમને બોલાવીને સમજાવ્યા હતા. આમ છતાં તેઓ સમજવા માટે તૈયાર જ નથી.

એક તરફ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફરી ચૂંટી કાઢવાના છે એમ કહેવું અને બીજી તરફ મહાયુતીના ઘટક પક્ષના નેતાને માટે અવરોધ ઊભા કરવાનું કામ કરવાનું. અમારા નેતા વિરુદ્ધ આટલી હદે જઈને ટીકા ટિપ્પણીઓ કરવામાં આવતી હશે તો અમને મહાયુતીમાં રહેવું કે નહીં તેના પર ફેરવિચાર કરવો પડશે. અમે હજી એટલા લાચાર થયા નથી. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન પર આટલી હલકી ટિપ્પણીઓ અત્યંત ગંભીર બાબત છે.

## કંગના રણૌત

રહી છે, પરંતુ ગોવિંદા આની પહેલાં ઉત્તર મુંબઈ બેઠક પરથી કૉંગ્રેસ તરફથી લડ્યા હતા એટલે તેઓ વાયવ્ય મુંબઈમાં કેટલો પ્રભાવ દાખવી શકશે તેના પર શંકાનું વાતાવરણ છે. બીજું ગોવિંદાએ હજી સુધી પોતાની સહમતિ પણ દર્શાવી નથી એટલે શિંદે સેના અન્ય વિકલ્પ પર પણ વિચાર કરી રહી છે.

એક અંગ્રેજી દૈનિકમાં કરવામાં આવેલા દાવા મુજબ શિંદે સેનાએ એક મરાઠી અભિનેત્રીને વાયવ્ય મુંબઈથી મેદાનમાં ઉતારવાનું નક્કી કર્યું છે, જેમણે હિન્દી અને મરાઠી બંને ફિલ્મોમાં કામ કર્યું છે અને ખાસ્સી લોકપ્રિય છે. હવે આ સ્થિતિમાં વાયવ્ય મુંબઈની બેઠક જીતવામાં શિંદે સેના સફળ થાય છે કે નહીં તે તો આગામી સમય જ દર્શાવશે.

મુંબઈમાં ગોવિંદાના રૂપમાં જ્યારે પહેલી વખત સેલિબ્રિટી કેન્ડિડેટ મળ્યો ત્યારે તેને વિજય મળ્યો હતો, પરંતુ ઉર્મિલા માતોંડકર સેલિબ્રિટી તરીકે વિજય હાંસલ કરી શકી નહોતી. આમ હવે વાયવ્ય મુંબઈમાં કેવો જંગ ખેલાય છે તે જોવાનું રહેશે.

## ભાજપની ફોર્મ્યુલા

એકમાત્ર સંસદસભ્ય હોવા છતાં તેમણે આ બેઠક ઉપરાંત બારામતી, શિરૂર, સાતારા, ધારાશિવ અને પરભણીની બેઠક પર દાવો કર્યો છે.

બીજી તરફ એકનાથ શિંદેએ પોતાના વર્તમાન ૧૩ સંસદસભ્યોની સામે ઓછામાં ઓછી બે-ત્રણ બેઠકો વધારીને આપવાની માગણી કરી છે.

આ બધાની વચ્ચે મહાયુતિમાં મનસેની એન્ટ્રી થવાને કારણે કોકડું વધુ ગુંચવાયું છે. રાજ ઠાકરેએ દક્ષિણ મુંબઈ, શિર્ડી અને નાશિક એમ ત્રણ બેઠકોની માગણી કરી છે. આમાં પાછા શિરડી અને નાશિકમાં એકનાથ શિંદેના વર્તમાન સંસદસભ્યો હોવાથી તેઓ પણ દાવો છોડવા માગતા નથી. આથી જ રાજ ઠાકરેના સમાવેશ સામે શિંદે સેનાને વાંધો હોવાનું ભાજપના મોવડી મંડળને જણાવી દેવામાં આવ્યું હોવાનું કહેવાય છે.

અધુરામાં પુરું એકનાથ શિંદેના ગઢ મનાતા થાણે લોકસભા મતદારસંઘ પર ભાજપ પોતાનો ઉમેદવાર ઉતારવા માગે છે અને તેને કારણે પણ સહમતી સધાઈ રહી નથી. આ બધામાં હવે આ બધી સમસ્યાનું નિરાકરણ કેવી રીતે થશે તે જોવાનું રહેશે.

અહીં ઉલ્લેખનીય છે કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે એવો દાવો કર્યો છે કે ૨૮મી એપ્રિલ સુધીમાં બેઠકોની વહેંચણી ફાઈનલ કરી નાખવામાં આવશે.

## વિદર્ભમાં

પારો ૩૩.૩ ડિગ્રી જેટલો નોંધાયો હતો.

જોકે રાજ્યના મોટાભાગના જિલ્લામાં કાળઝાળ ગરમી પડી રહી છે. વિદર્ભ સહિત મધ્ય મહારાષ્ટ્રમાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. મંગળવારે વિદર્ભના અકોલામાં સતત બીજા દિવસે ઊંચું તાપમાન નોંધાયું હતું. દિવસ દરમિયાન અહીં તાપમાનનો પારો ૪૧.૫ ડિગ્રી જેટલો નોંધાયો હતો. તો વાશીમમાં ૪૧.૪ ડિગ્રી, વર્ધામાં ૪૦.૫ ડિગ્રી, અમરાવતીમાં ૪૦.૪ ડિગ્રી, બુલઢાણામાં ૪૦.૨ ડિગ્રી, બ્રહ્મપુરીમાં ૪૦.૧ ડિગ્રી અને નાગપુરમાં ૩૯.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યના મરાઠવાડ રિજનમાં પરભણીમાં તાપમાનનો પારો ૪૦.૮ ડિગ્રી, બીડમાં ૪૦.૩ ડિગ્રી, નાંદેડમાં ૩૯.૮ ડિગ્રી, ઔરંગાબાદમાં ૩૯.૫ ડિગ્રી, ઉસ્માનાબાદમાં ૩૯.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મધ્ય મહારાષ્ટ્રના સોલાપુરમાં ૪૧.૪ ડિગ્રી, માલેગાંવમાં ૪૧.૦ ડિગ્રી, જળગાંવ ૪૦.૮ ડિગ્રી, જેરુર ૪૦.૫ ડિગ્રી, સતારા ૩૮.૯ ડિગ્રી, સાંગલીમાં ૩૮.૭ ડિગ્રી, કોલ્હાપુરમાં ૩૮.૨ ડિગ્રી અને હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૩૩.૩ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું.

## રાજ્યમાં અલગ અલગ

જથ્થામાંથી પાણી લેવાનો વિકલ્પ અપનાવવામાં આવ્યો છે. રાજ્યના મોટાભાગના જિલ્લામાં પરિસ્થિતિ અત્યંત ગંભીર છે અને અનેક જળાશયો અને બંધના તળિયા દેખાવા માંડ્યા છે. ચોમાસાના આગમન બાદ પણ વરસાદ કેવો પડે છે અને જળાશયોમાં અને બંધમાં પાણીની આવક કેટલી થાય છે એ અત્યારથી નક્કી કરવું મુશ્કેલ છે. મુંબઈને પાણીપુરવઠો કરનારા જળાશયોમાં માત્ર ૩૧ ટકા પાણીનો જથ્થો છે, છતાં હાલ પાણીકાપ લાદવાની કોઈ યોજના ન હોવાની જાહેરાત મુંબઈ મહાનગરપાલિકાએ કરી છે.

મુંબઈ માટે હાલ જળાશયોમાં ઉપલબ્ધ રહેલો ૩૧ ટકા પાણીનો સ્ટોક છેલ્લા બે વર્ષની સરખામણીમાં અત્યંત ઓછો છે. ગયા મહિનામાં જ પાલિકા પ્રશાસને રાજ્ય સરકાર પાસેથી રિઝર્વ સ્ટોક વાપરવાની મંજૂરી આપી હતી, જેને રાજ્ય સરકારે મંજૂર કરી હતી અને પાલિકાને અપર વૈતરણા અને ભાતસા તળાવોમાંથી ૧.૯૮ લાખ મિલિયન લિટરના અનામત સ્ટોકનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી. આ અનામત સ્ટોકને કારણે પાણીનો જથ્થો ચોમાસાના આગમન સુધી શહેરની તરસ છીપાવવા માટે પૂરતો હોવાનો દાવો પાલિકાના અધિકારીએ કર્યો છે.

તાજેતરમાં જ પાલિકાના અધિકારીઓની એક બેઠક પાલિકા મુખ્યાલયમાં યોજાઈ હતી, જેમાં પાણીના સ્ટોકની સમીક્ષા કરવામાં આવી હતી. ૨૬ માર્ચ, ૨૦૨૪ સુધીમાં તમામ જળાશયોમાં કુલ ૪.૬૨ લાખ મિલિયન લિટર જેટલો પાણીનો સ્ટોક છે, જ્યારે ૨૦૨૩માં આ જ સમયે જળાશયોમાં ૫.૫૭ લાખ મિલિયન લિટર અને ૨૦૨૨માં ૬.૦૧ લાખ મિલિયન લિટર પાણીનો સ્ટોક હતો.

પાણીપુરવઠાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ છેલ્લા બે વર્ષ દરમિયાન પડેલા ઓછા વરસાદને કારણે અને જળાશયોમાં ઘટતા પાણીના સ્ટોકને ધ્યાનમાં રાખીને ૧૦ ટકા પાણીકાપ લાદવાની પાલિકાની યોજના હતી. હાલ જળાશયોમાં આગામી બે મહિના ચાલે એટલો પાણીનો સ્ટોક છે. જોકે રાજ્ય સરકાર તેના અનામત સ્ટોકમાંથી પાણી ઉપલબ્ધ કરાવવા માટે સહમત થઈ હતી, તેથી આ પાણી અમે જુલાઈ સુધી વાપરી શકશું. તેથી હાલ પાણીકાપ લાદવાની કોઈ આવશ્યકતા જણાતી નથી.

પાણીપુરવઠા વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈને અપર વૈતરણામાંથી ૯૨,૦૦૦ મિલિયન લિટર અને ભાતસામાંથી ૧.૦૬ લાખ મિલિયન લિટર જેટલો પાણીનો જથ્થો મળશે. ગયા વર્ષે પણ પાલિકાએ અપર વૈતરણામાંથી અનામત પાણીનો ઉપયોગ કર્યો હતો.

નોંધનીય છે કે ભાંડુપ ખાતે વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં જાળવણીનું કામ ચાલી રહ્યું છે, તેથી શહેરમાં ૧૫ માર્ચથી ૨૪ એપ્રિલ સુધી પાંચ ટકા પાણીકાપ લાદવામાં આવ્યો છે. મુંબઈને સાત જળાશયોમાંથી પ્રતિદિન ૩,૯૦૦ મિલિયન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. શહેરને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે પહેલી ઑક્ટોબરના સાતેય જળાશયોમાં ૧૪.૪૭ લાખ મિલિયન લિટર જેટલો પાણીનો સ્ટોક હોવો જરૂરી છે.

## કાર્યકર્તાઓ

લોકસભા બેઠકના વર્તમાન સાંસદ રક્ષા ખડસેને ઉમેદવારી જાહેર કરવામાં આવી ત્યારથી ભાજપના સ્થાનિક કાર્યકર્તાઓમાં નારાજી જોવા મળી રહી છે. રક્ષા ખડસે ભાજપમાંથી રાજીનામું આપીને શરદ પવારની એનસીપીમાં જોડાઈ ગયેલા પીઢ નેતા એકનાથ ખડસેના પુત્રવધુ છે. આ જ કારણસર ભાજપનો એક વર્ગ તેમનો વિરોધ કરી રહ્યો છે. જળગાંવમાં આયોજિત ભાજપની આંતરિક બેઠકમાં રાજ્યના પ્રધાન ગિરીશ મહાજનની સામે જ રક્ષા ખડસે અને ભાજપના પદાધિકારીઓમાં ભારે બોલાચાલી થઈ હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર પ્રકરણને અત્યાર સુધી દબાવવામાં આવતું હતું, પરંતુ હવે તેનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ ગયો છે.

ફડણવીસના સંકટમોચક તરીકેની ઉપમા ધરાવતા ગિરીશ મહાજનના ગૃહ જિલ્લામાં થઈ રહેલા આ ક્લેશને કારણે ભાજપની પ્રતિષ્ઠા ખરડાઈ રહી છે.

વાઈરલ થયેલા વીડિયોમાં એક પદાધિકારી રક્ષા ખડસેને પૂછી રહ્યો છે કે તમે એકનાથ ખડસેનું નામ લ્યો છો, તો ગિરીશ મહાજનનું નામ કેમ લેતા નથી? બોલાચાલી વધતાં પદાધિકારીઓએ મહાજનને એવી ફરિયાદ કરી હતી કે રક્ષા ખડસે શરદ પવારના જૂથના કાર્યકર્તાઓને કારમાં લઈને ફરતા હોય છે. તેમની કારમાં તુતારીના કાર્યકર્તાઓ હોય છે, એવો આરોપ પણ તેમણે કર્યો હતો.

નારાજ પદાધિકારીઓએ મહાજનની સામે જ રક્ષા ખડસેને આકરાં વેણ કહ્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે અમે મતદાન ભાજપને જ કરીશું, કમળ ૧૦૧ ટકા જીતીને આવશે, પરંતુ કાર્યકર્તાઓની અવગણના થઈ રહી છે. રક્ષા ખડસે ભાજપના કાર્યકર્તાઓને બદલે સુધાકર જાવળેને લઈને બેસે છે. અહીં અમે શું..... ભાઈની સામે જોરથી બોલવું નહીં... સોગંદ લઈને કહો કે ગાડીમાં ભાજપના કાર્યકર્તા હોય છે કે તુતારીના કાર્યકર્તા... એવા શબ્દો સાંભળવા મળતા હતા.

આ બધા વચ્ચે મહાજન કાર્યકર્તાઓને શાંત કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું જોવા મળતું હોવા છતાં આ વીડિયો વાઈરલ થતાં ભાજપમાં બધું સમુસૂતરું નથી એવો સંદેશ મતદારો સુધી પહોંચી રહ્યો છે.

## સરકારી કર્મચારીઓ

રાજ્યમાં ૧૯ એપ્રિલ, ૨૬ એપ્રિલ, ૭ મે, ૧૩ મે અને ૨૦ મે આમ પાંચ તબક્કામાં મતદાન થવાનું છે. તબક્કાવાર મતદાન દરમિયાન જે તે ક્ષેત્રમાં મતદાન થવાનું હશે એ વિસ્તારના સરકારી કર્મચારીઓને ભર પગારે રજા આપવામાં આવશે. મતદાનની ફરજ દરેક જણ યોગ્ય રીતે બજાવે એ માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રાજ્ય સરકારે બહાર પાડેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે.

આ આદેશ બધા જ ઉદ્યોગ સમૂહ, મહામંડળ, સરકારી સંસ્થા, સરકારી કંપનીઓ અને સરકારી ઔદ્યોગિક ઉપક્રમોને લાગુ થશે. જો કોઇ અત્યંત મહત્ત્વપૂર્ણ કારણોસર કર્મચારી કે અધિકારીને આખા દિવસની રજા ન આપી શકાય તો પણ મતદાનની ફરજ બજાવવા માટે તેમને અડધા દિવસની અથવા તો ઓછામાં ઓછા બે કલાકની રજા આપવામાં આવે, તેમ આદેશમાં જણાવવામાં આવ્યું છે.

આ માટે સંબંધિત જિલ્લાધિકારી અથવા તો ચૂંટણી અધિકારીની પરવાનગી લેવી જરૂરી હશે. સરકારી કર્મચારીઓને મતદાન કરવા માટે ઓછામાં ઓછા બે કલાકની પરવાનગી આપવામાં આવે તેની ખાતરી કરવામાં આવે તે ફરજિયાત હોવાનું આદેશમાં જણાવવામાં આવ્યું છે.

# જૈન મરણ

### શ્રી દિગંબર મુમુક્ષુ જૈન

ઘાટીલા નિવાસી, હાલ સોનગઢ મુંબઈ બાલબ્રહ્મચારી ઈન્દિરાબેન નવલચંદ લોદરીયા (ઉં. વ. ૮૮), તે સ્વ. જગદિશભાઈ લોદરીયા અને સ્વ. મધુબેન - પ્રવિણભાઈ શાહના મોટાબેન. સ્વ. હસુમતિબેન લોદરિયાના નણંદ. તે રાજીવ-સ્મિતા અને અમિષા-મેહુલ અજમેરાના ફઈબા. તે પ્રિયલ, રોનક જોધાવત, આયુષી, અભિષેક અને આદિત્યના મોટા ફઈબા. સોમવાર, ૨૫-૩-૨૪ના દેહપરિવર્તન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

વડીયા દેવડી નિવાસી હાલ વિરાર પિયુષભાઇ ઔતમચંદ દોશીના ધર્મપત્ની અ. સૌ. વિણાબેન (ઉં. વ. ૬૫) તે તા.૨૬-૩-૨૪ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે હેમકુંવર બા તથા ઔતમચંદ વિઠ્ઠલજી દોશીના પુત્રવધૂ. ગામ જાલાનું વડોદરા (હાલ માટુંગા) તે લક્ષ્મીબેન તથા વીરાભાઇ હમીરભાઇ લાડવાની સુપુત્રી. તે કાંજીભાઇ તથા શાંતાબેનના બેન. તે ચેતન, વિરેન, ક્રિષાના માતુશ્રી. તે દિક્ષીતા, નેહા, ચેતન પંચમીયાના સાસુ. તે આયુષ, દિશા, પર્વ, રિદ્ધિના દાદી. તે ફેનીલના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઝાલાવાડી શ્વે. મૂર્તિ. જૈન

સુરેન્દ્રનગર નિવાસી સ્વ. દલસુખલાલ વાડીલાલ દોશીના પત્ની શારદાબેન (ઉં. વ. ૯૨) મુનિ રત્નધ્વજ વિ. મ, સા. જ્ઞેયરત્નાશ્રીજી મ. હરિષ, પંકજ, દેવાંગીના માતા. શોભના, નીતા, મયુરકુમારના સાસુ. સ્વ. અમૃતલાલ, સ્વ. ઇન્દુલાલ, શશીકાંતભાઇ, સ્વ. રસિકભાઇ, સ્વ. લીલીબેન, સ્વ. સુભદ્રાબેન, સરોજબેનના ભાભી. બોટાદ નિવાસી વિરચંદ હેમચંદ દેસાઇના પુત્રી. સ્વ. રમેશભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. પુષ્પાબેન, સા. રાજીમતીશ્રીજી મ. સા. સન્મતિશ્રીજી મ. સા., સા. મુક્તિમતિશ્રીજી મ. સા. ના બેન. શનિવાર તા. ૨૩-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. બી-૧, ૩૦૨, સુરભી કોમ્પ્લેક્સ, એમ. જી. રોડ, ક્રોસ રોડ, નં.૧, કાંદિવલી (વે).

### દશા શ્રીમાળી જૈન

મોરબી નિવાસી સ્વ. અભયકાંતભાઇ અમૃતલાલ મહેતાના સુપુત્ર શૈલેશભાઇના ધર્મપત્ની અવનીબેન (ઉષા) (ઉં. વ. ૬૬) મંગળવાર, તા. ૨૬-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે શૈલેશભાઇના પત્ની. તે પંકજભાઇ, સ્વ. પ્રતિભાબેન, મીનાબેનના ભાભી. તે સ્વ. સૌભાગ્યચંદ વીઠલદાસ ગાંધી તથા વિમળાબેનના પુત્રી. ગીરીશ, દીપા (અરુણા), હિતેશ, રીટાબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### વાગડ વિ.ઓ.જૈન

ગામ આધોઈના સ્વ. મીણાબેન નિસર (ઉં. વ. ૮૨) શનિવાર, ૨૩-૩-૨૪ના અવસાન પામ્યા છે. સ્વ. દિવાળીબેન રતનશી પેથાના પુત્રવધૂ. સ્વ. વેલજીભાઈની ધર્મપત્ની. સ્વ. રસિક પ્રવિણ, ચેતન, ગં.સ્વ. જયશ્રી, ભારતીના માતુશ્રી. સ્વ. અરુણા, સંગીતા, નિકીતા, સ્વ. શાંતિલાલ દેઢિયા, અમરશીભાઈ છેડાના સાસુ. રવિ, ઋષભ, મીત, ક્રિશ, શ્રેય, ક્યાનના દાદી. સ્વ. વિશાબેન ભચુ લાલજી સત્રાની દીકરી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસસ્થાનઃ ૧૦૧, પેરેડાઈઝ, એલ.ટી.રોડ, ૬, એમ.જી.રોડ, ગોરેગાંવ વેસ્ટ.

### હરસોલ સત્તાવિસ જ્ઞાતિ જૈન

ગં.સ્વ. સરોજબેન રસિકલાલ શાહ (ઉં. વ. ૬૪) તે સ્વ. રસિકલાલ ભોગીલાલ શાહના ધર્મપત્ની, તે ભૂમિકા, વિરલ, જેમિનના માતા. ધવલકુમાર અંકિતાના સાસુ ૨૬-૩-૨૪ના અરિહંતશરણ થયા છે. તેમની પ્રાર્થનાસભા ૨૭-૩-૨૪, બુધવારે ૩થી ૫ દેવ વાટિકા હોલ, ભાયંદર (વેસ્ટ). પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે.

### ઝાલાવાડી દશાશ્રીમાળી દિગંબર જૈન

વિછીંયા નિવાસી હાલ મલાડ સ્વ. પાનાચંદ છગનલાલ ડગલીના પુત્ર સ્વ. જશવંતરાય ડગલી (ઉં. વ. ૮૪) ૨૬-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે મધુકાંતા ડગલીના પતિ. અશીતભાઈ, હેમાંશુ, રૂપાબેન, સોનલબેનના પિતા. પ્રીતિબેન, જિનંદાબેન, સંદિપભાઈ દોશી અને હેમીશભાઈ લાઠીયાના સસરા. તે મણિલાલ ભુદરભાઈ શાહના જમાઈ. સાગર-પૂજા, કવિશા-દિવ્યમ, શુચિ, દેવાંશી, કિયાંશ, શ્લોકા અને વેદના દાદા. તેમની પ્રાર્થનાસભા ૨૮-૩-૨૪ના ૧૦થી ૧૨. સ્થળઃ પી.ડી. ખખ્ખર બેન્કવેટ હોલ, અસ્પી ઓડિટોરિયમ, નૂતન સ્કૂલની બાજુમાં, માર્વે રોડ, મલાડ (વેસ્ટ).

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ભાવનગર નિવાસી હાલ બોરીવલી અ.સૌ.આરતીબેન સતિષભાઈ શેઠ (ઉં. વ. ૫૭) તા. ૨૫/૩/૨૪ના બોરીવલી મુકામે અરિહંતશરણ પામ્યા છે. તે ગં.સ્વ. જયાલક્ષ્મીબેન મનસુખલાલ શેઠના પૂત્રવધૂ. તે હર્ષ તથા ફોરમના માતુશ્રી. તે અ.સૌ.મૈથિલીના સાસુ. તે સ્વ. પારુલબેન જીતેન્દ્રકુમાર, પ્રજ્ઞાબેન જગદીપકુમાર, નીતાબેન મુકેશકુમાર, પરિતાબેન ભરતકુમાર, શીલાબેન સંજયકુમારના ભાભી. તે ગં. સ્વ રમીલાબેન બળવંતરાય દેસાઈના સુપુત્રી. તે દુષ્યંત દેસાઈ, અ.સૌ. દીપ્તિબેન જયેશકુમાર ખીમાણી, અ. સૌ. છાયાબેન જયેશકુમાર દોશી, અ.સૌ.મેઘનાબેન કેતનકુમાર શાહ, અ.સૌ. મનીષાબેન પ્રફુલકુમાર મડીયા તથા અ.સૌ. મીતાબેન દીપકકુમાર રૂપાણીના બેન. પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૨૮/૩/૨૪ના ૧૦ થી ૧૨. પાવનધામ, પાવનધામ માર્ગ, મહાવીર નગર, કાંદિવલી (પશ્ચિમ).

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

દાઠા નિવાસી હાલ મુલુંડ સ્વ. ચંપકલાલ કેશવલાલ દોશીના સુપુત્ર સ્વ.હિતેષ (ઉં. વ. ૫૧) તા. ૨૩-૩-૨૪ને શનિવારે અરિહંત શરણ પામેલ છે. તે મનીષાના પતિ. દિયા અને દિવ્યના પિતા. કમલેશના ભાઈ. રમણીકલાલ કેશવલાલ દોશીના ભત્રીજા. રશ્મિબેન પ્રકાશકુમાર શાહ, હર્ષાબેન વિજયકુમાર શાહ, દક્ષાબેન શરદકુમાર મણિયાર, ફાલ્ગુની આશિષકુમાર દીઓરાના ભાઈ. શ્વસુર પક્ષે સ્વ. ભૂપતરાય નગીનદાસ શાહ તે પ્રવિણભાઈ હરિલાલ સંઘવીના જમાઈ. તેમની સાદડી તા. ૨૮-૩-૨૪ ગુરુવારના ૪ થી ૬. ગોપુરમ હોલ નં.- ૨, જ્ઞાન સરિતા શાળાની બાજુમાં, ડૉ. આર.પી. માર્ગ, મુલુંડ (પ.).

### ઝાલાવાડી વિસા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન

વઢવાણ નીવાસી હાલ કાંદિવલી, સ્વ. સુરેખાબેન મનુભાઈ શાહના પુત્ર રોહિતભાઈ, (ઉં. વ. ૭૩) ૧૯/૩/૨૪ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે બીના (રૂપા)ના પતિ. નીલોમી, મિતીના પિતા. અમિતભાઈના સસુર. વર્ષાબહેન, સ્વ. પ્રદીપભાઈ, કિરીટભાઈના ભાઈ. સ્વ. કમળાબેન કુંદનલાલ શાહના જમાઈ, લૌકિક વહેવાર બંધ છે.

### ઘોઘારી વિશાશ્રી માળી જૈન

ખડસાલિયા નિવાસી હાલ કાંદિવલી સ્વર્ગવાસી નયનાબેન શાહ તથા ચંદ્રકાંત ચીમનલાલ શાહના સુપુત્ર કૌશલ (રોનક) (ઉં. વ. ૩૮) તા. ૨૦-૦૩-૨૪ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે ભાવિકાના પતિ. સાચીના પપ્પા. સુષ્માબેન સુરેશભાઈ શાહ, ગીતાબેન રાજેશભાઈ ટોલિયાના ભત્રીજા તથા પ્રણવ (રાહુલ)ના ભાઈ. મીનાબેન મિલનભાઈ શાહ (નગરશેઠ) પાટણવાલા હાલ ભાઈંદર નિવાસીના જમાઈ. લૌકિક વ્યાવહાર રાખેલ નથી.

### રાધનપુર તીર્થ જૈન

રાધનપુર નિવાસી હાલ માટુંગા ઉર્વશીબેન નવીનચંદ્ર શાહ (ઉં. વ. ૮૪), તે સ્વ. બચુભાઈ દલપતભાઈ પારીના દીકરી, સતીષભાઈ, પ્રદિપભાઈ, ભારતીબેન, મીનાક્ષીબેન અને પલ્લવીબેનના બેન. સંજયભાઈ તથા પ્રિતીબેનના માતુશ્રી. સ્નેહાબેન તથા સાંપ્રત મ્હાત્રેના સાસુ. પ્રિયાંક, પ્રિયા, રોહન તથા આકાશના દાદી તા. ૨૫-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

ચાંગડાઇના રતનબેન (વેલબાઇ) દામજી નાગડા (ઉં. વ. ૭૪) ૨૫-૩ના અવસાન પામેલ છે. પાનબાઇ ટોકરશી પાસુના પુત્રવધૂ. દામજીના પત્ની. નરેશ, કવિતા, દિવ્યા, નેહલ, મોન્ટુના માતા. કોટડી (મહા.) નેણબાઇ રતનશી શિવજીના પુત્રી. શાંતિલાલ, ભોજાય રાજબાઇ ખીમજી, જવેર દેવચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દામજી નાગડા, ૨૦૪, રામેશ્વર કૃપા, ફડકે રોડ, ડોંબીવલી (પૂ.).

નારાણપુરના મેઘજી વોરા (ઉં. વ. ૮૧) તા. ૨૫-૩ના અવસાન પામેલ છે. મા. જેતબાઇ કેશવજીના પુત્ર. જવેરબેનના પતિ. શીલા, પ્રીતી, ધિરેન, કવિતાના પિતા. ગાંગજી, વલ્લભજી, દેવચંદ, ડુમરા સ્વ. મુલબાઇ પ્રેમજીના ભાઇ. ઉનડોઠ પુરબાઇ રતનશીના જમાઇ. પ્રા.સ્થળ : જીરાવલ્લા પાર્શ્વનાથ મુ.શ્વે.જૈન સંઘ, દેરાસર લેન, ઘાટકોપર (ઇસ્ટ). સમય : ૩ થી ૪.૩૦. ચક્ષુદાન કરેલ છે.

ગુંદાલાના રતનબેન શાંતિલાલ ગાલા (ઉં.વ. ૭૯) તા. ૨૫.૩.૨૪ ના અવસાન પામ્યા છે. પાનબાઈ મોરારજી જેઠુભાઈના પુત્રવધૂ. શાંતિલાલ મોરારજીના ધર્મપત્ની. જયેશ, રાજેશ, સંજયના માતુશ્રી. ટોડા ખેતબાઈ ખીમજી માણેક સંગોઈના પુત્રી. રામજી, જયંત, ડો. ચંદ્રકાંત, લક્ષ્મીબેન, વિમળા, ડો. જયવંતીના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

નાગલપુરના સંઘમાતા પાનબાઈ દામજી વિસરીયા (ઉં.વ. ૯૩) તા. ૨૦-૩-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી ચાંપઈબાઈ કુરપારના પુત્રવધૂ. દામજીના પત્ની. પ્રફુલ, વસંત, રાજન, ગુણવંતી, સાકર, ભાનુ, વર્ષાના માતુશ્રી. નાગલપુર વેજબાઈ આણંદ સરવણના પુત્રી. શામજી, ભવાનજી, જયંતિલાલ, રતિલાલ, લાયજા કુંવરબાઈ હિરજી, કોડાય કસ્તુર ખીમજીના બેન. પ્રા. શ્રી મા. શ્વે. મૂ. જૈન સંઘની નારાયણજી શામજી વાડી, માટુંગા. ટા. ૩ થી ૪.૩૦.

સાભરાઇ હાલે પૂનાના અ.સૌ. મીના ગાલા (ઉં. વ. ૫૬) તા. ૨૨-૩-૨૪ના અવસાન પામેલ છે. જેતબાઈ મેઘજી મુરજીના દોહિત્રવધુ. સાકરબેન ગોવિંદજી ગાલાના પુત્રવધૂ. ઉમેશના પત્ની. શેરડીના નવલબેન જેઠાલાલ હરીયાની પુત્રી. દેવપુરના લીનાબેન જયંતીલાલ, ચીઆસરના હીના તરૂણ, લાખાપુરના અલ્પા હિમાંશુ, ફરાદીના નીલમ બીપીન, શેરડીના પદમના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઉમેશ ગાલા, ૩૦૨, પ્રથમેશ સમૃદ્ધિ, ૬૦, ટી.એમ.વી. કોલોની, મુકુંદ નગર, પૂના-૪૧૧૦૩૭.

બિદડા અડુલા ફરીયાના શૈલેષ રમણીકલાલ મારૂ (ઉં. વ. ૩૮) તા. ૨૨-૦૩ના કચ્છ બિદડામાં અવસાન પામેલ છે. રેખાબેન તથા વિમળાબેન રમણીકલાલના પુત્ર. જીનલના પતિ. બેબી રાહીના પિતા. જ્યોતિ, વિપુલ, જયેશના ભાઇ. મોખાના ઉષાબેન મોહનલાલ ખીમજી લાપસીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. સરનામુંઃ શૈલેષ રમણીકલાલ મારૂ (મારૂ સર્વિસ) અડુલો ફરીયો, બિદડા-૩૭૦૪૩૫.

દેવપુરના મેઘરાજ રાઘવજી વીરા (ઉં. વ. ૮૮) તા. ૨૩-૩-૨૪ના દેહપરિવર્તન કરેલ છે. દેવકાંબેન રાઘવજીના પુત્ર. કેસરબેનના પતિ. જયેશ, ભદ્રિક, ડો.નિલેશ, હીના, શીલાના પિતા. મણીલાલ, નવીન, ડો.ચંદ્રકાંત, વલ્લભજી, કસ્તુરબેન (લક્ષ્મીબેન), મંજુલાબેનના ભાઈ. ધનબાઈ રતનશીના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા ૨ થી ૩.૩૦. દેહદાન કરેલ છે.

મોટા આસંબિયા હાલે મલાડના રમેશ ખીમજી સાવલા (ઉં. વ. ૭૪) તા. ૨૪-૩-૨૪ના દેહપરિવર્તન કરેલ છે. વિજયાના પતિ. હીરબાઈ ખીમજીના પુત્ર. સ્વ પુરબાઈ મગનલાલ, સ્વ. વલ્લભજી, જવેરી, પ્રવીણ, નગીન, મેરાવાના સરલા રમણિકના ભાઈ. દિવ્યા કેતુલ, આરતીના પિતાશ્રી. પુનડીના હીરબાઇ વીરજીના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ત્વચાદાન કરેલ છે. નિવાસ : રમેશ ખીમજી સાવલા, ૬૦૩, સિધ્ધી એપાર્ટમેન્ટ, ભંડાર વાડા, કે.જી.મિત્તલ કોલેજની સામે, મલાડ (વે).

# પારસી મરણ

મેરવાન દારબ ઝૈનાબાદી તે ફ્રેની મેરવાન ઝૈનાબાદીના ધણી. તે મરહુમો હોમાય અને પેરીન દારબ ઝૈનાબાદીના દીકરા. તે ફરહાના જીમી શ્રોફ, રશના ફીનહસ ઝવેરી તથા પોરસના બાવાજી. તે જીમી, ફીનહસ અને ફરાહના સસરાજી. તે બાનુ, થ્રીતી, અદી, નરગીસ તથા મરહુમો પરવીજ અને રૂસ્તમના ભાઇ. તે કાલ, રીહા અને જેનાના મમાવાજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ફ્લેટ નં.૭, ૨જે માળે, ભાયખલા ચેમ્બર્સ, ડો. બાબા સાહેબ આંબેડકર રોડ, ભાયખલા, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૩-૨૪ બપોરે ૩.૪૫ વાગે હોડીવાલા બંગલીમાં છેજી.

બાનુ ફિરોજ ઇરાની તે મરહુમ ફિરોજ ઇરાનીના ધણિયાની. તે મરહુમ ખોદામુરાદના દીકરી. તે મીથરા શેહેજાદ કલનતરી અને મીનાજ ફરોખ કાતરકના માતાજી. તે શેહેજાદ બેહેરામ કલનતરી તથા મરહુમ ફરોખ કાતરકના સાસુજી. તે મરહુમો મોહીનબાનુ, મોરવરીદ અને રૂસ્તમના બહેન. તે બેહજાદ અને દેલશાદના મમઇજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. રૂમ નં.૭, પટેલ બિલ્ડિંગ, કામારોડ, અંધેરી બસ ડેપોની સામે, અંધેરી (પ), અંધેરી રેલવે સ્ટેશન, મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૩-૨૪ના બપોરે ૩.૪૫ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

### દુબઈ

દારા કુંવરજી રજવાડેવાલા (ઉં.વ. ૭૦) સોમવાર, તા. ૨૫-૩-૨૪ના રોજે દુબઈમાં ગુજરી ગયા છે. તે મરહુમ શેરામાય તથા મરહુમ કુંવરજી રજવાડેવાલાના દીકરા. તે અફરોસ અને પરસીના બાવાજી. તે વિરા, ગુલશન, શિરાઝ અને મરહુમ ઝરીનના ભાઈ. તે ફરનાઝ તથા નતાશાના સસરાજી. રેહાનના બપાવાજી. ઉઠમણાંની ક્રિયા બુધવાર, તા. ૨૭-૩-૨૪ના રોજે બપોરે ૩.૪૫. માલેસર બેહદીન અંજુમન આદરીયાન, નવસારીમાં છેજી.

### વલસાડ

રુસી પીરોજશાહ ગાર્ડ (ઉં. વ. ૭૬) તા. ૨૦-૩-૨૪એ ગુજરી ગયા છે. તે મરહુમ હોમાઇના હસબન્ડ. મરહુમ પીરોજશાહ અને મરહુમ શેરબાનુ ગાર્ડના દીકરા. મરહુમ સોરાબજી અને મરહુમ પરબાનુ સંજાણના જમાઇ. ફરઝીન ખુશરુ કડવા, હવોવી અને સરોશના ફાધર ખુશરુ કડવાના સસરા.

# હિન્દુ મરણ

ગામ ઉદવાડા (મોટા પુલ્રા)ના કાંદિવલી સ્વ. દિનેશ દયારામ પંચાલ (ઉં. વ. ૭૭) તા. ૨૨/૩/૨૪ને શુક્રવાર શ્રીજીચરણ પામ્યા છે. તે ગં. સ્વ.ભારતીબેનના પતિદેવ. તે સ્વ. ધનસુખભાઈ, સ્વ. પ્રમોદભાઈ, સ્વ. રંજનબેન અને મહેન્દ્રભાઈના ભાઈ. તે રાજીવભાઈ, નેહાબેનના પિતાશ્રી. તે રાધિકાના સાસરા. તેઓ પદ્મનાભ, મધુસૂદનના દાદાજી. તે જિનીના નાના. તેમની પ્રાર્થનાસભા તા : ૨૮/૩/૨૪ને ગુરૂવાર ૦૪.૩૦ થી ૬.૩૦ વાગ્યે, શ્રીજી બૈંકવિટ, બી - ૧લે માળે, સરકારી ઔદ્યોગિક વસાહત, પ્લોટ. નં. ૯૭, કાંદિવલી ( પશ્ચિમ ), ચારકોપ, લૌકિક તેમજ અન્ય વ્યવહાર બંધ છે.

### સારસ્વત બ્રાહ્મણ

મૂળ ગામ જામખંભાળિયા હાલ મલાડ ભુપેન્દ્ર સાતા (જોશી) (ઉં. વ. ૫૧) તે ૨૨/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ગં. સ્વ. ગૌરીબેન ભાનુશંકર સાતાના પુત્ર. પ્રતિભાબેનના પતિ. લીલાબેન જયંતીલાલ ત્રિવેદીના જમાઈ. સ્વ. કિરીટભાઈ, ગં. સ્વ. વનિતાબેન તથા શિલ્પા સમીરકુમારના ભાઈ. માનસી, અદિતિ, નિમેષના પિતા. યશ કુમારના સસરા.

### સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ

ખેડાવાડા નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. વિનોદીની પાઠક (ઉં. વ. ૮૫) તે સ્વ. રતીલાલ શિવલાલ પાઠકના ધર્મપત્ની. તે સ્વ. નાનાલાલા દુ. ઠાકરની પુત્રી. તે વિજયભાઇ, સંજયભાઇ, મિતાંજલીબેન અને કેતનભાઇના માતુશ્રી. તે પ્રિતીબેન, વંદનાબેન, જગતકુમાર અને સેજલના સાસુ. તા. ૨૫-૩-૨૪ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

### નથુ તુલસી ઔદીચ્ય બ્રહ્મ સમાજ

મૂળ જામ દુધઇ નિવાસી, હાલ થાણા સ્વ. વસંતરાય મગનલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. કાંતાબેન મહેતા (ઉં. વ. ૮૦) તે દિલીપભાઇ, ચંદ્રેશભાઇ, સ્વ. હિતેશભાઇ તથા આશાબેનના માતુશ્રી. પૂનમ, જીજ્ઞા, પૂજા, જીતેશકુમાર લાભશંકરભાઇ વ્યાસના સાસુ. સિદ્ધાંત, જય, અંકિતા તથા ઇશાના દાદી. ભાવિન તથા કૈરવીના નાનીમા. સ્વ. ઉમિયાશંકર લક્ષ્મીશંકર મહેતાના દીકરી તા. ૨૨-૩-૨૪ને શુક્રવારના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૮-૩-૨૪, ૪થી ૬. ઠે. શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ ધામ (જૈન દેરાસર), ૧લે માળે, ઘોડબંદર રોડ, કાસરવડવલી, થાણે (વેસ્ટ).

### હાલાઇ લોહાણા

મૂળ ગામ પડધરી, હાલ કાંદિવલી ગં. સ્વ. મંજુલાબેન લલિતભાઇ .આહ્યા (ઉં. વ. ૮૨) તે દેવાંગ, વૈશાલી જયેશકુમાર દોશીના માતુશ્રી. સૌ. નિશાબેનના સાસુ. ચિ. પૂરવના દાદી. તે સ્વ. વલ્લભદાસ ઉનડકટના સુપુત્રી. તે પરેશ, નલીનભાઇ આહ્યા, સુનીલ કિશોરભાઇ આહ્યાના કાકી. તા. ૨૫-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### સારસ્વત બ્રાહ્મણ

કચ્છ ગામ જખૌ હાલ મુલુંડ અરવિંદ સોનપાર (ઉં.વ.૭૪) તે સ્વ. કાશીબાઇ હરિરામ શિવજી સોનપરના સુપુત્ર. તે અરુણાબેનના પતિ. તે જીજ્ઞા પંકજકુમાર રાડિયા, નિલેશ, અમિતના પિતાશ્રી. તે ગં.સ્વ. ભગવતીબેન ભાણજી રાડિયા (નારાયણ સરોવર)ના જમાઇ. તે સ્વ. અશોક ભાણજી રાડિયાના બનેવી. તે નીતા, નિલેશ, શિલ્પા, અમિતના સસરા. તે તા. ૨૫-૩-૨૪ના રામચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૩-૨૪ના સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ) ગ્રાઉન્ડ ફ્લોરમાં ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા સોરઠિયા વણિક

ઊંટવડ નિવાસી હાલ ખારઘર વિજયાબેન તથા સ્વ. ચંદુલાલ કાનજી ધોળકીયાના પુત્ર ભરત (ઉં. વ.૭૧)તે મધુબેનના પતિ. રવિ, તેજસ પ્રવિણ પારેખના પિતા. સ્વ. ભાઇલાલભાઇ ધાબળીયાના જમાઇ. ભદ્રેશ, જયેશ, તુષાર અને માલા કોટીયનના મોટાભાઇ. ગુરૂવાર તા. ૨૧-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા સોરઠિયા વણીક

ખોરાસાવાળા સ્વ. સુશીલાબેન નારણદાસ ત્રિભોવનદાસ શેઠના સુપુત્ર રમેશ શેઠ (ઉં. વ. ૭૧) મુંબઈ (ફોર્ટ) ૨૩-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રતિમાના પતિ. સ્વ. અરવિંદ, સ્વ. કિરીટ, ગીતા મહેશ સાંગાણી, ગં.સ્વ. મીના કૌશિક માલવિયાના ભાઈ. સ્વ. દામોદરદાસ મુલચંદ ઝવેરીના જમાઈ. કર્ણ તથા કુંજના પિતાશ્રી. ગં.સ્વ. મીના અરવિંદ શેઠના દિયર. તેઓની પ્રાર્થનાસભા ૨૮-૩-૨૪ના ગુરુવારના ૪.૩૦થી ૬.૩૦ યશવંતરાવ ચવ્હાણ સેન્ટર, ૭/૮, જનરલ જગન્નાથ ભોંસલે રોડ, નરીમન પોઈંટ, મુંબઈ-૨૧.

### લુહાર સુથાર

ગામ ધોકડવાવાળા, હાલ ઘોડબંદર થાણા. સ્વ. જમનાબેન જસાભાઈ કરસનભાઈ પરમારના નાના દીકરા રસીકભાઈ પરમાર (ઉં. વ. ૬૧) ૨૪-૩-૨૪, રવિવારના સતલોક ચરણ પામ્યા છે. તેઓ શીલાબેનના પતિ. ધવલભાઈ, વિશાલભાઈ અને ભાવિષાબેન પ્રિયેશકુમારના પિતા. સ્વ. વશરામભાઈ, સ્વ. ઓધવજીભાઈ, રતિલાલભાઈ, સ્વ. જગદિશભાઈ, સ્વ. કાશીબેન છગનભાઈ, ગં.સ્વ. મંજુલાબેન મનસુખભાઈ, હંસાબેન બકુલભાઈના નાનાભાઈ. ગામ ચલાલાવાળા ગં.સ્વ. મંજુલાબેન મોહનભાઈ સિદ્ધપુરાના જમાઈ. તેઓ દિશાબેન અને ધારાબેનના સસરા. તેમની પ્રાર્થનાસભા ગુરુવારના ૨૮-૩-૨૪, ૫થી ૭, સ્થળ શ્રી લુહાર સુથાર જ્ઞાતિ વેલ્ફેર સેંટર, દત્ત પાડા રોડ, બોરીવલી ઈસ્ટ.

### નવગામ ભાટીયા

ગોંડલ નિવાસી હાલ વડોદરા જોયેશ મુકુંદભાઇ સંપટ (ઉં. વ. ૫૬) તા. ૨૨-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મુકુંદભાઇ તથા ગં. સ્વ. જ્યોતિબેનના પુત્ર. તે પારૂલબેનના પતિ. તે આયુષ અને એકલવ્યના પિતા. તે પ્રિતીબેનના ભાઇ.

### બ્રહ્મક્ષત્રિય

મુલુંડવાસી અ. સૌ. રજની પેટીગરા. તે પ્રદીપ પેટીગરાના પત્ની. સીમા, ચિત્રા અને દિવ્યાના મમ્મી. ઇશાન, શાન, કબીર, પ્રીતના નાનીમા. સંદીપ અને મુકેશના સાસુમા શનિવાર માર્ચ ૨૩, ૨૦૨૪ના (ઉં. વ. ૭૭) શ્રીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી ભાટીયા (અંજારીયા)

ગં. સ્વ. બીના બાબુસિંહ આશર (કુસુમ) (ઉં.વ.૭૯) તે આણંદજી જમનાદાસ આશરના પુત્રવધૂ. જમનાબાઇ પ્રેમજી (ક્લીક્ટવાળા)ના પુત્રી. મુકેશના મમ્મી. અ. સૌ. સોનુના સાસુમા. મોહિત અને જીલના દાદી. અ. સૌ. મેઘાના દાદી સાસુ. તા.૨૪-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ખંભાત દશા મોઢ અડાલજા વણિક

ખંભાત નિવાસી હાલ મુંબઇ નવીનચંદ્ર શાહ (ઉં.વ. ૭૭) તે સ્વ. રતિલાલભાઇ અને સ્વ. લીલાવતીબેન શાહના પુત્ર. મીનાબેનના પતિ. પીંકી (જલ્પા) અંક્તિના પિતા. ધારાના સસરા. સ્વ. જયાબેન શાંતિલાલ પરીખ, સ્વ. મંજુલાબેન શ્યામલાલ ભરૂચી, હંસાબેન દિવ્યાકાન્ત પરીખ, ધરમદાસ રતિલાલ શાહ, પ્રદ્યુમન રતિલાલ શાહ, અંજનાબેન સુરેશકુમાર શાહના ભાઇ. સ્વ. મુળજીભાઇ અને કલાવતીબેન પરીખના જમાઇ તા. ૨૧-૩-૨૪ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૩-૨૪ના ગુરુવારે ૫થી ૭. ઠે. મુંબઇ પાટીદાર સમાજ, મફતલાલ બાગ, ૬, ફ્રેન્ચ બ્રિજ, મુંબઇ-૪૦૦૦૦૭.

### વિસનગરા નાગર બ્રાહ્મણ

પાનસર નિવાસી, હાલ મુંબઇ, ગં. સ્વ. કોકીલા રમેશ રાવલ (ઉં.વ. ૮૪), રમેશ ઉમિયાશંકર રાવલના પત્ની. રેશ્મા, રાજુલના માતુશ્રી, રાજેશ, મઝહરના સાસુ. શફીક, પૃથવના નાની તા. ૨૬/૩/૨૪ના રોજ હાટકેશ શરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી દશા દિશાવળ વણિક

કોળીયાક નિવાસી હાલ વિલેપાર્લે કપિલ કાનાણી (ઉં. વ. ૬૬) તે સ્વ. અરવિંદાબેન તથા સ્વ. યશવંતરાય અમૃતલાલ કાનાણીના સુપુત્ર. રાજલબેનના પતિ. હમીર, હદયાના પિતાશ્રી. કાલિંદી તથા અંકિત અગ્રવાલના સસરાજી. અંજનીબેન, પંકજભાઇ, સ્વ. પિંકીના મોટાભાઇ. ગં. સ્વ. કાંતાબેન મનહરલાલ પટેલના જમાઇ શનિવાર, તા. ૨૩-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા.૨૮-૩-૨૪ના ૫થી ૭. ઠે. વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ કંપાઉન્ડ, વિલેપાર્લા (પ.)

### કપોળ

અમરેલીવાળા હાલ અમદાવાદ મનમોહનદાસ (મનુભાઈ) મગનલાલ સંઘવી (ઉં. વ. ૯૦) તે સ્વ. જયશ્રીબેનના પતિ. નિમિષભાઈ, હેમાંગભાઈના પિતા. વંદનાબેન-બંસીબેનના સસરા. મેઘ-તિથી, હેમ-નિશા, જય-પ્રિતુ, ક્રિષ્નાના દાદા. સ્વ. ભવાનીદાસ, સ્વ. અનંતરાયના નાનાભાઈ. સ્વસૂરપક્ષે કુંઢડાવાળા સ્વ. અમૃતલાલ ધરમશી ભુતાના જમાઈ ૨૧-૩-૨૪, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે.

### સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ

લુણકી નિવાસી, હાલ વસઈ (મુંબઈ) ચૈતન્ય (ઉં. વ. ૬૨) ૨૪-૩-૨૪ના સ્વર્ગવાસી થયેલ છે. તે ગં.સ્વ. હંસાબેન સ્વ. લલીત ચન્દ્ર દવેના પુત્ર. પ્રિતીબેનના પતિ. પ્રણવના પિતા. કાજલના સસરા. પલ્લવીબેન, હિમાંશુ (ગોપી)ભાઈના ભાઈ. પાયલના જેઠ, શિવના દાદુ. લૌકિક પ્રથા બંધ છે.

### હાલાઇ લોહાણા

મૂળ ગામ પડધરી નિવાસી હાલ મલાડ ગં. સ્વ. વનીતાબેન તથા સ્વ. ચીમનલાલ પરષોત્તમદાસ રાજદેવના પુત્ર દીપકભાઈ રાજદેવ (ઉં. વ. ૬૪) તે ૨૬/૩/૨૪ના અક્ષરધામ પામેલ છે. તે પદમાબેનના પતિ. ચાર્મીના પિતા. કિશોરભાઈ, રાજેશભાઈ (બાબો), હરદીપભાઈ (તેજસ)ના ભાઈ. મિલનકુમાર અરુણભાઈ પરમારના સસરા. તે સાસરાપક્ષે બાલાગામવાળા હાલ મુંબઈ સ્વ. મંજુલાબેન તથા સ્વ. જયંતીલાલ ગીરધરલાલ રૂપારેલિયાના જમાઈ. પ્રાર્થનાસભા તા.૨૮/૩/૨૪ ના ૪ થી ૬. લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકરમંદિર પાસે, એસ વી રોડ કાંદિવલી વેસ્ટ.

### અનાવિલ બ્રાહ્મણ

ગામ ડુંગરી, હાલ બોરીવલી નિવાસી અ. સૌ. શ્રીમતી ચંપાબેન દેસાઈ (ઉં. વ. ૬૭) સોમવાર, તા. ૨૫.૦૩.૨૪ના દેવલોક પામ્યા છે. તે નટવરલાલ ખંડુભાઈ દેસાઈના ધર્મપત્ની. રૂપેશ, રાજેનના માતુશ્રી. ભક્તિ, કીર્તિના સાસુમા. હિરવિતા, બાની, હીયાના દાદીમા. તે સ્વ. ઝીણાભાઈ જગનજી દેસાઈ તથા કમુબેન ઝીણાભાઈ દેસાઈના પુત્રી. ધનસુખભાઈ, કૃષ્ણકાંત (ક્રાનજીભાઇ), શૈલેષભાઇ ઝીણાભાઈ દેસાઈ તથા મોંઘીબેન હરેશકુમાર દેસાઈના બેન. પ્રાર્થના સભા ગુરૂવાર તા ૨૮-૦૩-૨૪નાં ૪:૦૦ થી ૬:૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ.એલ.ટી રોડ, બોરીવલી(વેસ્ટ), (ડાયમંડ ટોકીઝની સામે).

### કપોળ

શિહોરવાલા હાલ મલાડ (સ્વ.કનૈયાલાલ ભવાનીદાસ દોશીના ધર્મપત્ની ગં.સ્વ. મંગલાબેન (ઉં. વ. ૯૪) તા.૨૬.૩.૨૪ને મંગળવાર શ્રીજીચરણ પામ્યા છે. જેઓ જીતુ ભાઈ (જીતેન્દ્ર), જયેશ, હર્ષા હસમુખરાય મહેતા, ઈલા જીતેન્દ્ર કુમાર મહેતાના માતુશ્રી. અ.સૌ. સીમા તથા અ. સૌ.નીતાના સાસુ. તથા પીનલ, પંક્તિ, અ.સૌ. વૈશાલી પારિતોષ કાણકિયાના દાદી. અમિત, વિશાલ, અનુજ, રોહનના નાનીમા. તે મોટા આંકડિયાવાળા સ્વ. કાંતિલાલ કુરજી ભુવાના બહેન. તેમની પ્રાર્થના સભા ગુરૂવાર તા.૨૮.૩.૨૪ના, ૫ થી ૭ વાગ્યે કપોળ બેન્કવેટ હોલ, રામચંદ્ર લેન એક્સટેન્શન (કાંચપાડા) મલાડ વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

### સુરતી દશા શ્રીમાળી વણિક

સ્વ. શોભનાબેન હર્ષદકાંત હિરાલાલ મપારાના પુત્ર ભરતભાઈ મપારા, (ઉં. વ. ૭૮) તે મંદાકિની (સ્વાતિ)ના પતિ. શ્રેયા, કશ્યપના પિતા. વિરલભાઈના સસરા. મધુભાઈ, સ્વ. વિજયભાઈ, શિરીષભાઈ, ગીરીષભાઈ, જયશ્રી સુરેશભાઈ ગુજરાતી, સ્વ.મીનળબેન વિજયભાઈ ગુજરાતીના ભાઇ. ગં. સ્વ. નિર્મળાબેન સુંદરલાલ ચોકસીના જમાઈ ૨૫-૩-૨૪ના સોમવારના કાંદિવલી વેસ્ટ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી બ્રહ્મક્ષત્રિય

રાજાવાઢા હરસુખરાય દામજી (ઉં. વ. ૮૨) તે સ્વ. મૂક્તાબેન દામજી રાજાવાઢા ગામ મોટી મઉના પુત્ર. તે કાંતાબેનના પતિ. તે સ્વ. શામજીભાઈ સનિશ્ચરા નલિયાવાળાના જમાઈ તા. ૨૪.૩.૨૪ ને રવિવારના રામશરણ પામેલ છે. તે હિતેશ, નીતા ધર્મેશ, ઇલા ભાવેશ લીલાની, સુનિતા નીતિન મચ્છર, અલ્કા પરાગ મહેતાના પિતાશ્રી. તે ધર્મેશ મચ્છર, સ્વ. ભાવેશ લીલાની, નીતિન મચ્છર, પરાગ મહેતા, દક્ષા હિતેશના સસરા. તે સ્વ. કાંતિલાલ, ધીરજલાલ, હિંમતલાલ અને સ્વ ઉર્મિલાબેન પરમાનંદ દુબળના ભાઈ. તેમની પ્રાર્થના સભા તા.૨૭.૩.૨૪ ને બુધવારના પાંજીવાડી, કાંજુરમાર્ગ ઈસ્ટ, ૪.૦૦ થી ૫.૦૦.

### પાંચ ગામ વિશા ઝારોળા વણિક

ધિણોજ નિવાસી, હાલ કાંદિવલી ગં. સ્વ. રમીલાબેન ગાંધી (ઉં. વ. ૭૯) શનિવાર, તા ૨૩મી માર્ચ ૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિપીનચંદ્ર ચંદુલાલ ગાંધીના ધર્મપત્ની. કુણઘેર નિવાસી સ્વ. વાડીલાલ દલસુખભાઈ શાહના સુપુત્રી. તે સોનલ, જીજ્ઞેશ તથા સ્વ મુકુલના માતુશ્રી. તે ભરતકુમાર, રીટા અને સારિકાના સાસુ. શિવમ, શ્રીજા અને દેવેશીના દાદી. ઝરણા અને રાહુલના નાની. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮મી માર્ચ ૨૪, ૫ થી ૭. હાલાઈ લોહાણા બાલાશ્રમ, મંગુબાઈ દત્તાણી માર્ગ, અતુલ ટાવર પાસે, કાંદિવલી.

### કપોળ

દેલવાડાવાળા હાલ નેરલ નિવાસી સ્વ. સવિતાબેન પ્રાણલાલ ગોરડિયાના પુત્ર પ્રવિણચંદ્ર (ઉં. વ. ૮૦) તા. ૨૫-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે આરતીબેનના પતિ. હિતેષ અને હર્ષલના પિતાશ્રી. નીપા અને સેલ્વીના સસરા. આશીકા, સ્વ. સુશીલાબેન મહેન્દ્રભાઈ સંઘવી, ગં. સ્વ. સરોજબેન મૃદુલભાઈ સંઘવી, સ્વ. કિશોરભાઈ, સ્વ. કિરણભાઈના મોટા ભાઈ. શ્વસુરપક્ષે મહુવાવાળા પ્રવિણચંદ્ર હરિલાલ સંઘવીના જમાઈ. તેમની સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૩-૨૦૨૪ ગુરૂવારના ૫ થી ૭. લૌકિક પ્રથા બંધ છે. સ્થળ- ફૂટવાળા કલ્ચરલ સેન્ટર, પ્લોટ નં-૬, સેક્ટર- ૫, નેરૂલ-ઈસ્ટ, રિલાયન્સ ફ્રેશની બાજુમાં, નવી મુંબઈ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ૨૭ માર્ચ



# વિશ્વ રંગભૂમિ દિવસ

## ગુજરાતી રંગભૂમિની ગઈકાલ, આજ અને આવતીકાલ



રક્ષા દેસાઈ feedback@bombaysamachar.com

## યુવાવર્ગને આકર્ષે એવા નાટક લખવા જોઈએ

આજે ‘વિશ્વ રંગભૂમિ દિવસ’ નિમિત્તે રંગભૂમિને કેન્દ્રમાં રાખી ‘મુંબઈ સમાચાર’ ટીમે જે આવકારદાયક પ્રયાસ કર્યો છે એ માટે એને હાર્દિક અભિનંદન ....

આ અવસરે,રંગભૂમિ સાથે સંકળાયેલી સુમધુર અને સોનેરી સ્મૃતિઓ ઢંઢોળી પ્રિય વાચકો-દર્શકો સમક્ષ રજૂ કરવાની તક મળી એનો હરખ છે.

મેં નાટકમાં કામ કરવાનું શરૂ કર્યું જગદીશ શાહના ‘સોહાગણ’ (૧૯૬૨ - ૬૩) નાટકથી. હું ભૂલતી ન હોઉં તો વિશ્વરંગભૂમિ દિવસની ઉજવણી પણ ૧૯૬૨થીજ શરૂ થઈ હતી. જો કે, પપ્પા (પ્રફુલ દેસાઈ, રંગભૂમિના સિદ્ધહસ્ત લેખક-ગીતકાર-દિગ્દર્શક)ને નાટ્ય પ્રવૃત્તિ સાથે ઘરોબો હોવાથી અમારા માટે તો જાણે દર રોજ રંગભૂમિ દિવસ હતો એમ કહી શકાય.

મારી શરૂઆત નવી રંગભૂમિથી થઈ. જૂની રંગભૂમિ માટે મેં પહેલું નાટક કર્યું શ્રી દેશી નાટક સમાજનું ‘સંપત્તિ’ માટે ૧૯૬૮માં રંગભૂમિનો એ સુવર્ણકાળ હતો. જાણતા નહીં હોય એ લોકો અચંબો પામી જશે કે આડા વારમાં જૂનાં નાટકો થાય અને શનિ - રવિ નવાં નાટકો ભજવાય. અને હા, એક પણ સંસ્થા માટે સોલ્ડ આઉટ શો નહીં. થિયેટર પરથી ટિકિટ વેચાણથી નાટકો હાઉસફુલ થતા. જૂની રંગભૂમિનાં નાટકોમાં અભિનય - સંગીતની જુગલબંધીને કારણે કલાકારની પ્રતિભા વિકસતી અને પ્રેક્ષકોને બહુવિધ લાભ થતો. એક નાટક (નામ યાદ નથી)માં ‘માનવીના મનસૂબાના મૂલ કોડી કોડી’ ગીત રડીને મારે ગાવાનું હતું, પણ એમાંય વન્સમોર મળતો. બીજા પણ કેટલાક ઉદાહરણ છે...

જૂની રંગભૂમિમાં મારા સહિત અનેક કલાકારોને ઘણું શીખવા મળ્યું. અવાજની ક્લેરિટી, માઈક વગર સંવાદ અને ગીત છેલ્લી હરોળમાં બેઠેલા પ્રેક્ષકને પણ બરાબર સંભળાય એ રીતે બોલવાની આવડત વગેરે તાલીમ મળી. એકંદરે કથા અને ગીત - સંગીતનું નાટ્ય બંધારણ પ્રેક્ષકોને બે વાત શીખવી આનંદ પણ કરાવતું. ‘પૈસો બોલે છે’માં છપ્પા (છ પદ - ચરણ કે પંક્તિઓની રચના) બોલવાની બધા કલાકારને બહુ મજા આવતી હતી. છપ્પા પ્રેક્ષકોને એ હદે પ્રિય હતા કે કલાકાર એના છેલ્લા શબ્દો બોલે જ નહીં, પ્રેક્ષકો કોરસમાં બોલે ને ગજબના હરખાય. આવું બોન્ડિંગ હતું નાટક અને પ્રેક્ષક વચ્ચે.

હવે એ પ્રેક્ષક નથી રહ્યા. જૂની રંગભૂમિનાં નાટકોમાં સમાજ કેવો હોવો જોઈએ એ દર્શાવવામાં આવતું જ્યારે નવી રંગભૂમિમાં સમાજ કેવો છે એની રજૂઆત રહેતી.

એવાં ઘણાં નાટક છે જે હું આજે પણ નથી ભૂલી. કેટલાંક એવાં છે જેમાં મેં કામ કર્યું હોય અને એવા પણ અમુક છે જેમાં મેં કામ ન કર્યું હોવા છતાં મને એ જોવા બહુ જ ગમ્યા છે. જૂની રંગભૂમિના બધાં જ નાટકો મને વહાલાં છેઃ ‘સંપત્તિ’, ‘પૈસો બોલે છે’, ‘વિમળ જ્યોતિ’, ‘ગર્ભશ્રીમંત’ જ્યારે નવી રંગભૂમિના ‘કુંવર વહેલા રે પધારો’ અને ‘ચૌરંગી’ યાદગાર નાટકો છે. ‘ચૌરંગી’માં ૧૫ મિનિટનોએક સીન હતો ,જેમાં હું ફક્ત ફોન પર બોલું છું પણ વિવિધ છટાઓ સાથે. એમાં હું હસબન્ડ જોડે ઝઘડું છું, થોડી રોમેન્ટિક આપ- લે પણ થાય છે. દીકરી જોડે પણ વાત કરું છું. અભિનેત્રી માટે, દિગ્દર્શક માટે અને લેખક માટે એક પડકાર હતો કે આવાં દ્રશ્ય પ્રેક્ષકને જકડી રાખે, એને કંટાળો ન આવવો જોઈએ. આ પ્રકારની ચીવટ અનેક નાટક બનાવતી વખતે રાખવામાં આવતી અને એટલે જ પ્રેક્ષકો એ જોવા હોંશે હોંશે આવતા હતા.

આજે ઓફબીટ સબ્જેક્ટ નાટકોમાં ઓછા નજરે પડે છે એવી એક ફરિયાદ છે.સાવ અલગ પ્રકારના વિષયો પર નાટક લખવાનાપ્રયત્નો ૫૫ વર્ષ પહેલાં પણ થતા હતા. આજે પણ લખાય છે. સુંદર રીતે ભજવાય છે. ‘કોડ મંત્ર,’ ‘સફરજન’

(જુઓ પાનું ૯) ▶▶



લીલી પટેલ feedback@bombaysamachar.com

## નાટકમાં જાતને શોધવાની કોશિશ કરતો દર્શક

આજે વિશ્વ રંગભૂમિ દિવસ. રંગદેવતાને પ્રણામ...

રંગભૂમિની ગઈકાલની વાત કરું તો મેં જૂની રંગભૂમિનાં નાટકો કર્યાં જ નથી. ૧૯૬૦માં હું અમદાવાદથી મુંબઈ આવી. પહેલા આઠ વર્ષ તો હું શાસ્ત્રીય નૃત્ય શીખતી રહી, કારણ કે ફિલ્મોમાં કામ કરવાના અભરખા હતા. એ સમયમાં કુશળ નૃત્યાંગના અભિનેત્રી બની શકે (વૈજ્યંતીમાલા, પદ્મિની વગેરે) એવી માન્યતા હતી. ઘણા વર્ષ નૃત્યની તાલીમ લીધા પછી ૧૯૬૭માં મેં પહેલું નાટક કર્યું ‘કોઈનું મીંઢળ કોઈના હાથે.’ જો કે, આ નાટક જૂની રંગભૂમિનું નહોતું કહેવાયું અને નવી રંગભૂમિનું પણ નહોતું કહેવાયું. કારણ એવું હતું કે જૂની રંગભૂમિમાં પડદા પર અલગ વાર્તા હોય અને એ સમયે ઓટોમેટીક સેટિંગની વ્યવસ્થા નહોતી એટલે જ્યારે સેટ બદલવાનો હોય ત્યારે વાર લાગતી. એટલે પાછળ બીજી વાત ચાલે, જેમકે ‘કોઈનું મીંઢળ કોઈના હાથે’માં પાછળ વણઝારા વાવની વાત ચાલતી અને આગળ ગંગા ગોરાણીની વાત ચાલે. આગળ જે ભાગ ભજવાતો હોય એમાં વધારે ગીત હોય, જેને વન્સમોર મળે. જૂની રંગભૂમિનાં નાટકોમાં જે કથા રહેતી એમાં સમાજને જ્ઞાન આપવા સાથે ગમ્મત કરાવે એવી રહેતી. કોઈ વાત સમજાવી જનતાની આંખ ઉઘાડવાનો ઉદ્દેશ રહેતો. વાત એમ હતી કે એ જમાનામાં જનતા વધુ શિક્ષિત નહોતી. એટલે સીધું ને સટ વાત કરીએ તો એમને તરત સમજાઈ જતી.

ભવાઈમાં અમે એવું જ કરતાઃ કજોડાનો વેશ, ચમત્કાર ત્યાં નમસ્કાર વગેરે. એ વખતે માઈક જેવી કોઈ વ્યવસ્થા પણ નહોતી એટલે સંવાદ બોલતી વખતે કે ગીત ગાતી વખતે અવાજ બુલંદ રહેતો. જૂની રંગભૂમિમાં તો નાટક કંપનીઓ ચાલતી હતી. ગામડે ગામડે ફરી એ લોકો નાટકો કરતા હતા. જૂની રંગભૂમિનાં નાટકોમાં વાર્તા એક એકથી ચડિયાતી રહેતી. નાટક જોતી વખતે દર્શક પોતાની જાતને નાટકના કોઈ પાત્ર સાથે કે પોતાના જીવનને નાટકની કથા સાથે સરખાવી જોતો. પોતાનું પ્રતિબિંબ શોધતો, જેમકે કોઈ નાટકમાં નાયકની વીતકકથા જોઈ ‘મેં મારા છોકરાને ન પરણાવ્યો એટલે આવું થયું - તેવું થયું’ એવું આશ્વાસન મેળવતો. ટૂંકમાં નાટકની વાર્તા સાથે પ્રેક્ષક પોતાના જીવનને જોડી દેતો. રંગભૂમિનું આ સૌથી મોટું યોગદાન હતું.

પરિવર્તન એ જગતનો નિયમ છે. સમય બદલાય એમ માણસના વિચાર બદલાય અને સામાજિક પરિવર્તન આવે એ સ્વાભાવિક છે. નાટક હોય કે ફિલ્મ, એમાં જે તે સમયમાં આવેલા બદલાવ તો નજરે પડ્યા વિના ન રહે. મારી શરૂઆત ‘કોઈનું મીંઢળ કોઈના હાથે’ નાટકથી થઈ અને પછી હું નવી રંગભૂમિમાં ગોઠવાઈ ગઈ. નવી રંગભૂમિમાં ઘણા બદલાવ નજરે પડ્યા. સેટિંગ્સ બદલાયા અને ખાસ તો આગળનો પડદો અને પાછળનો પડદો એ પદ્ધતિની એક્ઝિટ થઈ ગઈ. એક જ સ્ટોરી સળંગ ચાલે એવાં નાટકો થવાં લાગ્યાં. એ સમયની નાટકોની કથાની ગુણવત્તા બહુ ઊંચી રહેતી. ‘જીગર અને અમી’, ‘ઘૂંઘટ’, ‘વેલીને આવ્યા ફૂલ’, ‘ધન્ય સૌરાષ્ટ્ર ધરણી’ વગેરે નાટકોની કથા પર પ્રેક્ષકો ઓવારી જતા હતા. એ સિવાય ઐતિહાસિક નાટકો પણ ભજવાતાં. છત્રપતિ શિવાજી મહારાજ કે પછી જાડેજાઓની વાર્તા પરથી નાટક તૈયાર થતાં હતાં. પુસ્તક નહીં વાંચતા વર્ગને આવાં નાટકો જોવાથી રાજાઓના, યોદ્ધાઓના જીવન વિશે જાણવા મળતું અને એમનાં જીવનમાંથી પ્રેરણા મળતી તો ક્યારેક એમાંથી કોઈ વાત જીવનમાં ઉતારવાની કોશિશ કરતા.

આજે તો રંગભૂમિનું કલેવર ધરમૂળથી બદલાઈ ગયું હોય એવું લાગે છે. આપણે આ લોકમાં નહીં પણ પરલોકમાં - વિદેશમાં વસતા હોઈએ એવું ક્યારેક લાગે છે. નાટકમાંથી ગીત -સંગીતની તો લગભગ બાદબાકી થઈ ગઈ છે અને વાર્તા પણ ઘણી આધુનિક બની ગઈ છે. અમારા સમયમાં આર્ટિસ્ટને પૈસાનો બહુ મોહ નહોતો. કામ મળે- કદર થાય- નામ મળે તો એ રાજી રાજી થઈ જતો. આજે પરિસ્થિતિ સમૂળગી બદલાઈ ગઈ છે. ગઈ કાલના નાટકની વાર્તા અને એની રજૂઆતમાં અને આજે જે ભજવાય છે એમાં આસમાન - જમીન જેવો તફાવત નજરે પડે છે. અગાઉ નાટકની સ્ક્રિપ્ટનું વજન સૌથી વધારે હતું. એક એક સંવાદ મહત્ત્વ ધરાવતો અને પ્રેક્ષકોને સ્પર્શી જતો એટલે જ પહેલી સીટથી છેલ્લી સીટ સુધી એને તાળીઓથી વધાવી લેવામાં આવતા. સંવાદ કઈ રીતે બોલવો, કયા શબ્દ પર શું કામ ભાર આપવો એ કલાકારને સમજાવવામાં આવતું અને એટલે જ સંવાદ ધારી અસર ઊભી કરી શકતો.

એક ઉદાહરણ આપુંઃ ‘તું નહીં, તારો પૈસો બોલે છે’ ડાયલોગમાં ‘તું અને પૈસો બોલે છે’ એના પર ભાર આપવામાં આવતો જેને કારણે પ્રેક્ષક એનો ભાવાર્થ સમજી જતો.

નાટકમાં પ્રણયના સંવાદ એકદમ અર્થપૂર્ણ રહેતા. મારા ‘જીગર અને અમી’ નાટકના સંવાદના ઉદાહરણ પરથી આખી વાત સમજાઈ જશે. એમાં હું અને ઝંખના (દેસાઈ) હતાં. નાટકમાં એક એવું દ્રશ્ય આવે છે જેમાં એની સુહાગ રાત વખતે એ મને પૂછે છે કે ‘હે લીલી બહેન, લીલી બહેન, (એ નાટકમાં મારા પાત્રનું નામ લીલી જ હતું) તમે પરણ્યા ત્યારે પહેલી રાત કેવી ગઈ હતી?’ જવાબમાં હું કહું છું કે ‘અરેરે! તું સાંભળીને અચંબો પામીશ. પરણ્યાની પહેલી રાત્રે હું એમની (પતિની) રાહ જોઈને બેઠી હતી ત્યાં હાથમાં મોટો દંડુકો લઈ મારા પતિ આવ્યા. એમના દીદાર જોઈ હું તો બી ગઈ અને પલંગ પરથી ઊભી થઈ એક ખૂણામાં ઊભી રહી ગઈ. પતિ પ્રેમ નહીં કરે, મારપીટ કરશે એવો ભય મને ઘેરી વળ્યો. મારા ચહેરા પર ગભરાટ જોઈ ‘એમનું’ મોઢું સહેજ મલકાયું અને તરત બોલ્યા કે ‘તું ગભરાઇશ નહીં. હું તને મારવા નથી આવ્યો. મેં એક પ્રતિજ્ઞા લીધી છે કે જ્યાં સુધી હું વકીલ બની પહેલો કેસ કોર્ટમાં ન જીતું ત્યાં સુધી પતિ અને પત્ની વચ્ચે એટલે કે અમારા બંને વચ્ચે આ દંડૂકો રહેશે.’ .વર્ક ઈઝ વર્શિપ (જીવનમાં કર્તવ્યને પ્રાધાન્ય)ની ભાવનાની એકદમ સરળ પણ અત્યંત પ્રભાવી અને પ્રતીકાત્મક રજૂઆત પ્રેક્ષકોના દિલ સુધી પહોંચી જતી.

‘ઘૂંઘટ’ નામનું એક નાટક કરેલું, જેમાં કોઠા પર નાચનારી બાઈ એક ગાંડા માણસ સાથે કેવું માયાળુ વર્તન કરી એના જીવનમાં બદલાવ લાવી દે છે અને એના પોતાના જીવનમાં પણ પરિવર્તન આવે છે એ વાત હતી. આ નાટક પરથી ગુલશન નંદાએ કથા - પટકથા લખી અને ‘ખિલૌના’ નામની હિન્દી ફિલ્મ બની હતી, જેમાં પાગલ માણસનો રોલ સંજીવ કુમારએ કર્યો હતો. આવા બોધ આપતા, જીવનમાં માર્ગદર્શન આપતી કથા ધરાવતાં નાટકો એ સમયે બનતા અને એટલે જ લોકોનો આવકાર મળતો હતો.

એક રસપ્રદ વાત એ છે કે મારા સમયમાં લોકો ફિલ્મો બહુ જ ઓછી જોતા, એમની રુચિ નાટકો માટે વધુ હતી, કારણ કે તેમાં મનોરંજનની સાથે તેમને કશુંક પામવા મળતું. બીજી એક વાત પર ધ્યાન દોરવું છે કે અમારાં નાટકોની ભાષામાં કોઈ અપશબ્દ વપરાતો નહીં. વિલન હોય કે વેમ્પ ક્યારેય ગંદી ગાળ એના મોઢામાંથી ન નીકળે, જેને પ્રેક્ષકો અપનાવી સમાજમાં તેનો ખોટો

(જુઓ પાનું ૬) ▶▶





ઉત્કર્ષ મજુમદાર feedback@bombaysamachar.com

## જૂની રંગભૂમિનો સદાબહાર રોચક ઈતિહાસ

બાઅદબ બામુલાઇજા હોંશિયાર... ગુજરાતી નાટક ‘રુસ્તમ સોહરાબ’ કી સવારી આ રહી હૈ...’

૨૯ ઓક્ટોબર ૧૮૫૩ના રોજ મુંબઈના જગન્નાથ શંકર શેટના (જેનુ નામ ‘મુંબઈ સેન્ટ્રલ’ સ્ટેશન ને આપવાનો પ્રસ્તાવ છે) અનુદાનથી ઊભા થયેલા રોયલ થિયેટર જે ‘ગ્રાન્ટ રોડ થિયેટર’ તરીકે વધુ ઓળખાયું, એના સભાગૃહમાં સાંજે આ નાટક ભજવાયું. ફરામજી ગુસ્તાદજી દલાલ નામના પારસી શખ્સ દ્વારા દિગ્દર્શિત ‘પારસી નાટક મંડળી’ સંસ્થાના આ નાટકથી ગુજરાતી અર્વાચીન રંગભૂમિના પગરણ થયા. કલાકારો બધા પારસી હતા તે પણ પુરુષો, કેમ કે સ્ત્રીઓને નાટકમાં ભાગ લેવાની સખત મનાઈ હતી. આથી સ્ત્રી પાત્રો પણ પુરુષો ભજવતા. આ પ્રથા વીસમી સદીના લગભગ બે દાયકા સુધી ચાલી. સુધરેલી અને પ્રગતિશીલ ગણાતી પારસી કોમમાં પણ આવું હતું. અરે, પુરુષો સાથે નાટક જોવા પણ સ્ત્રીઓ છૂટથી જઈ શકતી નહિ. આ મંડળીએ એક અગત્યનું પગલું ભર્યું. સ્ત્રીઓને પણ લાભ મળે એ હેતુસર માત્ર સ્ત્રીઓ માટેનો જનાના શો રાખ્યો, જેને ખુબ સારો આવકાર મળ્યો.

મુખ્ય નાટક પછી ‘ધનજી ગરક’ નામે એક પ્રહસન પણ રજૂ થયું. નાટક હંમેશાં પારસી ગુજરાતીમાં ને પ્રહસનો હિન્દુસ્તાની ભાષામાં રહેતા. મુખ્ય નાટક ને એના પછી પ્રહસન આ શિરસ્તો પડ્યો, કારણ કે ભજવાવાળાઓને ખબર હતી કે પ્રેક્ષકોને હાસ્ય પણ જોઈએ છે. કરુણ રસ ધરાવતા નાટકમાં હાસ્ય ઘુસાડે તો નાટકમાં રસક્ષતિ થાય આથી આ પ્રથા શરૂ કરી. આગળ જતા અલાયદું પ્રહસન રાખવાની પ્રથા જતી રહી અને આ પ્રહસન મુખ્ય નાટકની અંદર જ વણી લેવામાં આવ્યું પણ આગવી રીતે, મુખ્ય નાટકમાં નહિ, પણ અલાયદું. મુખ્ય નાટકમાં બે દશ્યની વચમાં આગળનો એક પડદો પડે (આથી નાટકના પડદાઓ કે ફર્નિચર ને કલાકારોને વસ્ત્ર પરિધાન બદલવાનો સમય મળે)અને એ પડદાની આગળ પ્રહસન વિભાગના કલાકારો આવી ખેલ ભજવે. આને ‘પડદાનો ખેલ’ કહેવાતો. મુખ્ય નાટક અને આ પ્રહસન/કોમિક સમાંતર ચાલે એટલે પ્રેક્ષકોને પૂર્ણ મનોરંજન મળી રહે.

શરૂઆતમાં સંગીત નાટકનો ભાગ નહોતું, પણ વચ્ચે અથવા અંતે યોજવામાં આવતું. આ નાટકથી પ્રસ્તુતિનું બંધારણ એવું વિકસ્યું કે મુખ્ય નાટક પછી મધ્યાન્તર હોય, જેમાં અમુક મંડળી લાઈવ બેન્ડ રાખતી, મધ્યાન્તર પછી પ્રહસન હોય ને એના પછી રમુજી ગીતો કે મહાનુભાવોની પ્રશસ્તિ કરતા ગીતો હોય. ઘણા વર્ષો સુધી આવું રહ્યું.

સન ૧૮૫૩થી લઈને ૧૮૫૩થી ૧૮૬૭ સુધી નાની -મોટી અગિયારેક પારસી નાટક મંડળીઓ અસ્તિત્વમાં આવી. ૧૮૫૭ પછી થોડાક અરસા સુધી ઝોક શેક્સપિયર તરફ વળ્યો. ટેમીંગ ઓફ ધ શ્રૃ,, મર્ચન્ટ ઓફ વેનિસ, કોમેડી ઓફ એરર્સ, વગેરે.

૧૮૬૧માં જ સુરત ખાતે આવેલી એન્ડ્રુસ લાઇબ્રેરીમા ટેમીંગ ઓફ ધ શ્રૃ ‘નઠારી ફિરંગણને ઠેકાણે આણી’ નામે દિનશાહ તાલ્યારખાનની આગેવાની હેઠળ રજૂ થયું. આ ઉપરાંત શેક્સપિયરના ભારતીય સંસ્કરણો પણ ભજવાયા. આનું એક ઉદાહરણ એટલે ‘ઓથેલો’ નાટકનું ગુજરાતી સંસ્કરણ યાને કે ‘સૌભાગ્યસુંદરી’ જેમાં જયશંકર ભોજકે હીરોઈન ડેસ્ડીમોના એટલે કે સુંદરીનું પાત્ર ભજવ્યું અને પ્રેક્ષકોને એટલું પસંદ આવી ગયું કે સુંદરી ઉપનામ એમના નામની પાછળ લાગી ગયું ને પછી આજીવન એ ‘જયશંકર સુંદરી’ તરીકે ઓળખાયા.

એ કાળે તખ્તા પર અંગ-કસરતના ખેલ, જાદુના ખેલ, ગીત-સંગીતના ખેલ,મૂક અભિનયના ખેલોનો પણ સમાવેશ

(જુઓ પાનું ૬) ▶▶



રાજેન્દ્ર બુટાલા feedback@bombaysamachar.com

## આવો, હવે પ્રાણ પૂરીએ આ પાષાણમાં!



**ભવ્ય ભૂતકાળ અને ચિંતામગ્ન કરાવી દેતા વર્તમાન વચ્ચે ઝોલાં ખાઈ રહી છે ગુજરાતી રંગભૂમિ... એ ઝંખે છે જાજરમાન ભવિષ્ય. એવું ભવિષ્ય ,જેનું ઘડામણ રંગકર્મીઓના બદલતા અભિગમ અને દર્શકોના નવેસરથી છલકનારાં રંગભૂમિ પ્રત્યેના પ્રેમથી શક્ય બની શકે છે. આ કાર્ય આપણે સહિયારા નિભાવીશું તો થશે માતૃભાષાની- રંગભૂમિની ઉચિત સેવા...**

આજે વિશ્વ રંગભૂમિ દિવસ. આપણે માટે એ આપણી રંગભૂમિની તવારીખનાં પાનાં ફેરવીને તેના પર એક દ્રષ્ટિપાત કરવાનો અનુપમ અવસર. ગુજરાતી રંગભૂમિના ઈતિહાસનાં પાનાં ફેરવતાં, ખરેખર કહું તો, ધબકારો ચૂકી જવાય છે. શાને? એ સમજવા વાત શરૂ કરીએ ગુજરાતી રંગભૂમિની ગઈકાલથી....

ગઈ કાલ ખરેખર અસાધારણ હતી. વિવિધ વિષયો પર, ચડિયાતી માવજત સાથે, એ જમાનામાં એકએકથી દમદાર નાટકો બનતાં. એ નાટકોનું સ્મરણ કરતાં આંખ ખુશીનાં આંસુથી ભીની અને માથું ગર્વથી ઊંચું થઈ જાય. વિષ્ણુકુમાર વ્યાસ-પ્રવીણ જોષી-કાંતિ મડિયા- શૈલેષ દવે જેવાં અન્ય અનેક દિગ્ગજ સર્જકોનાં નાટકોનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો.

મને બરાબર યાદ છે એ દિવસો. થોકબંધ નાટ્યગૃહો હતાં ત્યારે. પારસી મેનેજર્સ એમનું સચોટ સંચાલન કરતા હતા. બેશક, ભાઈદાસ અપવાદ હતું. એ દિવસો ઘણીવાર યાદ આવતા રહે છે. સાથે યાદ આવે પ્રથમ શો, શુભારંભ પ્રયોગ માટે ઓપન થતી બોક્સ ઓફિસની બારીઓ. બુકિંગ ખૂલતું અને વહેલી સવારે વીસ- પીચીસ જણની વ્યવસ્થિત કતાર લાગી જતી. નવા નાટકને પહેલવહેલા પ્રયોગમાં માણવા થનગનતા માનવંતા દર્શકો આવી જ પહોંચતા. આવી હતી દર્શકોની રંગભૂમિ પ્રત્યેની પ્રીતિ.

કલાકારોની નાટ્યભક્તિ પણ અનન્ય હતી. નાટક પ્રત્યે- અભિનય પ્રત્યે-પોતાના કામ અને જવાબદારી પ્રત્યે. મને અનેક ઘટનાઓ યાદ છે... બિરલા માતુશ્રીની કેન્ટીન અને બાબરી સાહેબની ઓફિસ પણ યાદ છે મને. એ ઓફિસમાં નાટકની મુક્તમને ચર્ચાઓ થતી. નાટક સારું કેવી રીતે બને, સારું હોય તો શ્રેષ્ઠતાને કેવી રીતે આંબી શકે એના પર વિચારવિનિમય થતો. ક્યાંય ટાંટિયાખેંચે નહોતી. ક્યાંય સ્વાર્થ કે પોતાના નાટકને જ સારું સાબિત કરવાનો દંભ નહોતો કે નહોતી એવી લાલસા. એ બધી રંગભૂમિની સુવર્ણકાળની સાંજ હતી. એના સકારાત્મક પડઘા રંગભૂમિ પર પડતા રહેતા. એવા કે કોઈ પણ નાટ્યગૃહ એક પણ રવિવારે ખાલી રહેતું નહીં, સાંજ તો ઠીક, બપોરની તારીખ પણ ક્યારેય ખાલી રહેતી નહોતી. દરેકેદરેક નાટ્યગૃહમાં રવિવારે બપોરે અને સાંજે અચૂકપણે નાટ્યપ્રયોગ થતાં .... એવી હતી જાહોજલાલી, ધમધમાટી અને ગૌરવશાળી વ્યસ્તતા.

એ દિવસોમાં નાટ્યપ્રવૃત્તિ માત્ર ગુજરાતી ભાષા પૂરતી સીમિત નહોતી. રંગભૂમિ પર ગુજરાતી સાથે પારસી નાટકોની ભરમાર હતી. બેઉ ભાષામાં અવિરત નાટ્યસર્જન થતું . બન્ને ભાષાનાં નાટક માણવા- ચાહવા દર્શકોનું પૂર ઊમટતું. આટલું ઓછું હોય એમ એમાં ઉમેરાઈ જતી નિયમિતપણે બનતી યોગેન્દ્ર દેસાઈ અને અવિનાશ વ્યાસના શાનદાર નૃત્યનાટિકા : ‘પ્રાણ પૂર્યા પાષાણ’ માં.

એ વખતનું વિષયવૈવિધ્ય નાટ્યવૈભવનો આયનો હતું સામાજિક નાટકો, કોમેડી નાટકો, ધાર્મિક પશ્વાદભૂવાળાં નાટકો... એ અમિરાત આપણી રંગભૂમિને મળેલા અપૂર્વ આશીર્વાદ હતા.ઃ એના જોરે રંગભૂમિએ એ દિવસોમાં એવી પ્રગતિ સાધી, એવો ઠસ્સો, દમામ અંકે કર્યો જે આવનારા થોડા દાયકાની પ્રગતિનું ઈંધણ બની ગયો. એની તાકાત પર રંગભૂમિએ એવા સેલિબ્રિટી નિર્માતાઓ, દિગ્દર્શકો, લેખકો, કલાકારો અને ટેક્નિશિયનોને જન્મ આપ્યો, જેમના નામે સિક્કા પડતા, જેમની એક ઝલકથી દર્શકો ઝૂમી ઊઠતી અને જેમની સર્જનાત્મકતાને રંગકર્મીઓ જ નહીં, ફિલ્મજગતના, અને ત્યારે પા પા પગલી ભરતી ટેલિવિઝનની દુનિયાના મોટાં માંથાં પણ સલામ કરતા.

હું આશાવાદી માણસ છું, છતાં, જ્યારે સાંપ્રત, વર્તમાન

(જુઓ પાનું ૯) ▶▶

# ૨૭ માર્ચ વિશ્વ રંગભૂમિ દિવસ



## ગુજરાતી રંગભૂમિની ગઈકાલ, આજ અને આવતીકાલ



કિરણ ભટ્ટ
feedback@bombaysamachar.com

## જો...જો, રંગભૂમિ ફરી સડસડાટ દોડતી થઈ જશે !

આજના અવસરે રંગદેવતાને નમન અને 'મુંબઈ સમાચાર'ના નાટ્યરસિક વાચકોને હાર્દિક શુભેચ્છા.

'રંગભૂમિઃ ગઈકાલ- આજ ને આવતીકાલ'ની વાત કરતી વખતે વાવેલા બીજને તો પહેલાં યાદ કરવું જોઈએ. જૂની રંગભૂમિથી નવી રંગભૂમિ વચ્ચે વરિષ્ઠ કલાકારોએ જે પાયો નાખ્યો છે, જે બીજ રોપ્યા છે એના ઘટાદાર વૃક્ષના ફળ વર્તમાન પેઢી પણ ખાઈ રહી છે. અગાઉ કલાકારોને મહેનતાણું ઘણું ઓછું મળતું હતું, તેમ છતાં વૈવિધ્યપૂર્ણ અને સશક્ત નાટકો આપવાની ભાવના બળવાન હતી. નાટકમાં અભિનય કરતા કલાકારો બેંકમાં કે પછી કોઈ અન્ય જગ્યાએ નોકરી કરતા હોય તો પણ બસ - ટ્રેનની મુસાફરી કરી નિયમિત રિહર્સલ કરવા પહોંચી જતા હતા. રંગભૂમિ માટે નિષ્ઠા જબરદસ્ત હતી. પ્રેક્ષકો પણ કેવા ઉમળકા સાથે ઊમટી પડતા હતા. દૂર દૂર પરામાં રહેતા લોકો પણ દક્ષિણ મુંબઈ સુધી નાટક જોવા દોડી આવતા હતા. એ વખતે જનતા માટે ટેલિવિઝન કે એ પ્રકારનું બીજું કોઈ મનોરંજન માટેનું માધ્યમ નહોતું. એવા અનેક પ્રેક્ષક હતા જેમને ફિલ્મ કરતાં નાટક માટે વધુ રુચિ હતી, કારણ કે નાટક એક લાઈવ પરફોર્મન્સ હોય છે. દર્શક નજર સામે ખેલ ભજવાતા જોઈ શકે છે. એને કારણે દર્શકનું નાટક અને કલાકાર સાથે મજબૂત બોન્ડિંગ થઈ જતું.

મુંબઈ હોય કે અમદાવાદ કે સુરત.., અનેક વર્ષો સુધી પ્રેક્ષકોએ રંગભૂમિને વધાવી છે, છલકાવી છે અને એની સમૃદ્ધિમાં ફાળો આપ્યો છે. આજે એના ફળ અમે ચાખી રહ્યા છીએ.

હા, એક તબક્કો એવો આવ્યો કે પ્રેક્ષકો નાટકોથી ધીરે ધીરે દૂર થવા લાગ્યા. એમાંય મહામારીમાં લૉકડાઉન પછી તો નાટકના પ્રેક્ષકોની સંખ્યામાં ખાસ્સો ઘટાડો થયો. જો કે, પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ નાટ્ય નિર્માણ સાથે સંકળાયેલા સર્વે પોતપોતાની આવડત અને ગજા અનુસાર ભજવણી કરી પ્રેક્ષકોનું મનોરંજન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે એ પ્રશંસનીય છે.

એક વાત ખાસ ધ્યાન પર લેવા જેવી છે કે આજનો પ્રેક્ષક વધુ સ્માર્ટ છે. એની પાસે ઓટીટી પ્લેટફોર્મ જેવા વિવિધ વિકલ્પ હોવાથી નાટક જોતી વખતે કોઈ ઉણપ હોય કે કોઈ નબળાઈ હોય તો તરત એના ધ્યાનમાં આવી જાય છે અને અન્ય શૉ કે સિરિયલ સાથે એની સરખામણી કરે છે.

અલબત્ત ,તેમ છતાં પ્રેક્ષકો સારી સંખ્યામાં આવે છે, પણ નવ યુવાન પેઢીની ગેરહાજરી ખટકે છે. એમને નાટક જોવાનું આકર્ષણ થાય એ માટે અનેક કોશિશો વર્ષોથી થતી આવી છે ,પણ ક્યાંક પ્રયત્નો ઓછા પડે છે. જો કે, નાટક લાઈવ આર્ટ છે અને આ પ્રકારની કળાને અમરત્વ પ્રાપ્ત હોય છે. એ કાયમ જીવંત રહે છે. આજે નહીં તો આવતીકાલે 'રિસાઈ ગયેલા' પ્રેક્ષકો પાછા થિયેટર સુધી દોડતા આવશે એની મને ગળા સુધી ખાતરી છે.

રંગભૂમિ સાથે અનેક વર્ષનો મારો નાતો રહ્યો છે. એક અભિનેતા, દિગ્દર્શક અને એક નિર્માતા તરીકે સુધ્ધાં. અનેક દિગ્ગજ લેખક - દિગ્દર્શકના નાટકમાં મેં અભિનય કર્યો છે. આદરણીય શૈલેષ દવેનો હું માનીતો હતો. નાટકમાં મારી હાજરી એ શુકનિયાળ (લકી ચાર્મ) માનતા. નાનો તો નાનો, પણ મારા માટે રોલની તજવીજ કરતા. એમના 'અકસ્માત' નામના નાટકમાં મારી કોઈ ભૂમિકા નહોતી, પણ નાટકની કથા અનુસાર એમના અવસાન પામેલા પુત્ર તરીકે મારો ફોટોગ્રાફ સ્ટેજ પર રાખી મારી હાજરી રાખી હતી.

નિર્માતા તરીકે પણ મારું ફલક વિશાળ છે. મારા હાથ નીચે તૈયાર થયેલા ભરત ઠક્કર, નિમેષ શાહ વગેરે જેવા અનેક યુવા નિર્માતાઓ આજે એકથી એક સુંદર નાટક આપી રહ્યા છે એ આનંદની - પોરસાવાની વાત છે. સતત નવો વિષય લાવવાની તેમની કોશિશ પ્રશંસનીય છે. આ કોશિશ સાથે પ્રેક્ષકોની રુચિનો મેળ જે દિવસે બેસી જશે ત્યારે ફરી રંગભૂમિ અગાઉની જેમ અને પછી અગાઉ કરતા પણ વધુ ધમધમી ઊઠશે એમાં મને લગીરે શંકા નથી.

એક ખાસ વાત પર મારે ધ્યાન દોરવું છે કે જૂના નાટકો થોડા ફેરવીને કે પછી નવા કલાકારો સાથે રિવાઇવ કરી ભજવાય છે એમાં અલગ કલાકારોનો અભિનય પ્રેક્ષકોને આનંદ આપે છે. મોટાભાગના ગુજરાતી નાટકોને સોલ્ડ આઉટ શૉ વિના ચાલતું નથી એ હકીકત છે, પણ હવે તો એમાંય ગાબડું પડ્યું છે. સોશિયલ ગ્રૂપની સંખ્યા ઘટી છે. એનો માર પણ રંગભૂમિ સહન કરી રહી છે. બીજી એક વાત એ પણ છે કે અગાઉ કલાકારનું નામ જોઈ પ્રેક્ષકને નાટક જોવાનું ખેંચાણ થતું. હવે એવા કલાકાર લગભગ નથી રહ્યા. આજે એવા કલાકાર છે, પણ જૂજ સંખ્યામાં. એ અભિનેતાઓ સતત નાટકની ભજવણી કરતા રહે છે એ રંગભૂમિ માટે ઘણી સારી વાત છે. આજે ભલે રંગભૂમિ થોડી આર્થિક ભીંસ અનુભવતી હોય, એની સાથે સંકળાયેલા નિર્માતાઓ કોઈ માનસિક ભીંસ નથી અનુભવતા. સતત કશુંક સરસ આપવાની એમની કોશિશના સઢમાં આવતીકાલે એવો પવન ભરાશે કે રંગભૂમિ સડસડાટ દોડવા લાગશે એની મને ગળા સુધી ખાતરી છે. ■

### જૂની રંગભૂમિનો સદાબહાર (પાંચમાં પાનાનું ચાલુ)

થતો હતો. આથી નાટકને પણ ખેલ કહેવાતો. આથી વર્ષો સુધી નાટક મંડળીઓ એમનું નવું નાટક આવે ત્યારે કંપનીનો નવો ખેલ એમ કહેતી.

૧૮૬૨માં પ્રથમ ગુજરાતી નાટકના દિગ્દર્શક ફલુ ઘુસને નામે ઓળખાતા ફરામજી ગુસ્તાદજી દલાલે પ્રથમ વાર વિદેશી વાદ્ય હાર્મોનિયમનો ઉપયોગ કર્યો પછી તો આ ઓર્ગન જે પગપેટી નામે પણ ઓળખાતું વાદ્ય, ગુજરાતી રંગભૂમિનું અભિન્ન અંગ બની ગયું. આ મંડળીએ જ ગાયનોના છાપેલા કાગળો ઉપલા વર્ગના પ્રેક્ષકોને આપવા મંડ્યા જે પાછળથી પગપેટીની જેમ ગુજરાતી જૂની રંગભૂમિનું એક અંગ બની ગયું. ઓપેરાબુક તરીકે ઓળખાતા આ ચોપાનિયામાં ગીતો ઉપરાંત નાટક વિશેની બધી વિગતો રહેવા માંડી. અલબત્ત, આ મફત ન અપાતી, પ્રેક્ષકોએ આ અલગથી ખરીદવી પડતી. અમુક નાટ્યમંડળીના માલિકોએ આ ઓપેરા બુકમાંથી અઢળક નાણાં કમાઈને બંગલા બાંધ્યા હોય એવા કિસ્સાઓ પણ બન્યા છે.

૧૮૬૩માં સ્થાપાયેલી એલ્ફિન્સ્ટોનિયન ક્લબ/મંડળીએ ૭-૩-૬૪ના રોજ મોર્ટનનું 'ગોઈંગ ટુ ધ ડર્બી' રજૂ કર્યું જેમાં સાચુકલા ઘોડા અને ગાડી મંચ પર લાવવામાં આવેલા.

આમ આ બધી મંડળીઓએ ભેગા થઈને મનોરંજનનું એક અવનવું માધ્યમ ઊભું કર્યું ને તેને કારણે ગુજરાતી સમાજમાં એક નાટ્યશોખીન વર્ગ તૈયાર થયો. નાટ્યપ્રવૃત્તિને વધુ વ્યવસ્થિત અને વ્યવસાય સ્વરૂપ આપવાનો વિચાર પણ આ થકી જ ઉદ્ભવ્યો.

આ જ રીતે, ગુજરાતી પ્રથમ વ્યવસાયિક નાટ્યમંડળી પણ પારસીઓએ શરૂ કરી. કેખશરુ કાબરાજી નામે એક ગુજરાતી થિયેટરના અવ્વલ દરજ્જાના નાટ્યકર્મી હતા. કાબરાજીએ ફરામજી દલાલનો સહકાર મેળવ્યો. શેક્સપિયરનું 'કોમેડી ઓફ એરર્સ' ગુજરાતીમાં ભજવ્યું 'ભૂલચૂકની હસાહસ'ના નામે.

કાબરાજીએ એક અગત્યનું સૂચન કર્યું કે મુંબઈમાં એક કાયમી સધ્ધર નાટ્યમંડળીની તાતી જરૂર છે. ત્રણ-ચાર આગેવાન કલાકારોએ ભાગીદારીમાં આવી મંડળી સ્થાપવી અને કલાકારોને પ્રયોગદીઠ અપાતા માનધનને બદલે મહિનાના પગાર પર રાખવા. આની અસર થઇ અને દાદાભાઈ ઠુંઠી, ફરામજી દલાલ, કાવસજી કોહીદરુ અને હોરમસજી મોદી એમ ચારેએ ભેગા મળીને ૧૮૬૮માં 'વિક્ટોરિયા' નાટક મંડળી સ્થાપી.

અત્યાર સુધી નાટકના પ્રયોગો વખતે ગીત - સંગીત અલગથી રજૂ થતા. કાબરાજીએ એક નાટક લખ્યું બેજન મનીજેહને એનું દિગ્દર્શન કર્યું. આ નાટકમાં પહેલી જ વાર સંગીતને મૂળ નાટક સાથે સાંકળી લેવામાં આવ્યું અને રંગમંચ પર આ અભિનવ પ્રયોગે સરસ આવકાર મેળવ્યો. આમ ગીતો ગુજરાતી નાટકના અભિન્ન અંગ બની ગયા ને નાટકો માટે ખાસ ગીતો લખાવવાની ને સંગીતબદ્ધ કરાવવાની પરંપરા શરૂ થઇ, જે આગળ જતાં નાટ્યસંગીત તરીકે ઓળખાઈ.

આ નાટકથી બીજી એક અગત્યની શરૂઆત થઇ. કલાકારો પાછળ એમણે ભજવેલા પાત્રોના નામ મૂકી એમને ઓળખવાની, જેમકે : ધનજી બેજન- જમસુ મનીજેહ.... આગળ જતા અન્ય કલાકારો પણ આ રીતે ઓળખાયા જેમ કે કેશવલાલ કપાતર- આણદજી કબૂતર, છગન રોમિયો ,વિગેરે. એક ત્રીજી સિદ્ધિ આ નાટકે મેળવી તે હતી-આ આખું નાટક એના ગીતો સહિત છાપવામાં આવ્યું ને આમ ભજવાયું હોય તેવું પહેલું મુદ્રિત થયેલું નાટક બન્યું.

આ નાટકની સફળતાથી પોરસાઈને મંડળીના ભાગીદારોએ નવું થિયેટર બાંધવાનું વિચાર્યું અને ગ્રાન્ટ રોડ થિયેટર નજીક હજાર પ્રેક્ષકો બેસી શકે એવું વિક્ટોરિયા થિયેટર બનાવ્યું. આમ ૨૪ વર્ષ પછી મુંબઈને બીજું નાટ્યગૃહ મળ્યું.

એદલજી ખોરીએ લખેલું 'રુસ્તમ અને સોહરાબ' નાટક આ કંપનીએ ભજવ્યું ને યુરોપિયન ચિત્રકાર પાસે નાટકનાં પડદા ચીતરાવવામાં આવ્યા ને વિશેષમાં એમાં નાટકમાંના ગીતો માટે ગુજરાતી સાહિત્યના લોકપ્રિય કવિ દલપતરામ ડાહ્યાભાઇ પાસે ગીતો લખાવ્યા ને તખ્તા પર પ્રથમ વાર ગુજરાતી સાહિત્યકાર અને કવિનો પ્રવેશ થયો.

આ અગાઉ અંગ્રેજી નાટક પરથી દલપતરામે તરજુમો કરેલું લક્ષ્મી નામનું નાટક પુસ્તક રૂપે છપાયું હતું ને લોકચાહના પામેલું.

મુંબઈનું એક કાળનું દોલત થિયેટર મૂળે હતું બાલીવાળા થિયેટર. ખુરશેતજી મેરવાનજી બાલીવાળા નામના થિયેટર કંપનીના માલિક જેઓ અચ્છા હાસ્ય કલાકાર પણ હતા તે એમની નાટક મંડળીને દરિયાપાર -બર્મા, શ્રી લંકા, થાઈલેન્ડ અને ઇંગ્લેન્ડ લઇ જનારા પ્રથમ ભારતીય હતા.

કેખશરુ કાબરાજીની વિશાલ દૃષ્ટિ હેઠળ જે નવી મંડળીનું ઘડતર થયું તે હતી 'નાટક ઉત્તેજક મંડળી'. વિકટોરિયા નાટક મંડળીમાંથી છૂટા થયેલા ફરામજી દલાલ, કાવસજી કોહીદાર અને હોરમસજી મોદીએ કાબરાજીની સલાહ ને સહકારથી ૧૮૭૫ની શરૂઆતમાં આ મંડળી સ્થાપી. મંડળીએ કરેલું બીજું નાટક હતું દીવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામ લિખિત 'હરિશ્ચંદ્ર'. અગાઉ આ નાટક સફળ નહોતું થયું, પરંતુ કાબરાજીને આમાં ઘણી સંભાવના દેખાઈ અને એમણે રણછોડભાઈની નાટકમાં ગીતો ઉમેરવાની, ફેરફાર કરવાની પરવાનગી માગી જે એમણે રાજીખુશીથી આપી. પારસી કલાકારોને શુદ્ધ ગુજરાતીમાં લખાયેલા સંવાદોની કડક ટ્રેનિંગ આપી તૈયાર કર્યા. કાબરાજીની દીર્ઘદૃષ્ટીનું બીજું ઉદાહરણ હતું. ગ્રાન્ટરોડ થિયેટરને બદલે હાલ મેટ્રો થિયેટરની સામે આવેલ ફરામજી કાવસજી ઇન્સ્ટિટ્યૂટનો હોલ વાર્ષિક પટ્ટે લીધો. ૩૦-૧૦-૧૮૭૫ના રોજ આ નાટકનો પ્રથમ પ્રયોગ થયો ને પ્રથમ જ પ્રયોગથી નાટક ઉપડ્યું. સફળ નીવડેલા આ નાટકને ગુજરાત અને સૌરાષ્ટ્રના રજવાડા તરફથી પણ સારું પ્રોત્સાહન મળ્યું. ધમધોકાર ચાલેલા નાટકે ગ્રાન્ટ રોડના થિયેટરોને મંદીની ઝપેટમાં લઇ લીધા એમ કહેવાય છે. લીઝની મુદત પુરી થતી હતી માલિકો મૂંઝાણા. કાબરાજીએ રસ્તો કાઢ્યો એમણે ક્રાફડ માર્કેટની પાસે આવેલી જગા (હાલનું પોલીસ સ્ટેશન)અમુક સમયના પટ્ટે ભાડે લીધી. અહિ લાકડાની ફરતી દીવાલવાળી કામચલાઉ નાટકશાળા સ્થાપીને નામ આપ્યું 'એસ્પ્લેનેડ થિયેટર'. ત્રીજું નાટક પણ રણછોડભાઈનું જ લીધું 'નળ- દમયંતી'. એમાં પણ રાબેતા મુજબના ફેરફાર કરી ૧૬-૧૨-૭૬ના રોજ પહેલો પ્રયોગ કર્યો. આ નાટકને પણ પ્રેક્ષકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો. સંખ્યાબંધ હિન્દુ સ્ત્રીઓ એમના નાનાં બાળકોને લઈને નાટક જોવા આવતી. એમની સગવડતા ખાતર કાબરાજીએ એક નવતર પગલું ભર્યું. એમણે નાટકશાળાના કમ્પાઉન્ડમાં હિંચકા-ઝોળીઓની વ્યવસ્થા કરી અને તેને માટે ખાસ રક્ષકો રાખ્યા. આ વ્યવસ્થા ઉભયપક્ષને માટે ફાયદાકારક રહી.

ગુજરાતી સાક્ષરોને આ પ્રવૃત્તિમાં શામિલ કરવા માટે એમણે એક અગત્યનું પગલું ભર્યું. પ્રખ્યાત કવિ લેખક એવા નર્મદાશંકર દવે ઉર્ફે કવિ નર્મદનો સંપર્ક કરી એમના લખેલ નાટક 'રામજાનકી દર્શન'માં ઘટતા ફેરફાર કરી-ગીતો ઉમેરી 'સીતાહરણ'ને નામે રજૂ કર્યું.

નળ- દમયંતી નાટકની સફળતાએ મુંબઈની અમુક શાળાઓના ગુજરાતી શિક્ષકોમાં અનેરો ઉત્સાહ જગાડ્યો. આજની ભાષામાં કહીયે તો નાટકનો સોલ્ડ આઉટ શો પોતાની સંસ્થા માટે રાખવા એ લોકો ફરામજી દલાલ પાસે આવ્યા ને પૈસાની બાબતમાં કંઈ વાંધો પડ્યો એમાં બોલાચાલી થઈ ને પડકારરૂપે પોતાની નાટકમંડળી કાઢવાનું વિચાર્યું. આના માટે એ લોકો રણછોડભાઈને મળ્યા. એમણે પોતાનું નાટક 'લલિતા દુઃખદર્શક' ભજવવાની પરવાનગી આપી. આમ શ્રી 'ગુજરાતી નાટક મંડળી', જે 'મહેતાજી નાટક મંડળી' તરીકે જાણીતી થઇ તે બની પારસી ગુજરાતી નાટક કંપનીઓ પછીની પહેલી હિંદુ ગુજરાતી નાટક મંડળી. એમનાં 'લલિતા દુઃખદર્શક' ને અપ્રતિમ સફળતા મળી. આ જોઈને બીજી ઘણી હિન્દુ ગુજરાતી નાટ્ય કંપનીઓ મુંબઈ, ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર ખાતે ઊભી થઇ, જેમ કે અમદાવાદમાં ડાહ્યાભાઈ ઝવેરીની દેશી નાટક સમાજ, મોરબીની વાઘજી આશારામ ઓઝા ને મુળજી આશારામ ઓઝાની શ્રી આર્ય સુબોધ નાટક મંડળી વગેરે અને પછી તો હિન્દુ નાટ્ય મંડળીઓ બધે છવાઈ ગઈ. અ પછી પારસી નાટ્ય મંડળીઓએ પોતાનું ધ્યાન પછી હિન્દુસ્તાની થિયેટર તરફ કરી દીધું ને એમણે સમગ્ર ભારતમાં હિન્દુસ્તાની થિયેટર જે 'પારસી થિયેટર' તરીકે ઓળખાતું તેનો ડંકો વગાડ્યો. આમ 'નાટક ઉત્તેજક મંડળી' સુધી જૂની ગુજરાતી રંગભૂમિનો પૂર્વાર્ધ સાથે સમાપ્ત થયો. શ્રી ગુજરાતી નાટક મંડળીથી તે ભાંગવાડી દેશી નાટકના અંત સુધી જૂની રંગભૂમિનો ઉત્તરાર્ધ ચાલ્યો એની રસિક વાતો ફરી ક્યારેક...

'વિશ્વ રંગભૂમિ દિવસ'ના સહુને વધામણા ને આજની ગુજરાતી રંગભૂમિ ફરી પાછુ કાઠું કાઢે ને નામ ગજાવે એવી અભિલાષા સાથે આવજો...

(સંદર્ભ ગ્રંથ ગુજરાતી રંગભૂમિનું ઇતિહાસ દર્શન લેખક- જયંતીલાલ ત્રિવેદી અને મધુકર રાંદેરિયા.)

### નાટકમાં જાતને (પાંચમાં પાનાનું ચાલુ)

ઉપયોગ કરે. નાટકોનાં સંવાદો અને ગીતો એટલાં લોકપ્રિય થતાં કે અનેકવાર કોઈ કલાકાર લોકપ્રિય સંવાદ અધૂરો બોલી પ્રેક્ષક સામે જુએ એટલે એ સંવાદ ઓડિયન્સ કોરસમાં પૂરો કરે. નાટકો માટે એ હદે લગાવ હતો કે લાકડીના ટેકે અને વ્હિલ ચેરમાં બેસી નાટક જોવા આવ્યા હોય એ મેં જોયું છે.


નાટકના સંવાદ અને ગીતોની લોકપ્રિયતાની ચરમસીમા તો એ હતી કે આંખે કંઈ ન દેખી શકતા લોકો ડાયલોગ અને ગીત સાંભળવા થિયેટરમાં આવતા મેં જોયા છે. કથાનું તત્ત્વ અને સત્ત્વ પ્રેક્ષકોને થિયેટર સુધી ખેંચી લાવતું હતું.

આજે પ્રેક્ષક બદલાઈ ગયો છે. વેસ્ટર્નાઈઝડ શૈલીની કથા અને એ પ્રકારની રજૂઆત એમને આકર્ષે છે. આજે જો હિરોઈન 'પગ ઘૂંઘરું બાંધ મીરાં નાચી થી' ગાઈને સ્ટેજ પર નૃત્ય કરે તો એને પગની લાત ખાવી પડે. પ્રેક્ષકને એ ન રુચે. સમય બદલાય એની સાથે સમજણ અને સમાજ પણ બદલાયા વિના રહે નહીં.

રંગભૂમિની આવતી કાલ માટે હું ખૂબ આશાવાદી છું. મને ભવિષ્ય ઉજળું લાગે છે.બધાને સારું લગાડવા હું નથી કહી રહી, પણ મને આસપાસના વાતાવરણમાં જે ફરક આવતો દેખાઈ રહ્યો છે એના આધારે કહું છું. ફોડ પાડીને કહું. આપણું જીવન ટ્રેડ સાઇકલ જેવું હોય છે. ભાગ્ય ક્યારેક રુઠે તો પછી રીઝે પણ ખરું. સૂર્યોદય પછી સૂર્યાસ્ત થાય એ ખરું પણ ફરી સૂર્યોદય થયા વિના રહેતો નથી.

પહેલાના સમયમાં જો શરીર વધી ગયું હોય કે બેઠાડુ જીવન હોય તો ખીચડી - ભાત જેવો હલકો ખોરાક આરોગવાને પ્રાધાન્ય આપવામાં આવતું. આજે એ જ વાત ડાયેટિંગ સ્વરૂપે જોવા મળે છે. આજે જુવાનિયાઓ હોટેલમાં જમવા જઈએ ત્યારે ગુણકારી મકાઈનો રોટલો અને પંજાબી દાળ ખાવાની ઈચ્છા રાખતા થઈ ગયા છે. એમને હવે પીઝા અને ફાસ્ટ ફૂડ માટે આકર્ષણ ઘટી રહ્યું હોય એવું મને લાગે છે. જૂના પછી નવું આવે અને નવા પછી ફરી જૂનું આવવાનું જ છે. આજે જે નાટકો અને ફિલ્મો બને છે એમાં જે જૂની કથાવસ્તુ લઈને આવે છે એને સારો આવકાર મળે છે.

આજની પેઢીમાં અનુકંપા ભારોભાર છે એ મેં જોયું છે અને અનુભવ્યું સુધ્ધાં છે એટલે જ મને તો રંગભૂમિની આવતી કાળ બહુ ઉજળી દેખાય છે.



દીપક અંતાણી
feedback@bombaysamachar.com

## ગઈકાલ-આજ-આવતીકાલના લેખાં-જોખાં

૧૯૬૧માં યુનેસ્કો અને યુનિસેફની મિટિંગમાં ૧૪૫ દેશોએ ભાગ લીધો હતો ત્યારે આપણા વિખ્યાત નાટ્યકાર ચં. ચી. મહેતાએ 'વિશ્વ રંગભૂમિ દિવસ' ની ઉજવણીનો વિચાર, આપ્યો હતો.

વિશ્વમાં વિવિધ દિવસની ઉજવણીની જેમ વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીની એમની વિનંતિને માન્ય રાખી ૨૭ માર્ચને રંગભૂમિ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

વિશ્વભરમાં રંગભૂમિનો ઈતિહાસ છે જ પણ ભારતીય નાટ્યકળા સમગ્ર વિશ્વમાં ચઢિયાતી કહી જ શકાય. આપણે ત્યાં હજારો વર્ષ પહેલાં ભરતમુનિ રચિત ભરતનાટ્ય શાસ્ત્રને 'પાંચમો વેદ' કહેવાય છે. એમાં નાટ્યગૃહના સ્થાપત્યથી માંડી નાટ્યકૃતિના પ્રકાર, નવરસ, અભિનય, તમામ આહાર્ય વગેરે ઘણી બાબત વ્યાકરણ સહિત વિસ્તૃત રીતે વ્યાખ્યાયિત છે. સંસ્કૃત નાટકોથી આપણું સાહિત્ય સમૃદ્ધ છે. ચિત્રકળા, શિલ્પકળા, નૃત્ય, અભિનય, સંગીત, યુદ્ધ, પ્રકાશ આયોજન વગેરે ... તમામ વિવિધ કળાઓનો સમન્વય જેમાં છે એ નાટ્યકળાના આરાધ્ય દેવ નટરાજ છે અને એટલે જ આપણે ત્યાં કલા-સાધના એમ કહેવાય છે. કોઇપણ પ્રસ્તુતિમાં એકાકાર થવું, સ્વ ને વિસરી જવું એ અલૌકિક સાક્ષાત્કારને નિકટ અનુભૂતિ એક સાચો કલાકાર તો અનુભવી જ શકે, પણ એનું રસપાન કરનાર દર્શકોને પણ એવો અનુભવ કરાવી શકે.

'સત્યવાદી રાજા હરિશ્ચન્દ્ર' નાટકની અસરથી મોહનદાસમાંથી મહાત્મા બનવાનું બીજ રોપાયું એવાં ગુજરાતી નાટકો, નાટ્યકળાની એવી અસરકારકતા ભજવનારમાં અને એવી સંવેદનશીલતા દર્શકોમાં રહી છે ખરી? એવો સવાલ થાય છે, ક્યારેક. આ ૭૨મા વિશ્વ રંગભૂમિ દિને, એની પવિત્રતા અને ગરિમા કદાચ સમયાંતરે ઝાંખી પડતી જવાનો ભય ક્યારેક સતાવે છે.

જો કે, કાળક્રમે નાટ્ય પ્રવૃત્તિઓની પરિસ્થિતિઓ બદલાતી રહી છે. સંઘર્ષ અને પડકારોને ખમતી આવી છે. પહેલાં ટીવી, પછી ફિલ્મ, ઈન્ટરનેટ, ઓટીટી અને હવે એઆઈ જેવા આવિષ્કારોથી માંડી 'કોરોના કાળ' અને બંધ થઇ રહેલા કે તૂટી રહેલાં નાટ્યગૃહો ઉપરાંત દર્શકોની બદલાતી પેઢીઓ સાથે કદાચ નાટકના સ્વરૂપને પણ કાળક્રમે બદલાવું પડ્યું છે.

ગુજરાતના સુવર્ણકાળમાં પાટનગરી અણહિલપુર પાટણમાં સંસ્કૃત ભાષામાં નાટકો ભજવાયાં હતાં. તે પછી સદીઓ સુધી નાટ્યપ્રવૃત્તિ એક કલા તરીકે વિકસી શકી ન હતી. ચૌદમી સદીમાં ઉત્તર ગુજરાતમાં અસાઈત ઠાકર દ્વારા લોકનાટ્ય ''ભવાઈથી ગુજરાતી રંગભૂમિના વિકાસનો પાયો નખાયો.'' ભવાઇ એટલે ભવની વહી, જિંદગીની કથા; સંસારની તડકીછાંયડીઓની કથા. ગુજરાતી રંગમંચના ઇતિહાસમાં ગુજરાતી ભાષાના તળપદા, લોકભોગ્ય નાટ્યપ્રયોગ તરીકે ભવાઈનું મહત્ત્વ અનોખું છે.ભવાઈમાં સમાજની કુરુઢિઓ અને માન્યતાઓ પર ક્યારેક એવા માર્મિક વ્યંગની સાથે સાર્વજનિક મનોરંજનની ગરજ સારતા પ્રાચીન ભવાઈ વેશોમાં ક્યારેક અશિષ્ટ ભાષામાં પીરસાતું અભદ્ર મનોરંજન ઘણાને કઠતું. એટલે જૂની ગુજરાતી રંગભૂમિની શરૂઆત થઇ એમ કહેવાય છે. અઢારમી સદીમાં અંગ્રેજો દ્વારા મુંબઈ શહેરનો વિકાસ થયો, ત્યારે મુંબઈમાં અંગ્રેજો અને પારસીઓના સહયોગથી થિયેટરો બનવાની શરૂઆત થઇ અને પારસીઓને મનોરંજન અર્થે રંગભૂમિના પ્રયોજનની પ્રેરણા મળી. આમ ૧૮૫૦ પછી વ્યાવસાયિક ગુજરાતી રંગભૂમિનો જન્મ થયો.....

આજની આ વિશેષ પૂર્તિમાં પારસી-ગુજરાતી જૂની રંગભૂમિના વિસ્તૃત ઈતિહાસનું આલેખન છે એટલે એનું પુનરાવર્તન અહીં ટાળીએ... સમય જતાં સવેતનિક કલાકારોને લીધે ગુજરાતી રંગભૂમિ વિશેષ ખીલી ઊઠી અને ટિકિટના પૈસા ખર્ચીને નાટક જોનાર દર્શકોનો વર્ગ ઊભો થયો. નાટક કંપનીઓની સંખ્યા વધવા લાગી.૧૯૪૫ થી ધંધાદારી રંગભૂમિમાં દર્શકોની રુચિ અનુસાર ગુણવત્તા સાથે માધાન કરવાની શરૂઆત થઇ.

ક. મા. મુન્શીના પ્રયત્નો થકી, ૧૯૪૮માં ભારતીય વિદ્યા ભવન - ભવન્સ કલા વિભાગની અને નિયમિત નાટ્યપ્રવૃત્તિઓની મુંબઈમાં શરૂઆત થઇ. તો ગુજરાતમાં ચં. ચી. મહેતા, જશવંત ઠાકર, જનક દવે, માર્કંડ ભટ્ટ, ગોવર્ધન પંચાલ વગેરે યુનિવર્સિટીઓમાં પદ્ધતિસરની નાટ્ય તાલીમના પાયામાં રહ્યા. સમય જતાં નાટ્યશાળાઓ અને આંતર કોલેજ નાટ્ય સ્પર્ધાઓ વગેરેથી ઘણી નવી પ્રતિભાઓ આવવાની શરૂ થઇ.

વ્યવસાયિક રંગભૂમિના તખ્તા પર મુંબઈમાં કાંતિ મડિયા, પ્રવીણ જોષી, સરિતા જોષી જેવા દિગ્ગજો એ નાટકની દુનિયામાં ડંકો વગાડ્યો. આઇએનટી અને નાટ્યસંપદા જેવી નિયમિત નાટકો આપતી નાટ્યસંસ્થાઓએ વીસ-પચીસ વર્ષના તબક્કામાં ગુજરાતી નાટકને લેખન, વિષયો, અભિનય, ટેક્નિકલ વગેરે તમામ દૃષ્ટિથી એક નવી સમૃદ્ધ દિશા આપી. પડદો ઉઘડતાં પહેલાં રેકોર્ડેડ ઉદઘોષણા, રેકોર્ડેડ ગીત-સંગીત, સરકતા અને ફરતા રંગમંચ / સેટ્સ, લાઈટિંગ ઈફેક્ટસ વગેરેનો પ્રવેશ થયો. અનેક પ્રતિભાશાળી લેખકો, દિગ્દર્શકો, અને અભિનેતા, અભિનેત્રીઓ તેમજ દૃશ્ય રચનામાં છેલ-પરેશ જેવી અનેક પ્રતિભાઓએ ગુજરાતી રંગભૂમિને આધુનિક્તામાં ઢાળી અને નાટ્ય વ્યવસાયનું આશાસ્પદ વ્યવસાયિક માળખું પણ ગોઠવાયું.

આ દરમ્યાન જ 'સંતુ રંગીલી', 'બાણ શૈયા', 'બેઈમાન', 'કુમારની અગાશી', 'અમે બરફના પંખી', 'મોસમ છલકે', 'ચિત્કાર' જેવાં અનેક યાદગાર સફળ નાટકો ભજવાયાં અને મુંબઈ તથા અમદાવાદ દૂરદર્શન મુંબઈ અને અમદાવાદ કેન્દ્રમાં એમના અમુકના રેકોર્ડિંગ પણ થયાં. એ હજી સચવાઈ રહ્યાં હોય તો આપણા નસીબ. ૧૯૬૦માં ગુજરાત, મહારાષ્ટ્ર જુદા થયા પછી ગુજરાતી રંગભૂમિ મુંબઈ અને ગુજરાત એમ બે જુદી શૈલી અને પ્રદેશમાં કાર્યરત થઇ. મુંબઈનાં નાટકો ગુજરાતમાં ભજવાતાં. પણ ગુજરાતનાં નાટકો કોઇપણ કારણોસર મુંબઈમાં એવું અને એટલું સ્થાન પામી ન શક્યાં.

ગુજરાતમાં છૂટી છવાઈ પણ નોંધપાત્ર પ્રવૃત્તિઓથી રંગભૂમિ ધબકતી રહી. અભિનય સમ્રાટ નાટકનું વિશેષણ એના મુખ્ય અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીના નામ આગળ લાગ્યું. તો રંગમંડળ, રંગબહાર, ધુર્જટી અને અર્પણ જેવી થોડી નાટ્યસંસ્થાઓ પ્રવૃત્ત થઇ. માર્કંડ ભટ્ટના 'પરિત્રાણ', 'શેતલ ને કાંઠે' થી માંડી ભરત દવે દ્વારા 'રાજા ઈડિપસ' કે 'બરી ધ ડેડ' પ્રકારનાં પ્રયોગલક્ષી કહી શકાય એવાં નાટકો પણ થયાં અને પી. ખરસાણીનું પત્તાંની જોડ, વિનોદ જાનીનું પ્રીત પિયુ મેં પાનેતર જેવાં સફળ વ્યવસાયલક્ષી સામાજિક નાટકો તો ખરાં જ. જીવરામ જોષીનાં બાળ નાટકો પણ આવ્યાં અને એન એસ ડી રેર્પટરીના અને રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ પણ આયોજિત થવા લાગ્યા અને ભારતભરના વિવિધ ભાષા અને પ્રદેશોનાં નાટકોનો ગુજરાતના નાટ્ય રસિકોને લાભ મળતો થયો અને ગુજરાતનાં નાટકો પણ ભારતભરના મહોત્સવોમાં ક્યારેક ભજવાતાં. જો કે, ૧૯૯૬ બાદ

રંગમંચલક્ષી પ્રવૃત્તિના વળતાં પાણી શરૂ થયાં એમ કહી શકાય. એક તરફ પ્રાયવેટ ટીવી ચેનલો આવી અને બીજી બાજુ ઓડિટોરિયમ, થિયેટર, કલાકારોના ચાર્જ મોંઘા થતાં ગયા અને એકંદરે રંગભૂમિની રોનક ઝાંખી થતી ગઇ. પહેલાં મુંબઈ અને પછી ગુજરાતમાં દર્શકોના ગ્રૂપની સાંસ્કૃતિક સંસ્થાઓ કે જ્ઞાતિ મંડળોના સોલ્ડ આઉટ શો શરૂ થતાં, રંગભૂમિનું વ્યવસાયિક માળખું બદલાયું અને દર્શકોની મનોરંજનની માગ અનુસાર જોક્સ અને કોમેડી અને પછી એકાદ ગીત - નૃત્ય એવું ઉમેરાતું ગયું. અને ઘણી નાટ્યસંસ્થાઓ પોતપોતાની ટીમ સાથે નિયમિત નાટકોના વ્યવસાયમાં આવી અને ટકી પણ રહી. મુંબઈમાં કૌસ્તુભ ત્રિવેદી, રાજેન્દ્ર બુટાલા, સંજય ગોરડિયા અને કેબી વગેરે તથા અમદાવાદમાં ચેતન ગાંધી નાટકો, નાટ્યગૃહો અને સાંસ્કૃતિક મંડળો વચ્ચેની કડી બન્યા. એને પરિણામે વ્યવસાયિક ગોઠવણી અનુસારના પોષાય એવાં બજેટ અને વાર્તાના ધંધાકીય માળખાંને અનુરૂપ નાટકો જ થતાં રહ્યાં. મુંબઈ, ગુજરાત અને વિદેશ ટુર એમ ત્રણ બાજુથી આવકના સ્ત્રોત ખુલ્યા કે સફળ નાટકના ૫૦૦ થી એક હજાર શો થઇ શકે છે. એટલે વર્ષોવર્ષ નવું નાટક આપવાની હોડમાં અને એક સફળ ન રહે તરત બીજું આપવાની લ્હાયમાં મૌલિકને બદલે મરાઠી, અંગ્રેજી નાટકોથી રૂપાંતરિત નાટકોનો આશરો પણ લેવાયો. જો કે, એ દરમિયાન પણ અનેક સફળ અને સારાં નાટકો રંગભૂમિના પ્રાણવાયુ (જુઓ પાનું ૯) ▶▶

# ૨૭ માર્ચ



# વિશ્વ રંગભૂમિ દિવસ

## ગુજરાતી રંગભૂમિની ગઈકાલ, આજ અને આવતીકાલ



સંજય છેલ feedback@bombaysamachar.com

## અંત વગરની અંતાક્ષરી...

### આવતીકાલની રંગભૂમિના અનેક સવાલ

એકવાર મેં બોલીવૂડના જાણીતા ફિલ્મ લેખક-ગીતકાર જાવેદ અખ્તરને પૂછેલું:

ફિલ્મ લાઇનમાં તમે આટલાં વરસોથી છો તો તમને આજે શું ફરક લાગે છે?'

જાવેદજીએ કહેલું: ફરક ઘણો છે કે પણ એક વાતમાં ફરક નથી પડ્યો. હું ૧૯૬૪માં મુંબઇ આવ્યો ત્યારથી એક વાત કાયમ સાંભળતો આવ્યો છું કે-ફિલ્મ લાઇનનું ભાવિ ખતરામાં છે..પણ ફિલ્મ લાઇન ચાલતી જ રહે છે. આવું જ ગુજરાતી નાટકો વિશે પણ છે. વરસોથી નાટકોના ભાવિ વિશે કલાકારો-નિર્માતાઓ ચિંતા કરે રાખે છે પણ એક થઇને સોલ્યુશન કોઇ લાવતું નથી. વળી એક ચોખવટ: મેં માત્ર ફિલ્મો કે ટીવીમાં જ વધુ કામ કર્યું છે, નાટકોમાં નહીં એટલે કોઇને સલાહ આપવાનું મારું ગજું નથી પણ રંગભૂમિનાં ચાહક તરીકે અમુક વાંકદેખી વાતો કહેવી છે. મારા પિતા છેલ (છેલ-પરેશ) ૧૯૬૪થી-૨૦૧૪ સુધી ૬૦૦થી વધુ નાટકોમાં સેટ ડિઝાઇનર હતા એટલે નાનપણથી ગુજરાતી રંગભૂમિનાં ઉતાર-ચઢાવને મેં જોયા છે. ૧૯૭૨માં 'મુંબઇ દૂરદર્શન' નવું-નવું આવ્યું ને ટી.વી. પર દર રવિવારે સાંજે ફિલ્મો આવવા લાગી ત્યારે સૌ કહેતા:

હવે તો નાટકો કોણ જોશે? રંગભૂમિ ખતમ..! શરૂ શરૂમાં નાટકોના બૂકિંગ પર અસર પણ પડી, પણ ધીમે ધીમે એમાંથી બચીને નાટકો ચાલતાં રહ્યાં. પછી વીડિયો કેસેટ આવી ત્યારે પણ એ જ 'હો-હા' મચી. ઊલટાનું એ જ વીડિયો કેસેટોમાંથી નાટકવાળાઓને નવી નવી કથાઓનાં આઇડિયા મળ્યા ને હિટ નાટકો બન્યાં!

કાળક્રમે સી.ડી.-ડી.વી.ડી આવી અને પછી ૨૪ કલાકની અનેક ચેનલો આવી ત્યારે પણ એ જ સવાલ: હવે નાટકો કોણ જોશે? તો યે નાટકો બનતાં રહ્યાં. માન્યું કે અગાઉ ૭૦-૮૦નાં દાયકાઓમાં મહિને એક નાટકના માંડ ૪થી ૮ શો થતા એના કરતાં આજે શોઝની સંખ્યા વધી છે. હા, બે વરસના કોરોનાકાળ બાદ હવે લોકો, ફિલ્મોની જેમ નાટકો માટે પણ થિએટરમાં આવતા ઓછા થયા, નાટક જોનારાં ગૃપ્સ કે મંડળો વિખરાઇ ગયાં કે ઓછાં થઇ ગયા. સારા કલાકારો, સિરિયલો કે વેબ-સિરીઝ તરફ વળી ગયા. નેટફ્લિસક્સ-ડીઝની-એમેઝોન જેવાં ઓ.ટી.ટી. પ્લેટફોર્મ પર હિંદી ને જગતભરની ફિલ્મો-વેબસીરીઝો આવી. તો નાટકોનું હવે આગળ ભાવિ શું? વળી મુંબઇમાં તો નવું ઓડિયંસ જ આવતું નથી, કારણ

કે છેલ્લા ૩૦ વરસથી અહીં ગુજરાતીમાં ભણતા બાળકો જ નથી રહ્યાં . ભાષા જ ના આવડે તો નાટક શેનાં જુએ?

એક જમાનામાં બાળ-નાટકો થતાં એટલે બાળકોને નાનપણથી નાટકની આદત પડતી, જે ત્રીસેક વરસથી સાવ બંધ છે. ૨૦ વરસ પહેલાં આંતર-કોલેજ ગુજરાતી એકાંકી નાટકોની સ્પર્ધાઓ થતી. જેમાંથી નવા કલાકારો

મળતા અને કોલેજમાંનાં વિદ્યાર્થીઓને નાટકો જોવાનો ચસ્કો લાગતો. હવે તો એ પ્રવૃત્તિ પણ ખતમ છે. આ બધામાં નિર્માતાઓ, મંડળોને સસ્તામાં શો વેંચે છે ને એની અસર ટિકિટબારી પર થાય છે. જો કે એમાં નિર્માતાઓ પાસે પણ વહેવારુ કારણો છે. કલાકારો-નિર્માતાઓ પણ કંઇ મંગળ કે ચાંદ પરથી નથી આવતા. એમને પણ ઘર

ચલાવવાનું છે, પ્રેક્ટિકલ પ્રશ્નો હોય છે. બાકી 'રંગભૂમિ' માટે જાન આપવી કે ભેખ લેવો વગેરે વાયડી વાતો લખવા- બોલવામાં સારી લાગે, પણ આદર્શોના આધારે ઇંડસ્ટ્રી ના ચાલે.

બીજી તરફ, મરાઠી નાટકોમાં સારી સંસ્થાઓને સરકાર, નાટકનું નિર્માણ કરવા ગ્રાંટ આપે છે, શું મહારાષ્ટ્ર કે ગુજરાત સરકાર, ગુજરાતી નાટકોને ગ્રાંટ ના આપી શકે?

આપણાં છાપાં-મેગેઝીન-મિડીયાએ પણ બનતી મદદ કરવી જોઇએ. એક જામાનાં નાટકોનાં રિવ્યુ આવતાં, જે હવે બંધ છે. મરાઠીમાં નાટકો વિશે આખું પાનું ભરીને લેખો છપાય છે. મરાઠી કે ઇવન અંગ્રેજી છપાંઓમાં પણ નાટકો માટે સામાન્ય જા.ખ.નાં કરતાં, નાટકોની જા.ખનાં ભાવ ખૂબ ઓછા છે. આપણાં થિએટરનાં

(જુઓ પાનું ૯) ▶▶



વિનીત શુકલ feedback@bombaysamachar.com

## પ્રવીણ જોષીની નાટ્યસર્જન સૃષ્ટિમાં એક ડોકિયું...

### આ દિગ્ગજ દિગ્દર્શક - અદાકારની કળા-કસબની ખૂબીઓ ચર્ચતી એક વિશેષ મુલાકાત

આજે વિશ્વ રંગભૂમિ દિન'ના અવસરે આધુનિક ગુજરાતી રંગભૂમિના એકમેવ ચક્રવર્તી પ્રવીજ જોષીનાં કળા-કૌશલ, સર્જકતા અને વ્યક્તિત્વની પ્રેરક-રસપ્રદ ખૂબીઓ યશસ્વી નાટ્ય-ટેલિવિઝન દિગ્દર્શક દિનકર જાની પાસેથી જાણવા જેવી છે.

શા માટે? એટલા માટે કે એમણે પ્રવીણભાઈના સહાયક દિગ્દર્શક તરીકે સાત વર્ષ રોજેરોજ કલાકો સાથે કામ કરતાં પ્રવીણભાઈનાં ક્રાફ્ટ, કુનેહ અને આંતરસૂઝને ખુબ નિકટતાથી આત્મસાત કર્યાં છે. પ્રવીણ જોષીના વિરલ પ્રદાનમાં આસ્વાદ, મૂલ્યાંકન, પુનર્મૂલ્યાંકનની કોઈપણ વાત દિનકર જાનીના મત, વિચાર કે મુલાકાત વગર અધૂરી ગણવી પડે.

દિનકરભાઈએ ખુદ એક નિવડેલા દિગ્દર્શક છે. રાફડા', ક કતલકો ક', વાત બંધ હોઠની', ડિયર ફાધર' જેવાં ગુજરાતી નાટકો સહિત હિન્દી, મરાઠી અને અંગ્રેજીમાં ભારત અને સિંગાપોરમાં યશસ્વી નાટકોનું દિગ્દર્શન કર્યું છે. એમના દિગ્દર્શનમાં બનેલી શક્તિમાન' અને આર્યમાન' સિરિયલોએ તો ઈતિહાસ રચેલો.

આવા દિનકરભાઈ સાથે ૧૯-૧-૧૯૭૯ના મળસકે અણધારી, દુઃખદ એક્ઝિટ કરી ગયેલા પ્રવીણભાઈની ઝળહળ સ્મૃતિઓ વાગોળવાનો આનંદ જ જુદો છે.

**પ્રશ્ન:** પ્રવીણભાઈની કક્ષાના નાટ્યસર્જક દુર્લભ છે, છતાં એમને મોટો કે નાનો કોઈ જ ઍવોર્ડ નથી મળ્યો. આવું શાથી - કેવી રીતે થયું હશે?

**ઉત્તર:** મને પણ આ સવાલ ખૂબ સતાવતો. પ્રવીણભાઈના મધ્યાહ્ને તપતા સૂર્યના તેજમાં મેં આ સવાલ દિલ્હીની કેન્દ્રીય સંગીત - નાટક અકાદમીની એના ઍવોર્ડ માટેની નિર્ણાયક સમિતિમાં સભ્ય (અને મરાઠી રંગભૂમિનાં સમર્થ દિગ્દર્શિકા)ને પૂછેલો.

જવાબમાં એમણે કહેલું, એ (પ્રવીણભાઈ) નવા, પ્રતિભાશાળી છોકરાઓને બગાડે છે..એમને કમર્શિયલ થિયેટરના રવાડે ચડાવે છે.'

આ જવાબ પરથી મને એવું લાગેલું કે કમર્શિયલ (વ્યવસાયી) થિયેટર કરવું એને એ લોકો હિણપતભર્યું લેખતાં હતાં. મને તરત સવાલ થયેલો: નાટક સારું - બહેતર - ઉત્તમ થાય એ મહત્ત્વનું કે એની ટિકિટબારી પરની સફળતા? નાટકની (અને એથી નાટ્યકારની) અપાર લોકપ્રિયતા એ કોઈ ગુનો છે? વ્યવસાયિક સફળતા એટલે નબળી ગુણવત્તા એવું છે? કદાચ એમના (અને આ કે તે ઍવોર્ડ આપનારા બીજાઓના) મનમાં પણ આવો ભ્રમ હશે જ. નહીં તો ટિકિટબારી પર ખૂબ જ સફળ તથા કળાદૃષ્ટિ પણ ઉત્તમ નાટકોની આટલી લાંબી હારમાળાના સમર્થ સર્જક એક પણ ઍવોર્ડથી ન નવાજાય એવું બને જ કેમ?

**પ્રશ્ન:** પ્રવીણભાઈના સાચા ઉત્તરાધિકારી બનવાની શક્યતા તમને ક્યા ક્યા દિગ્દર્શકોમાં દેખાઈ છે?

**ઉત્તર:** કોઈનામાં નહીં. ઊંડાણમાં જેવું એ ક્યાંય દેખાતું નથી. વિષય, પાત્રો, વાતાવરણ, સંવાદો આત્મસાત રી પ્રેક્ષકના ચિત્ત પર ઊંડો પ્રભાવ પડે એ રીતે આ બધાંને રજૂ કરવાનું કદાચ હવેના દિગ્દર્શકોને ફાવતું નથી કે જરૂરી નથી લાગતું. પ્રવીણભાઈને મેં રિહર્સલ દરમિયાન ક્યારેય સ્ક્રિપ્ટ વાંચતા જોયા જ નથી. પોતાને શું - શા માટે જોઈએ છે તથા કેવી રીતે જોઈએ છે એ બધાં અંગે એ ક્યારેય લેશમાત્ર પણ કન્ફ્યુઝડ ન હોય. કુમારની અગાશી'માં કુમારની છેલ્લી મૂવમેન્ટ તથા ખેલંદો'ના પહેલા અંકનો ડ્રોપ એ કાગળ પર દોરી લાવેલા. બસ, આ બે જ આવા પ્રસંગ હતા, એવું સ્પષ્ટ યાદ છે.

પ્રશ્ન: પ્રવીણભાઈનાં નાટકોનું ક્યું તત્ત્વ આજે તમને ખાસ ખૂટતું લાગે છે?

**ઉત્તર:** દશ્યોનાં કમ્પેઝિશન્સ બહુ ખૂટતાં લાગે છે. મોટિવલેસ મૂવમેન્ટ (હેતુ-લક્ષ્ય વગરની પાત્રોની થતી ગતિ) એમનાં નાટકામાં હોય જ નહીં. આજે આ મૂવમેન્ટ વિથ મોટિવ' નથી દેખાતી. ક્યારેક તો આંખ બંધ કરવાનું મન થઈ જાય છે.

**પ્રશ્ન:** પ્રવીણભાઈના દરેક નાટકોનો ટ્રેડમાર્ક હતો દર્જેદાર નાવીન્ય. વિવિધ ખૂબીઓ વચ્ચેપ તમારી દૃષ્ટિએ, એમની મર્યાદા કઈ હતી?

**ઉત્તર:** હું તો એમના સહાયક તરીકે શીખતો હતો. ઘણું શીખ્યો,

(જુઓ પાનું ૯) ▶▶



વિપુલ વિઠ્ઠલાણી feedback@bombaysamachar.com

## રંગભૂમિ ત્યારે ને અત્યારે...

૧૯૭૧માં આવેલી રાજ કપૂરની ફિલ્મ 'કલ, આજ ઔર કલ'નું ટાઇટલ એટલું સુંદર હતું કે આજની તારીખમાં પણ આપણા જીવનનાં દરેક ક્ષેત્રમાં એ સુસંગત છે. હું રંગભૂમિ સાથે સંકળાયેલો છું અને ખાસ કરીને ગુજરાતી રંગભૂમિ એટલે રંગભૂમિની ગઇ કાલ, આજ અને આવતી કાલ આપની સાથે શેર કરવી ગમશે.

આમ તો રંગભૂમિનો ઇતિહાસ વર્ષો જૂનો છે. એટલો જૂનો કે જો બહુ ખોદવા જાઓ તો એનાં મૂળિયાં કદાચ મહાભારતના સમય સુધી પણ પહોંચી જાય, પણ આપણે એટલા ભૂતકાળમાં ન જતા થોડીક નજીકની ગઈ કાલની રંગભૂમિ અને આજની રંગભૂમિમાં શું ફેરબદલાવ કે પરિવર્તન આવ્યા છે એ વિશે વાગોળીએ.

મને યાદ છે ૪૫ વર્ષ પહેલાં જ્યારથી હું બાળનાટકો થકી સવેતન રંગભૂમિમાં જોડાયો ત્યારથી જ મને નાટકો પ્રત્યે જબરું આકર્ષણ રહ્યું છે. એટલે આટલાં વર્ષોના શાહેદ-સાક્ષી રહીને તેમ જ વડીલ અને અનુભવી નાટ્યકર્મીઓ પાસેથી જે જાણવા કે સાંભળવા મળ્યું છે એ જણાવું.

દુનિયામાં કુદરત સિવાય કોઈ મફતમાં કશું જ કરતું નથી. એક હાથ દે, એક હાથ લે-વાળો ઘાટ પહેલેથી ચાલતો આવ્યો છે. પણ આનાથી વિપરીત એક જમાનો એવો હતો જ્યારે માત્ર અવેતન રંગભૂમિ ચાલતી. એમાં કલાકાર-કસબીઓએ કામ તો કરવાનું પણ કોઈપણ પ્રકારની અપેક્ષા વગર. રાજીખુશીથી કશુંક મળ્યું તો ઠીક, બાકી ઇલ્લે ઈલ્લે. જો કે, ધીમેધીમે સમય બદલાવા લાગ્યો અને ઉદય થયો સવેતન રંગભૂમિનો. કલાકાર-કસબીઓને એમની કળા બદલ મહેનતાણું મળવાનું ચાલું થયું. સાંભળવા મળ્યા મુજબ એક સમયે કલાકારો પગાર પર હતા. મહિનામાં કેટલા પણ પ્રયોગો થાય, એમની એક રકમ ફિક્સ. પણ પછી એમાં પણ બદલાવ આવ્યો અને કલાકાર- કસબીઓને પ્રયોગદીઠ મહેનતાણું મળવાનો શિરસ્તો ચાલુ થયો જે આજ સુધી ચાલતો આવ્યો છે.

આ મહેનતાણાંને નાટકની ભાષામાં ગુજરાતીઓ 'કવર' કહે છે તો મરાઠીઓ 'પાકિટ'. એવું પણ સાંભળવામાં આવ્યું છે કે એક વખત એવો હતો જ્યારે એક જ દિવસે નાટકના બે પ્રયોગ હોય તો કલાકાર-કસબીઓને બેને બદલે માત્ર દોઢું જ કવર મળતું, પણ અમુક નાટ્યકર્મીઓના વિરોધને કારણે એ પ્રથા બંધ થઈ ગઈ.

પહેલાના વખતમાં રંગભૂમિ પર કળા દર્શાવાને મુખ્ય વ્યવસાય તરીકે ગણવામાં ન આવતો, કારણ કે ત્યારે એટલાં બધાં મંડળો કે સંસ્થાઓ નહોતાં કે ખૂબ બધા પ્રયોગો થાય. કલાકારે જીવનનિર્વાહ માટે પોતાનું ગાડું ચલાવવા બીજે ક્યાંકને ક્યાંક નોકરી કે નાનો-મોટો કામ-ધંધો કરવાં પડતાં. આવામાં મુખ્યત્વે કલાકારો બૅંકમાં નોકરી કરવાનું પસંદ કરતા, જેથી મોટા ભાગે શનિ-રવિવારે ભજવાતા નાટકોના પ્રયોગો વખતે છુટ્ટી મળવવામાં આસાની રહે, પણ ૯૦ના દાયકા પછી કિસ્મત નાટ્યકર્મીઓની તરફેણમાં આવવા લાગી અને મંડળો તેમ જ સંસ્થાઓની વધતી જતી સંખ્યાને કારણે નાટકોના પ્રાયોજિત સહિત મહિને સરેરાશ ૨૦થી ૨૨ પ્રયોગો થવા લાગ્યા. પરિણામ સ્વરૂપ આજે મોટા ભાગના નાટ્યકર્મીઓ માત્ર રંગભૂમિ પર જ નભે છે અને એમનું ગાડું પૂરપાટ દોડે પણ છે. જો કે , ૨૦૨૦ના કોરોના કાળ પછી રંગભૂમિને જાણે કોઈકની નજર લાગી ગઈ હોય એમ પાછો બદલાવ આવ્યો. સંસ્થાઓની સંખ્યા મોટી માત્રામાં ઓછી જવાથી ટાંચા પ્રાયોજિત પ્રયોગો અને ટિકિટ ખર્ચીને નાટક જોવા આવનાર પ્રેક્ષકોની ઘટતી જતી સંખ્યાનાં કારણે સો કે દોઢસો શોનો આંકડો પાર કરવો મુશ્કેલ બની ગયો છે. ટિકિટ ખરીદવાની વાત નીકળી જ છે તો એ પણ જણાવી દઉં કે એક વખત એવો પણ હતો જ્યારે લોકોને નાટકના પ્રયોગની જાણકારી આપવા એક માણસ ભાડે રખાતો જે આખો દિવસ સાઈકલ કે ગાડામાં લાઉડ સ્પીકર લઈને જાહેરાત કરતો ફરતો. સમય જતા એ પ્રથા બંધ થઈ ગઈ અને અખબારોમાં જાહેરાતોની સાથે કલાકારો-કસબીઓ પણ પુશ સેલિંગ કરવાનું ચાલુ કર્યું. એટલે કે એ પોતાનાં સગાં-સંબંધીઓ કે મિત્ર વર્તુળમાં અથવા તો ઘરેઘરે જઈને ટિકિટોનું વેચાણ કરતા, પણ મધુકર રાંદેરિયા અને જયંતી પટેલ અભિનીત રંગીલો રાજા નામક નાટકથી ક્રાંતિ આવી અને લોકો ટિકિટ ખરીદવા થિયેટર તરફ આકર્ષાવા લાગ્યા. ત્યારબાદ રંગભૂમિએ તો એવો સમય જોવાનું શરૂ કર્યું જ્યારે કાંતિ મડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ઠક્કર, પ્રવીણ જોષી, અરવિંદ જોષી, સરિતા જોષી, શૈલેષ દવે ,જગદીશ શાહ, દીપક ઘીવાળા જેવાં અનેક દિગ્ગજોનાં નાટકો જોવા બુધવારે સવારે નવ વાગ્યે બૂકિંગ-બારી ખૂલે એ પહેલાં જ ઍડવાન્સમાં ટિકિટ બૂક કરાવવા દોઢસો-બસો જણાની લાંબી લાઇન લાગી જતી. અને આજે વધતી જતી ટેક્નોલોજી અને ઈન્ટરનેટના જમાનામાં મોટા ભાગની જનતા ઘેરબેઠાં ઑનલાઈન જ ટિકિટ બૂક કરાવી લે છે. આમ છતાં આજે પણ થિયેટર પર જઈને ટિકિટ ખરીદવાવાળાઓનો એકનાનકડો વર્ગ તો છે .

જે જમાનામાં જ્યારે જૂજ પ્રાયોજિત સાથે માત્ર જાહેરપ્રયોગો ભજવી ૫૦ કે ૧૦૦થી વધારે શોનો આંકડો પાર કરવાને અનોખી સિદ્ધિ ગણવામાં આવતી ત્યારે સંતુ રંગીલી, બાણશય્યા, અભિનય સમ્રાટ, એની સુગંધનો દરિયો, મહારથી, બા રીટાયર થાય છે કે આજે ધંધો બંધ છે જેવાં અનેકાનેક નાટકોએ એ શિખર સર કરી બતાવ્યું હતું. એક માહિતી મુજબ પ્રીત, પિયુ ને પાનેતર નાટકે તો દસ હજારની આસપાસ પ્રયોગો ભજવ્યા છે. અને એટલે જ આવાં નાટકો આજે પણ નાટ્યરસિકોની સ્મૃતિમાંથી ભૂંસાતા નથી.

છેલ્લાં વીસ વર્ષમાં તો રંગભૂમિએ એવો સમય પણ જોયો છે જેમાં માત્ર ૩થી ૯ મહિના દરમિયાન ૧૦૦થી ૩૦૦ પ્રયોગો ભજવાતા વાર નહોતી લાગતી.

પહેલાંના વખતમાં લેખકો અને દિગ્દર્શકો નવા-નવા વિષયો લાવતા અને નિર્માતાઓ નવતલ પ્રયોગ કરવાની હિંમત પણ કરતા. એ જ નક્કી કરતા કે એમણે પ્રેક્ષકોને શું દેખાડવું છે તો સામે પક્ષે

(જુઓ પાનું ૯) ▶▶



રજની શાંતારામ
feedback@bombaysamachar.com

## પ્રેક્ષકો, થિયેટર પર હાઉસફુલનું પાટિયું ઝૂલતું કરી દો !

નમસ્તે, હું રજની શાંતારામ... ગુજરાતી રંગભૂમિની એક કલાકાર. જૂની - નવી રંગભૂમિ સાથેનો મારો અનુભવ હું આપ બધા સાથે વહેંચવા માગું છું- જણાવવા માગું છું.

સૌપ્રથમ આજના વિશ્વ રંગભૂમિના દિવસે નાટ્યપ્રેમી વાચકોને અઢળક શુભેચ્છા. હું જ નહીં, દરેક કલાકાર દર્શકનો ઋણી છે, કારણ કે તમે આપેલા સ્નેહ અને પ્રતિભાવથી જ કલાકાર અને રંગભૂમિ ઊંચાઈ હાંસલ કરી શકી છે.

જૂની રંગભૂમિ એટલે શ્રી દેશી નાટક સમાજ, ભાંગવાડી. એમાં મને કોમિક હિરોઈન તરીકે કામ કરવાની તક મળી. બન્યું એવું કે વર્ષોથી કંપનીનાં નાટકોમાં કામ કરતા સુશીલાબહેન સાથે કંપનીને કોઈ વાંધો પડ્યો અને સુશીલાબહેન કંપની છોડી ચાલ્યાં ગયાં. દેશી નાટક સમાજને અભિનેત્રીની જરૂર હતી અને એ જરૂરિયાતમાં ફિટ બેસી ગઈ અને મને નાટકમાં કામ કરવાની તક મળી. વર્ષો સુધી દેશી નાટક સમાજમાં પોતાનું સ્થાન જમાવનારા સિદ્ધહસ્ત અદાકારા સુશીલાબહેનના સ્થાને કામ કરવું મારા માટે એક પરીક્ષા હતી- અગ્નિપરીક્ષા હતી, પણ કલાકાર એ જ કહેવાય જે કોઈ પણ ચેલેન્જ સ્વીકારી લે અને રંગદેવતાના આશીર્વાદથી એ પરીક્ષામાં હું સાંગોપાંગ પાર ઊતરી. કામ કરી મને ઘણું જાણવા મળ્યું, શીખવા મળ્યું. છપ્પા કેવી રીતે બોલાય, સંવાદના કયા શબ્દો પર કેટલો ભાર શું કામ આપવો જોઈએ જેવી ઝીણી ઝીણી વાતો હું સમજી અને આ કેળવાયેલી સમજણે મારી કારકિર્દી ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

નાટકના સેટિંગ્સ, એની સજાવટ આંખોમાં વસી જાય એવી રહેતી. કલાકારને એવું લાગે કે પોતે ફિલ્મમાં કામ કરી રહ્યો છે. નાટકનાં ગીતો એનું આભૂષણ હતાં. એ ગીતના શબ્દો, એની ધૂન અને કલાકારના લહેકાના ત્રિવેણી સંગમથી પ્રસન્નચિત્ત પ્રેક્ષકો જ્યારે 'વન્સ મોર, વન્સ મોર' કરે ત્યારે કલાકાર પોરસાય જાય અને એ ગીત બમણા ઉત્સાહથી અને આનંદ સાથે રજૂ કરે. આ 'વન્સમોર' એક એવું ટોનિક હતું, જે કલાકારને બહેતર પરફોર્મન્સ માટે શક્તિ પૂરું પાડતું. પછી ભાંગવાડી બંધ થઈ. પણ કહે છે ને કે શો મસ્ટ ગો ઓન...

જૂની રંગભૂમિમાંથી હું નવી રંગભૂમિમાં આવી. ખોળિયું બદલાય, આત્મા તો અવિનાશી છે ને. અલબત્ત, મારા માટે આ અનુભવ સાવ નવો હતો. એક નોંધપાત્ર ફરક મને એ જોવા મળ્યો કે નવી રંગભૂમિના અમુક દિગ્દર્શકો હું ડાયલોગ બોલું ત્યારે કહેતા કે 'અરે, ભાંગવાડીની જેમ તમે નહીં બોલો.' એ લોકો શું કહેવા માગે છે, આવું કેમ કહેતા હશે એ મને ન સમજાયું. 'ભાંગવાડીની જેમ નહીં બોલવું' એટલે શું એનો મને કોઈ અંદાજ નહોતો, કારણ કે ભાંગવાડીમાં ઐતિહાસિક, સામાજિક અને પૌરાણિક નાટકો થતાં હતાં, પણ દરેક નાટકમાં સંવાદ બોલવાની ઢબ - શૈલી જુદી રહેતી. ઐતિહાસિક નાટક હોય ત્યારે અવાજ વધુ બુલંદ રહેતો, પણ સામાજિક નાટકમાં તો આપણે ઘરમાં સામાન્ય રીતે જે ટોનમાં વાતચીત થતી હોય છે એ જ રીતે અમે બોલતાં એટલે મને મૂંઝવણ થઈ કે દિગ્દર્શક કઈ શૈલીની ના પાડે છે, પણ હું નવી હતી એટલે કોઈ દલીલ કર્યા વિના મન મનાવી લીધું અને દિગ્દર્શક કહે એ પ્રમાણે કામ કરી હું આગળ વધતી ગઈ.

મારા સદભાગ્ય કે મને કાંતિ મડિયા અને શૈલેષ દવે જેવા અવ્વલ દિગ્દર્શકો સાથે કામ કરવાનો મોકો મળ્યો. આઇએનટીનાં નાટકો પણ કર્યાં. કાંતિભાઈ અને શૈલેષભાઈ પાસેથી મળેલી તાલીમ તો હું ક્યારેય નહીં ભૂલું અને એમનાં સૂચન ને માર્ગદર્શન મારી અભિનય કારકિર્દી આગળ વધારવામાં નિમિત્ત બન્યા એ હકીકત છે. નાટકમાં પાત્ર અનુસાર અભિનયની અપેક્ષા તો દરેક દિગ્દર્શક રાખતો જ હોય, પણ આ બંને દિગ્દર્શક પાત્ર સ્ટેજ પર શું કામ મુવમેન્ટ કરે છે, જે ડાયલોગ બોલાય એનો અર્થ શું થાય અને કયા શબ્દ ઉપર કેટલો ભાર શું કામ આપવાનો છે એ સમજાવતા. આવી તાલીમ નાટકને તો સશક્ત બનાવે જ, કલાકારનું પણ ઘડતર કરે.

વર્ષો સુધી દિગ્ગજ દિગ્દર્શકો સાથે કામ કર્યા પછી ગયા વર્ષે મને સાવ અલગ જ અનુભવ થયો. કહેવાય છે ને કે ઉત્તમ અભિનેતા આજીવન વિદ્યાર્થી હોય છે. સતત શીખતા રહેવાની વૃત્તિ જ કલાકારને આગળ વધવામાં મદદ કરે છે. એક નાટકની ઓફર મારી પાસે આવી. નિર્માતા તેમજ નાટક સાથે સંકળાયેલા બધા જ લોકો મારા માટે નવા હતા. જો કે, નાટકની સ્ક્રિપ્ટ મને ગમી એટલે મેં હા પાડી, પણ નાટકના પહેલા શો પછી મારો અવાજ ઓડિયન્સ સુધી નથી પહોંચતો એવું કારણ આપી મારી જગ્યાએ બીજી કોઈ અભિનેત્રીને લેવામાં આવશે એમ મને ફોન પર જણાવવામાં આવ્યું. મને દુઃખ થયું, કારણ કે ૬૦ વર્ષમાં કોઈએ મારી સાથે આવી રીતે વાત નહોતી કરી. ખેર, અનુભવની માર દિમાગમાંથી એક્ઝિટ કરાવી નાખી.

હવે આવતી કાલની વાત કરું છું. આજની તારીખમાં રંગભૂમિ પાસે ઘણા સારા કલાકાર છે. આજે એવા નિર્માતા પણ છે જે પૈસા ખર્ચવા તૈયાર હોય છે. સરસ મજાનાં નાટકો પણ તૈયાર થઈ ભજવાય છે. એક સમય હતો જ્યારે નાટકનું એડવાન્સ બુકિંગ શરૂ થાય અને અનેક દિવસો સુધી શો હાઉસફૂલ થઈ જાય.

આજે સમસ્યા છે પ્રેક્ષકોની ગેરહાજરીની. આ ખોવાઈ ગયેલા પ્રેક્ષકો જ્યારે થિયેટર પર હાઉસફુલનું પાટિયું લગાવવાની ફરજ પાડશે ત્યારે પ્રોડ્યુસરોને પૈસાનું વળતર મળશે અને કલાકારોની મહેનતની કિંમત થશે. એટલે હાથ જોડી પ્રેક્ષકોને વિનંતી કરું છું કે નાટક જરૂર જોવા જાવ. જરૂર માણવા જાવ. સાથે સાથે રંગભૂમિ સાથે સંકળાયેલા લોકોને પણ વિનંતી કરું છું કે આજના સમયને અનુરૂપ વાર્તા લાવો , જેથી રિસાઈ ગયેલો પ્રેક્ષક ફરી નાટક જોવા લલચાય. તો જ આ રંગભૂમિ અગાઉ જેવી ફરી ધમધમતી થઈ જશે. ■

# ૨૭ માર્ચ વિશ્વ રંગભૂમિ દિવસ



## ગુજરાતી રંગભૂમિની ગઈકાલ, આજ અને આવતીકાલ

અરવિંદ વેકરિયા
feedback@bombaysamachar.com



## ‘જૂની-નવીની નવા જૂની...’

જિંદગીમાં બધું એવું નહીં થાય, જે આપણને ગમશે.. એવું પણ થશે, જે આપણે ગમાડવું પડશે.....

માર્ચ મહિનાની ૨૭ તારીખ એટલે ‘વિશ્વ રંગભૂમિ દિવસ’ ! કલાકારો માટે રૂડો અવસર.. અનેક સંદેશાનાં ઘોડાપુર આ દિવસની યાદ અપાવવા તમારા મોબાઈલ ઉપર ઠલવાશે, પણ આને લઈને કોઈ ઉજવણી થાય...જે થોડા અપવાદ બાદ કરતાં થતી નથી.

ઘણાએ આ રંગભૂમિના ભાગલા પાડી દીધા છે. મોઢે રંગ લગાડી, મળેલાં પાત્રમાં પરકાયા પ્રવેશ કરી તખ્તે રમતા કલાકારો પહેલા પણ હતા અને અત્યારે પણ છે ,છતાં હજી સમજાતું નથી કે ભાગલા રંગભૂમિના પાડી આવું ‘જૂની રંગભૂમિ’ નામ ક્યા ફૈબાએ પાડ્યું હશે?

પરિવર્તન એ દુનિયાનો નિયમ છે એ વાસ્તવિકતા સ્વીકારીએ તો ચોક્કસ રંગભૂમિ ‘અપ-ગ્રેડ’ થઇ છે, પણ એ ‘જૂની’ અને ‘નવી’ એવું વિભાજન કેમ?



જૂની પણ તખ્તાની અને નવી પણ તખ્તાની જ ‘ભૂમિ’ છે. જૂનાં નાટકો પર એક નજર કરું છું તો યાદ આવે છે, ‘છૂટા-છેડા’, ‘સંસ્કારલક્ષ્મી’, ‘સર્વોદય’, ‘જીગર અને અમી,’ ‘વડીલોના વાંકે’, ‘સંતાનોના વાંકે’, ‘વિમળજ્યોતિ’ ‘માયા’ અને ‘મમતા’, ‘સામે પાર’ ....યાદી પૂરી કરવા બેસું ને યાદ સાથ આપે તો બે-ત્રણ લેખ તો માત્ર નાટકોનાં નામથી જ પૂરા કરવા પડે.

કહેવાતી આધુનિક રંગભૂમિમાં સ્ટેજ ઉપર વિવિધતા માત્ર અમુક નામી દિગ્દર્શકો જ કરી શક્યા છે. હું નાનો હતો ત્યારે ‘સામે પાર’ નાટકમાં મેં મિરર-ટેકનિક જોયેલી, જેમાં એક સેકન્ડમાં ‘જડભરત’ અને બીજી સેકન્ડે ‘આદમી’ પ્રેક્ષકો નિહાળી શકતા.

તો એ જ નાટકમાં પોતાનો વધ કરવા જતો યુવાન તલવારથી પોતાનું માથું કાપે કે તરત પડદો ફોટા આકારનો ચીરાય જાય અને એમાંથી મા-લક્ષ્મી સાક્ષાત પ્રગટ થાય..! એક નાટક હતું ‘સંપતિ માટે’, જેમાં આખું ફાયર બ્રિગેડ તખ્તા પર આવતું અને ત્યાં ઈન્ટરવલ પડતો. જેને આપણે જૂની રંગભૂમિ કહીએ છીએ એ પૂરતાં સાધનો વગર કઈ રીતે કરી શકતા હશે? આજે જ્યારે પૂરતી ટેકનિક રહે છે ત્યારે કેમ આવા પ્રયોગ જોવા નથી મળતા? આજે ‘જૂની’ ભલે ભૂતકાળ થઈ ગઈ પણ એક ભડવીર હતો. વિનયકાંત દ્વિવેદી (પ્રભુલાલ દ્વિવેદી, જેમણે જૂની રંગભૂમિની ખુબ સેવા કરી. એમના એ સુપુત્ર), જેમણે ‘સંભારણા’ નામનો એક કાર્યક્રમ શરૂ કર્યો હતો. એમાં જૂની રંગભૂમિના નાટકનાં દ્રશ્યો રજૂ કરાતાં, પરંતુ એ માત્ર એ વખતના પ્રેક્ષકો, જેમણે ‘જૂની’ વિષે થોડું ઘણું સાંભળેલું હોય એ જ આવતા. ‘જૂની’ ને પુનર્જિવીત કરવાનું સપનું વિનયભાઈનું સાકાર ન થયું. અત્યારની યુવાન પેઢી છે, તેમાંથી મોટા ભાગે અંગ્રેજી માધ્યમની છે, ‘નેટફલિક્સ’ જેવાં ઓ.ટી.ટી. પ્લેટફોર્મ્સ જુએ છે. ‘લાઈવ આર્ટ’ ને અધમુઈ કરી નાંખી છે.

જૂનાં નાટકો, જેમાં ગીતો રહેતાં, વાર્તાઓ પણ સુંદર રહેતી એ મને બધું ગમતું. હવે તો આખો યુગ બદલાય ગયો. આ હકીકતનો સ્વીકાર કરવો જ પડે કે જિંદગીમાં બધું એવું નહીં થાય જે આપણને ગમશે અને એવું પણ થશે જે આપણે ગમાડવું પડશે.

જૂની રંગભૂમિની અહીં વાતો વાગોળી નવી રંગભૂમિને નીચી દેખાડવાની કોઈ વાત નથી જ નથી. ‘નવી’ એની જગ્યાએ મજબૂત છે. હા, એવા લેખક ઓછા છે , જે કથાવસ્તુને પ્રાધાન્ય આપે. બાકી નર્યા જોક્સનો થોકડો વીણી વીણીને ઠાલવે છે. જો કે આજનો મુંબઈકર આ શહેરની હાડમારી વેઠી આવું જ મનોરંજન ઈચ્છે છે એ માન્યતા નિર્માતાઓમાં દ્રઢ થઈ ગઈ છે અને એટલે પોતાનાં નાટકો એ રીતે રજૂ કરે છે. અમુક ૫૬ની છાતીવાળા નિર્માતા-દિગ્દર્શકો છે જે કોઈ પ્રેરણા આપતી, પોતાને ગમતી કથા લોકો સ્વીકારે તો ઠીક, પણ પોતાનું મનગમતું રજૂ કરવાની હિંમત કરે જ છે. કમનસીબે એવી વ્યક્તિ આંગળીને વેઢે ગણાય એટલી પણ માંડ છે.

જૂની રંગભૂમિના મૂળ ખૂબ ઊંડા છે, જે આજે લોકોને ગમતા નથી એ પણ એટલું જ સાચું છે. ઘણીવાર તમારા મૂળ નબળા નથી હોતા, કાપનાર કુહાડી જ વધારે ધારદાર હોય છે. એવું લાગે છે કે હાલના નિર્માતા-દિગ્દર્શકોએ જૂની રંગભૂમિને જાણે તિલાંજલિ આપી દીધી છે ને નક્કી કરી લીધું છે કે ફરીને પાછળ જોવાનું મેં છોડી દીધું છે. જે છૂટી ગયું એ મારું હતું જ નહિ’.

આમ છતાં ‘રંગભૂમિ’ એ ‘રંગભૂમિ’ જ રહેશે તો આપણે જૂની’ અને નવી’ જેવા સંબોધન કાઢતા શીખી એને કલા’ તરીકે અપનાવી લેવી જોઈએ.


મારે માટે જૂની રંગભૂમિ એટલે વીતી ગયેલો સમય.હાલનો ચાલી રહેલો સમય એ આધુનિક કે નવી રંગભૂમિ અને તખ્તા માટે

આવનારો સમય એટલે ઉમીદ,, તખ્તો જીવ્યો છે, જીવે છે અને જીવતો રહેશે.

૧૯૭૪મા જયારે માત્ર દુરદર્શન જ અસ્તિત્વમાં હતું ત્યારે દર રવિવારે હિન્દી ફિલ્મો બતાવવાનું શરુ થયું. અને નાટકમાં પ્રેક્ષકોની હાજરીમાં બહુ મોટો ફરક પડેલો. એ સમયે બહુરૂપી સંસ્થાના નિર્માતા લાલુ શાહે મને કહેલું : જાડિયા, હવે આ રંગભૂમિ વરસ-બે-વરસ માંડ જીવશે, પણ એ ખોટા પડ્યા એ વાતનો આનંદ છે...કોરોના કાળ પછી માંડ માંડ ફરી બેઠી થયેલી રંગભૂમિને હવે ધીમે ધીમે કળ વળી રહી છે, પ્રેક્ષકો હવે થિયેટર ભણી થોડા થોડા વળી રહ્યાં છે. વળી ગયેલી કળને વાળવી હશે.

તો બળથી નહિ કળથી કામ કરવું પડશે, કન્ટેટ- કથાવસ્તુ પર ફોકસ કરવું પડશે. પાયાનાં ઘણા પથ્થરો હતા, જેમણે ઘરે-ઘરે ટિકિટો વહેંચીને ‘રંગભૂમિ’ માટે જાત ખપાવી દીધી, એ બધાને નત-મસ્તક (જુઓ પાનું ૯) ▸▸

કપિલદેવ શુક્લ feedback@bombaysamachar.com



## જૂના ભ્રમ ભાંગી રહ્યા છે નવા સર્જાતા જાય છે...

આજના અવસરે સમગ્ર વિશ્વમા દરેક ભાષાઓમાં નાટકના કળાકારો કંઈકને કંઈક વિશેષ ભજવણી કે પ્રસ્તુતી કરતા રહેતા હોય છે.

આ રીતે વૈશ્વિક આહ્લેક જગાવી કળાકારો રંગભૂમિ સહિત પોતાના અસ્તિત્વની આલબેલ પોકારતા રહે છે.

એક અનિવાર્ય સ્પષ્ટતા છે કે આજના વિષય માટે ગુગલ કે અન્યત્ર સહજ ઉપલબ્ધ હોય તેવી વાત અહીં કારણ વિના લેવાશે નહીં. વળી નામો, હા, નામોનું પણ એવું જ રહેશે. આટલાં સૈકાઓમા ભજવણીના સ્થળને ગુજરાતી રંગભૂમિબનાવનાર કળાકારોનાં એટલાં બધાં નામો જાણીતા માનીતા કે સાવ અજાણ્યા રહ્યા હોવાથી એ નામો જ્યાં જ્યાં જરૂરી લાગે ત્યાં ત્યાં સૌએ મુક્ત મને ગોઠવી લેવા.

ગુજરાતી રંગભૂમિ એટલે.

ગુજરાતી રંગભૂમિ’ના સાચા તેમજ બૃહદ અર્થમાં ભવાઈ, રામલીલા, રાસધારીના ખેલ સમા લોકનાટ્યો, લોકનૃત્યો, લોકસંગીત તથા આ સર્વે કળાઓના અભિજાત-શાસ્ત્રીય સ્વરૂપો પણ સમાહિત છે.

ઈતિહાસ રચનાર તેને લખવાની કાળજી નથી કરતો. અસાઈત ઠાકરે ૧૪મી સદીમાં લોકનાટ્ય ભવાઈના ૩૬૫ વેશો ગુજરાતી ભાષા’મા જ રચી, તેને ભજવીને ગુજરાતી રંગભૂમિનો સાચો પ્રારંભ કર્યો હતો, આ ઐતિહાસિક તથ્ય છે.

હા,આપણે માત્ર ચોથી દીવાલ’માંથી જોવાના કે થિયેટરમાં બેસી જોવાના કે પડદા-જવનિકા’ના નાટકોને કેન્દ્રમાં રાખી વાતો કરીએ; તો તેવા પ્રકારના નાટકો તો સમગ્ર રંગભૂમિનો માત્ર એક ભાગ બને છે- એ સમગ્ર રંગભૂમિ નથી બની જતી. એવા ચોથી દીવાલના કે થિયેટરમાં બેસી જોવાના પડદા’નાં ગુજરાતી નાટકો ૧૮૫૩મા પારસીઓએ મુંબઈમાં શરૂ કર્યા હતા તે પણ સત્ય છે.

ગુજરાતી ભાષાના અર્વચીનોમા આદ્ય વીર કવિ નર્મદે નાટકો પણ રચ્યા હતા; નાટકને સાવ સરળ રીતે સમજાવતા એમણે લખ્યુ કે.

*હું બની બનાવું રંગ ઉપજાવું,*
*હસવું લાવું ખડ ખડ ખડ;*
*ફરેબ લગાવું, ક્રોધ જગાવું,*
*આંસુ પડાવું દડ દડ દડ!!!*
*સહુને નચાવું, તોબા કરાવું,*
*વળી વરસાવું ભય ભય ભય!*

ખોડ છુપાવું, બહુ જસ પામું, સહુને અપાવું, જય જય જય!

૧૮૫૩ પછીનો એ સમય હતો જ્યારે મનોરંજન માટે માત્ર નાટકો જ હતાં એટલે ત્યારે ઘણી નાટક કંપનીઓ એક યા બીજા કારણે અસ્તિત્વમાં આવી હતી. જેને જૂની રંગભૂમિ તરીકે આપણે ઓળખીએ છીએ તેના નાટકો વન્સમોરને કારણે આખી રાત ભજવાતા. ગીત-સંગીત, નૃત્ય ભર્યા જૂની રંગભૂમિના નાટકો કંપનીઓ દ્વારા મુંબઈ, કલકત્તા, ગુજરાત સહિત આખા દેશમાં અનેક સ્થળે ચોમાસા સિવાય આખુ વર્ષ ભજવાતા. એ નાટક કંપનીઓએ સેંકડો નાટકોના હજારો પ્રયોગો કર્યા હતા. ચમત્કૃતિસભર એ નાટકોએ પ્રેક્ષકોને એવા તો મુગ્ધ કર્યા હતા કે એ નાટકો માણવા રસિક પ્રેક્ષકો ટ્રેન જોડી જોડીને આવતા.

આડ વાત : ગુજરાતી રંગભૂમિનું સૌ પ્રથમ મૌલિક નાટક પુસ્તક સ્વરૂપે ૧૮૬૨મા પ્રકાશીત થયું તે ગુલાબ, લેખક શ્રી નગિનદાસ તુળજાદાસ મારફતીઆ; એમણે ગુજરાતી ભાષામાં અને તેમાંયે ખાસ સુરતી બોલીમાં તે લખ્યું અને નર્મદને અર્પણ કર્યું હતું. તો ગુજરાતી ભાષાની સૌ પ્રથમ મૌલિક નવલકથા કરણઘેલો’ પણ સૂરતના લેખક શ્રી નંદશંકર મહેતાએ લખી ૧૮૬૬મા પ્રગટ કરી હતી. આમ સૌ પ્રથમ ગુજરાતી કરણ-ગુલાબ-ઘેલો હતો.

મૂળ વાત, જૂની રંગભૂમિ ૧૯૪૭ પછી મંદ પડતી ગઈ અને ભાંગવાડી તૂટ્યા પછી તો અસ્તીત્વહીન થઈ ગઈ. ભવાઈમાં પ્રવેશેલી અશ્લીલતા અને અન્ય વિકૃતિઓ નેસ્તનાબૂદ કરવા જૂની રંગભૂમિનો રંગમંચે ઉદય થયો હતો. વખત જતા એવા જ ઘણા કારણોસર જૂની રંગભૂમિ વિનાશની દિશા અને દશા વહોરી બેઠી.

આ છે આપણી રંગભૂમિની ગઈકાલની અલપઝલપ ઝલક.

અર્વાચીન અવૈતનિક ગુજરાતી રંગભૂમિનો પાયો સૂરતના ચન્દ્રવદન ચીમનલાલ મહેતાએ એલફીસ્ટન કોલેજમા લાલિયા પરાપર ભજવીને મુંબઈ ખાતે નાખ્યો હતો.

પછી આવી સ્પર્ધાઓહા, સ્પર્ધાઓ વર્ષોવર્ષની એ વિવિધ નાટ્યસ્પર્ધાઓએ ઉત્તમ - લેખકો, દિગ્દર્શકો, અભિનેતા-અભિનેત્રીઓ, સંગીતકારો, સેટડિઝાઈનરો, લાઈટ ડીઝાઈનરો, નિર્માતાઓ - નાટ્યકળાને આપ્યા; અને છોગામાં રસિક પ્રેક્ષકોને થીયેટર સુધી લાવી નાટકો માણતા કરી દીધા.

..અને પાંગરી સવેતન રંગભૂમિ.

તેની શરૂઆતમાં કળાકારોએ ઘેર ઘેર જઈ ઉત્કૃષ્ટ મનભર નાટકોની બતાવવાની ખાતરીઓ આપી અને પાળી પણ. નવી રંગભૂમિ ઉપર વિષય વૈવિધ્યની લીલાએ રંગમંચના રાજપાટની ચોપાટોને, બળવત્તર ખેલ તરીકે જીવંત રાખવા અગણિત મહામૂલી સોગઠીઓ પૂરી પાડ્યા કરી છે.

મુંબઈ હંમેશા ગુજરાતી નાટકોનું કેન્દ્ર રહ્યું છે. ગુજરાત અને મુંબઈ ખાતે છેલ્લા ૭૫-૮૦ જેટલાં વર્ષોના પ્રલંબ સમયપટ પર આપણી નવી રંગભૂમિની આજ’ હજીયે પોતાના અસ્તિત્વના આભા-આનંદ પ્રસરાવી જીવંત રહી છે.

શરૂઆતે યોગક્ષેમ માટે કળાકારો કોઈ નોકરી કે અન્ય વ્યવસાય કરવા સાથે નાટ્ય પ્રવૃત્તિઓ થોભ્યા વગર કરતા રહ્યા.સમય જતા સવેતન નાટ્યપ્રવાહ બળવત્તર બનતો ગયો.

આ સમયે પ્રેક્ષકોને કયા નાટકો જોવા સારા? એનો નિર્ણય કઈ સંસ્થાનો નાટક છે તેના પર મદાર બંધાતો. પછીના સમયે કયા દિગ્દર્શકનો છે એ નાટક? તે જોવા માટેનુ આકર્ષણ બન્યું. ત્યારબાદ નાટકમા કોણ કોણ અભિનય કરી રહ્યા છે તે જાણી ટિકિટો ખરીદાતી. હવે આયોજકો, પ્રસ્તુત કર્તા જોવાય છે.

આમ સમયે સમયે કોનો સમય ચાલે છે તે સમય ઓળખાવતો રહ્યો છે. આપ કહો, આ બધામાંથી આજે નાટક જોવા તમે શેના પર સૌ પ્રથમ પસંદગીનો કળશ ઢોળી શકશો?

વિષય વૈવિધ્ય પરથી લેખન વૈવિધ્યની લેખણ સૂકાતી જાય છે? કે નાટકમાં માત્ર હસવા-હસાવવા માટેના પેંતરાઓ, કિમીયાઓ શોધતાં શોધતાં ઘણુ કરીને એકનીએક હાસ્યજનક નીતિરીતિઓમાંથી ધીરેધીરે હાસ્યાસ્પદ સુધી તો સરકી નહી જવાય ને? આવી સભાનતાએ નાટકને બચાવી સજાવી રાખ્યું હોય તેવું વર્તાય છે. આજે વિવિધ ટેકનીક્સનુ જે પીઠબળ રંગભૂમિને સાંપડે છે તે ખરેખરા અર્થમાં સંમોહક છે.નાટકના દ્રશ્યનો ભાવ તેવી ટેકનીક્સ વડે પ્રેક્ષકોને સીધો સંક્રાંત કરવા ઉપયોગી અને મહત્વપૂર્ણ નીવડે છે.

હા, પણ એ જો મોહ બની જાય

તો? જોનારને આંજી નાખવા ટેકનીક, સંગીત, નૃત્ય અને પ્રકાશના ભ્રામક રંગીન રેપરમાં મૂકી દેવાય તો?

નાટકાના મુખ્ય કરણ ઉપર તેના ઉપકરણો હાવી થાય ત્યારે, તેમાંથી મૂળ નાટક શોધતા રહેવાનું બીજું શું?

આવતીકાલની રંગભૂમિ..

વોટ્સએપ, ફેઈસબુક, ટ્વીટર, (જુઓ પાનું ૯) ▸▸

કૌસ્તુભ ત્રિવેદી feedback@bombaysamachar.com



## નવા લેખકો સાથે - નવા નાટક ને નવા દર્શકો પણ શોધવા પડશે!

રંગભૂમિની ગઈકાલ-આજ અને આવતીકાલની વાત માંડીએ તો ગઈકાલની રંગભૂમિ જોઈ નથી- સાંભળી છે. આજની રંગભૂમિ જોઈ છે -ભજવી છે- માણી છે. આવતીકાલની રંગભૂમિ કેવી હોવી જોઈએ એની કલ્પના જ કરવી રહી.

ગઈકાલની રંગભૂમિ મારા પુરોગામી લોકો પાસેથી સાંભળી. સાંભળ્યું કે દેશ-વિદેશ વસતા ગુજરાતી નવા નાટકની રજૂઆત વખતે મહિના બે મહિના પહેલા ટિકિટ બુક કરાવતા અને દૂર દેશથી જોવા આવતા અને એ સમયમાં ૧૦૦૦ શો થયા હોય એવાં અનેક નાટકો હતાં. એ સમયના કલાકાર વગર માઈકે છેલ્લી હરોળમાં સંભળાય એ રીતે અભિનય સાથે સંવાદ બોલતા. કરતા. થોડાક નામ : માસ્ટર અશરફ ખાન- સુશીલાબહેન- છગન રોમિયો- મા. રમણ એ જ રીતે અનેક લેખકો -કવિ મન્સવી પ્રાંતિજવાળા- પ્રભુલાલ દ્વિવેદી- પ્રફુલ્લ દેસાઈ,ઈત્યાદિ...

ત્યાર બાદ - ચંદ્રવદન ભટ્ટ, વિષ્ણકુમાર વ્યાસ, જયંતી પટેલ, પ્રતાપ ઓઝા-વનલતાબહેન, ચંદ્રીકાબહેન, વગેરે અંગ્રેજી રંગભૂમિ પરથી આવતાં નાટકો ભજવાતા. એ પછી સાહિત્ય કૃતિ અને અન્ય ભાષાના નાટક લાવ્યા પ્રવીણ જોષી, લોકલેખક રામજી વાણિયા પાસે મોતીવેરાણા ચોકમાં લખાવે, કાંતિ મડિયા પીળું ગુલાબ અને લાભશંકર ઠાકર પાસે લખાવે તો ઉપેન્દ્ર ત્રિવેદી દર્શક મનુભાઈ પંચોળી પાસે ઝેર તો પીધા જાણી જાણી લખાવે... ત્યાર બાદ આવી અમારા સમયની રંગભૂમિ...

પરેશ રાવલ, સિદ્ધાર્થ રાંદેરિયા, હોમી વાડિયા, સંજય ગોરડિયા, દીપક ઘીવાલા વગેરે સુપરહિટ નાટકોની ભરમાર દિગ્દર્શક વિપુલ મહેતા હોમી-પરેશ રાવલ- સિદ્ધાર્થનાં એક પછી એક હિટ નાટકો.....૨૦૦થી વધારે નાટક કર્યા- ૧૫,૦૦૦થી વધુ શો કર્યા ત્યારે રંગભૂમિ પર જબરજસ્ત જુવાળ આવ્યો. કોવિડ પહેલાં સુધી નાટકો જબરજસ્ત ચાલતા. અત્યારે રંગભૂમિ પર પ્રેક્ષકો પ્રમાણમાં ઓછા થઇ ગયા છે. આવનાર સમય એટલે આવતી કાલની રંગભૂમિની કલ્પના જ કરવી રહી. નવા લેખકો શોધવાથી માંડી નવા પ્રેક્ષકો પણ શોધવા પડશે. નવા સાહિત્યકાર પાસેથી નવી વસ્તુ શોધી ઉઘરાણી કરી કલાકાર, નિર્માતાએ નવું કશુંક આપવું પડશે તો જ નવા પ્રેક્ષક આપણને મળશે. મારા મતે આવતીકાલની રંગભૂમિ વધુ ટેક્નિકલ હશે. ■

અમી ત્રિવેદી feedback@bombaysamachar.com



## કલાકાર-કસબી માટે તો દરેક દિવસ રંગભૂમિ દિન..

વિશ્વ રંગભૂમિ દિન ...’

ખરેખર તો શું લખું એ સમજાતું નથી. તેમ છતાં મારા વિચારો અને મારો અભિપ્રાય અહીં ટંકારવાની ચેષ્ટા કરું છું...

આપણે પણ એક અજબ-ગજબ પ્રાણી છીએ. આવા કોઈ પણ ઉજવણીનો આંતરરાસ્ટ્રીય દિવસ આવે ત્યારે આપણે માત્ર એ એક દિવસ માટે સજાગ થઈ જાઈએ.

જો કે, એક રંગકર્મી - એક રંગભૂમિનો કલાકાર માટે તો દરેક દિવસ -જ્યારે એ નાટકના શો કરતો હોય રિહર્સલ કરતો હો્ય કે નવા નાટક માતે મનોમંથન કરતો ત્યારે એના માટે એ જ દિવસ વિશ્વ રંગભૂમિ દિન જ હોય છે.

આજના દિવસે મારે રંગભૂમિની ગઈ કાલ -આજ કે આવતી કાલ વિશે નહીં ,પણ હું જાણું છું કે વાચક મિત્રો કદાચ મારી પાસેથી રંગભૂમિની ‘‘કલ આજ ઔર કલ વિષે વાંચવા માટે ઉત્સુક હશે.. પણ આજે મારે થોડીક જૂદી રજૂઆત કરવી છે. હું એક શિક્ષક પણ છું... માસ મીડિયા અને માસ કોમ્યુનિકેશનની પ્રાધ્યાપિકા પણ છું અને વાત જ્યારે આવે ત્યારે હું એવું દ્ઢ પણે માનું છું કે નાટક - વિચારોની આપ-લે માટે બહુ જરૂરી મિડ્યિમ છે.અમારા વિદ્યાર્થીઓ થિયેટર અને માસ કોમ્યુનિકેશન પણ ભણે છે. આ એક એવું માધ્યમ છે, જેના થકી આપણે સમાજને ઘણું બધું કહી શકીએ... એ સમાજનું પ્રતિબિંબ છે.

આજે થિયેટરનાં ઘણાં બધાં માધ્યમ આપણી પાસે ઉપલબ્ધ છે. જેમ કે શેરી નાટક-નુક્કડ નાટક, અંકાકીઓ, અકોક્તિ-ગીતા-સંગીતનાં નાટક,ઈત્યાદિ રંગભૂમિની પોતાની એક આગવી ભાષા છે.નાટકમાં અભિનયની પરાકાષ્ઠા દ્વારા આપણે જોઈતી વાત પહોંચાડી શકીએ છીએ.

જો કે, આપણે જાણીએ છીએ કે આજનો યુવા વર્ગ નાટકો જોવા નથી આવતો ત્યારે એના પ્રત્યે રુચિ જગાડવી - એમને એ પ્રવૃત્તિમાં સામેલ કરવા એ આપણી ફરજ બની જાય છે..

આપણે જોઈએ છીએ કે નાટ્ય પ્રવૃત્તિમાં યુવા કલાકારો આવે એ માટે દરેક ભાષામાં ખાસ કરી, ગુજરાતી અને મરાઠી- હિંદી ભાષામાં નાટય સ્પર્ધા યોજાય છે, જેને કારણે રંગભૂમિને ઘણાં નવા લેખકો, દિગ્દર્શકો અને કલાકારો મળે છે. ઘણો યુવા વર્ગ આમાં ભાગ પણ લે છે. જો કે, એ જ આયુનો પ્રેક્ષક આપણને મળતો નથી.

આ પરિસ્થિતિમાં આપણે પ્રાચીન-અર્વાચીન નાટકો અને રંગકર્મીઓ સાથે આપણા યુવા વર્ગને પરિચિત કરાવવો જરૂરી છે. આપણી રંગભૂમિ ભાંગવાડીથી શરુ થઈ જ્યાં સંગીત, નાટક અને અભિનય બધામાં કલાકારોની નિપુણતા દેખાતી... સમયની મર્યાદા, જગ્યાની મર્યાદા અને પૈસાનો પણ અભાવ હતો , છતાં કલાકારો પ્રેક્ષકનાં હૃદયમાં ઉત્તરી જતા અને વન્સમોર ’ મેળવીને નાટકને લોકભોગ્ય બનાવતા....

પછી એવો સમય આવ્યો કે ઈંગઝ જેવી માતબર સંસ્થાએ લોકભોગ્ય નાટકોનું નિર્માણ કર્યું. પ્રવાણ જોશી, શૈલેશ દવે, કાંતિ મડિયા, સુરેશ રાજડા, અરવિંદ ઠક્કર જેવા દિગ્ગજ દિગ્દર્શકો આવ્યા અને સમય પ્રમાણે નવા વિષયો, નવી માવજત સાથે નાટકો આધુનિક રંગભૂમિને આપ્યા... આ બધાં દિગ્ગજ દિગ્દર્શકો કલાકારોની નસ પારખતાં અને એમને પ્રોત્સાહિત કરી એમની પાસેથી ઉત્તમ અભિનય કરાવતાં અને કલાકાર પણ એ દિગ્દર્શકે મૂકેલો વિશ્વાસ તોડતા નહીં .

આજે ફાસ્ટ ફૂડના જમાનામાં નાટકો પણ ૨૦ દિવસમાં તૈયાર થઈ જાય છે. ત્રણ ટુચકા અને બે ડુસ્કા એક કમાઉ ફોર્મ્યુલા બની ગઈ છે. કલા... કલા ન રહી અને એક વ્યવસાયનું માધ્યમ બની ગયું છે.

આમ છ્તાં હું માનું છું કે રંગભૂમિને આજે નહીં તો કાલે આપણી યુવા પેઢી તીવ્રતાથીઅપનાવી લેશે તો આપણું કલાતત્વ રંગભૂમિ વિષે તો ઘણું લખી શકાય, પણ અત્યાર પૂરતું તો આટલું જ...! ■

## યુવા વર્ગને આકર્ષે એવા (પાંચમાં પાનાનું ચાલુ)

વગેરે એના લાક્ષણિક ઉદાહરણ છે. જો કે, આવી છૂટીછવાઇ થતી કોશિશનું પ્રમાણ વધવું જોઈએ. એવાં નાટકો લખવાની અને એનું નિર્માણ કરવાની હિંમત વધુ વ્યાપક બનવી જોઈએ.

અલબત્ત, આજે નાટક ભજવવું પહેલાં કરતાં ખર્ચાળ બની ગયું છે. ત્રિઅંકી નાટકો બંધ થઈ ગયા અને હવે દ્વિઅંકી થઈ ગયાં છે. આવતી કાલે રંગભૂમિ કઈ દિશામાં આગળ વધશે એનો કોઈ ચોક્કસ જવાબ આપવો શક્ય નથી.પ્રેક્ષકોને પાછા લાવવા નાટકનો વિષય એવો હોવો જોઈએ કે જે પ્રેક્ષકને છેલ્લે સુધી જકડી રાખે. જોક્સના ઢગલા કરી નાખે એવા કોમેડી નાટકો હવે ન થવા જોઈએ. એ ઢગલામાં પૂળો મુકવાની જરૂર છે એવું ઘણા લોકોનું માનવું છે. ૧૯૫૦ની આસપાસ પપ્પાએ 'સ્વપ્નદ્રષ્ટા' નાટકમાં હિરોશિમા પર બોમ્બાર્ડિંગ થયું હતું એ વિષય લીધો હતો. એમાં બોમ્બવર્ષાથી મકાનો પડે છે એ સ્ટેજ ઉપર બતાવ્યું હતું. પ્લોટમાં પણ નાવીન્ય હતું. દુર્ઘટનામાં બે વ્યક્તિ છૂટી પડી જાય છે અને પછી સર્જરી કરાવ્યા બાદ પાછા મળે છે, પણ એકબીજાને ઓળખી નથી શકતા અને પછી મૂંઝવણ થાય છે અને ગેરસમજ ઊભી થાય છે અને નાટક આગળ વધે છે એવું કંઈક હતું. એક્ઝેક્ટ વાર્તા અત્યારે યાદ નથી. કહેવાનું તાત્પર્ય એ કે ૭૫ વર્ષ પહેલા ટાંચા સાધનમાં જો આવા અલાયદા વિષય પર નાટક લખીને ભજવી શકાતા હતા તો આજે તો ટેક્નોલોજી એક માગો ત્યાં અગિયાર મદદ આપવા તૈયાર છે એ પરિસ્થિતિમાં અમાપ સંભાવનાઓ છે, પણ પ્રેક્ષકોને ફરી નાટક જોવા થિયેટર તરફ આકર્ષવા હોય તો યુવા પેઢીને પણ રસ પડે એવા વિષય નાટકમાં આવરી લેવા જોઈએ, જેમ કે છેલ્લા કેટલાક સમયથી લિવ ઈન રિલેશનશિપનો મુદ્દો ખાસ્સો ચર્ચામાં રહ્યો છે. મુદ્દો છે સંવેદનશીલ, પણ એ કેન્દ્રમાં રાખી અલાયદું નાટક તૈયાર થઈ શકે. અલબત્ત, લેખનમાં અને દિગ્દર્શનમાં ખૂબ સજાગતા હોવી જોઈએ. નહીં તો નાટકને અવળે રસ્તે ફંટાઈ જતા વાર ન લાગે.

ઘણાં વર્ષ પહેલાં 'લાડકવાયો' નામનું નાટક ભજવાયું હતું, જેમાં હિરોઈનને બાળક નથી થતું અને એટલે એને ત્યાં આવતા ડોક્ટર સાથે એ સંબંધ રાખે છે. ૧૯૪૫માં હિંમત કરી આવા પ્રયોગ થતા હતા. આજે તો સમાજ ઘણી મુક્ત વિચારસરણી ધરાવે છે તો આવા કે બીજા પ્રયોગો થવા જોઈએ. આજકાલ 'એઆઈ' તરીકે ઓળખાતી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશ્વ સમસ્તમાં ચર્ચાની એરણે છે. સોશિયલ થીમવાળા નાટકમાં જેમાં કોઈ એક પરિવાર હોય અને એને કોઈ અણધારી સમસ્યા આવી પડે. ઉકેલ ન મળવાથી બધા મૂંઝાઈ જાય અને ત્યારે પરિવારનો એક યંગસ્ટર 'એઆઈ'ની મદદથી સમસ્યા ઉકેલી દે એ પ્રકારનું નાટક લખાય તો વડીલો અને યુવા વર્ગ બંનેને રસ પડી શકે. બીજો એક વિચાર એમ પણ આવે છે કે થ્રિલર કે સસ્પેન્સ નાટકમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રહસ્ય પરથી પડદો ઊંચકી નિર્દોષને ઉગારી લે અને અસલી ગુનેગાર સકંજામાં આવી જાય. આ દિશામાં નાટક લખવા વિચારી શકાય. આવા સાવ નવા અને હટકે પ્રમાણે એવા વિષયનાં નાટકો આવશે અને જૂની પછી નવી અને આવતી કાલે અદ્યતન રંગભૂમિ આવશે એ સંભાવના હું નથી નકારતી. ■

## આવો, હવે પ્રાણ પૂરીએ (પાંચમાં પાનાનું ચાલુ)

રંગભૂમિની વાત આવે ત્યારે થોડો હતોત્સાહ થઈ જાઉં છું. મને ચિંતા તો થાય છે જ પણ સાથે થોડો ભય-ફફડાટ પણ થવા માંડે છે. મનમાં દ્વિધાનાં ઘોડાપૂર આવે છે અને એક સવાલ કોરી ખાવા માંડે છે:

આ શું થવા બેઠું છે?

ભલે નિર્માતાઓ, કલાકાર- કસબીઓ ગમે તેવા દાવા કરતા હોય, કે મારે તો આજે પ્રયોગ બહુ સારો ગયો, બહુ તગડું કલેક્શન આવ્યું, સોએક પ્રેક્ષકો ટિકિટ નહીં મળવાથી પાછા ગયા... વાસ્તવિકતા એનાથી વિપરિત છે. દક્ષિણ મુંબઈમાં ભૂતકાળની જાહોજલાલી ક્યારની પરવારી ગઈ છે. હવે આખા વિસ્તારમાં રહ્યા છે માત્ર ત્રણ કાર્યરત હતાં નાટ્યગૃહો. તેમ છતાં, અને સૌના આસમાની-સુલતાની દાવા છતાં , એ સત્ય કોઈ નકારી શકે એમ નથી કે એવો રવિવાર હવે દોહ્યલો છે જ્યારે ત્રણેય નાટ્યગૃહમાં થતા નાટ્ય સહિયારા હાઉસ ફુલ ગયા હોય અથવા,કમ સે કમ, ત્રણેયના નિર્માતાના એ પ્રયોગનાં નાણાં એ સાંજે જ ટિકિટબારીના કલેકશનથી પાછાં આવી ગયાં હોય.

હું એ પ્રયોગોની વાત નથી કરી રહ્યો જેમાં ગ્રૂપ બર્કિંગથી અથવા આમંત્રિત મિત્રો અને સગાવહાલાંઓને બેસાડીને હાઉસ ફુલ શો કર્યાનો સંતોષ માણવામાં આવ્યો હોય. કોણ જાણે કેટલાં વરસો વીતી ગયાં એ વાતને જ્યારે કદરદાન પ્રેક્ષકોએ ટિકિટબારીએ તડાકો બોલાવ્યો હોય અને એવી પણ કોઈ ઘટના બની નથી કે દક્ષિણ મુંબઈમાં રવિવારની એક સાંજે ત્રણેય નાટકોને હાઉસ ફુલ કરી દીધા હોય...! ■

## અંત વગરની અંતાક્ષરી... (સાતમા પાનાનું ચાલુ)

ભાડાં પણ મરાઠી કરતાં વધુ છે તો આ બધામાં આવતી કાલની રંગભૂમિ કેવી રીતે ટકશે? સૌથી મોટી વાતઃ પ્રજાનો ભાષા પ્રેમ મરાઠી-બંગાળી લોકોની જેમ આપણને ગુજરાતી નાટકો કે ગુજરાતી પુસ્તકો

કે ફિલ્મો કે પોતાનાં કલ્ચર માટે પડી જ નથી. વિષયાંતર કરીને દાખલો આપું કે ગુજરાતીમાં ૧ પુસ્તકની ૧૨૦૦ પ્રત-કોપી માંડ માંડ વેંચાય છે. એની સામે બંગાળીઓએ હમણાં કોલકત્તા પુસ્તકમેળામાં ૨૭ કરોડનાં અધધ પુસ્તકો વેંચીને રેકોર્ડ સ્થાપ્યો. ત્યાં ૩૦ લાખ લોકો, બૂક-ફેરમાં પુસ્તકો ખરીદવા આવ્યા. ત્યાં એક સામાન્ય ટ્યુશન ટીચરે ૩.૧૨ લાખનાં પુસ્તકો ખરીદ્યા! આવું ગુજરાતીમાં સપનામાં યે

વિચારી શકાય? આપણે ત્યાં તો કરોડપતિ પણ મફતમાં

પુસ્તક માગે કે નાટકનો ફ્રી પાસ માગે. આપણી તો સંસ્થાઓ પણ નાટકના શો માટે ગાજર-મૂળીની જેમ ભાવતાલ કરે!

હવે દિલ પર હાથ મૂકીને કહો, આપણે આપણી ભાષાને કે અસ્મિતાને કેટલું ચાહીએ છીએ? ' ગુજરાતીઓ 'બહુ સમૃદ્ધ પ્રજા' એવો પોપટપાઠ કરવાથી ગુજરાતી અસ્મિતા ના જળવાય, એ માટે 'પુટ યોર મની વ્હેર યોર માઉથ ઈઝ' વાળી કડવી કહેવત કહેવી પડે છે. આપણી બધી સમૃદ્ધિ કે સંપત્તિ કળાની વાત આવતા જ કેમ સૂકાઇ જાય છે? ગુજરાતી નાટકો બચશે તો કદાચ બોલાતી ભાષા પણ

બચશે. વિચાર કરો કે એક સુપર-હિટ નાટકના મુંબઇ-ગુજરાત-વિશ્વભરમાં લગભગ ૩૦૦ શો થાય છે અને એક હોલમાં ૮૦૦ પ્રેક્ષકો ગણીએ તો પણ માત્ર ૨,૪૦,૦૦૦ લોકો થયા. જે સાડા ૬ કરોડ પ્રજામાં ૧/૨ % પણ ના કહેવાય! મુંબઇ છોડી દો, પણ ગુજરાતભરમાં નાના-મોટાં અનેક શહેરોમાં આપણી પ્રજા નાટકો જોવા માટે હજી પણ આવતી નથી? આટલાં વરસે પણ? આટ-આટલા મનોરંજક નાટકો- કલાકારો હોવા છતાં યે? છે જવાબ કોઇ પાસે? નહીં ને? કારણ કે આંકડાઓ જૂઠ નથી બોલતા. શબ્દો ભલે શાણપણ ઝીંકે રાખે. ચલો, આજે 'વિશ્વ રંગભૂમિ દિવસે' ગઇકાલની વાતો પર પોરસાઇને કે ડાહી ડાહી વાતો કરવાને બદલે, ગુજરાતી નાટકોની આવતીકાલ કેમ સુધરશે કે બચશે? એ વિશે રંગદેવતા સૌને શુભ વિચાર આપે.

બાકી તો આ વાત એક અંત વગરની અંતાક્ષરી જ છે! ■

## ગઈકાલ-આજ-આવતીકાલના લેખાં-જોખાં (છઠ્ઠા પાનાનું ચાલુ)

સમાન રહ્યાં. સિદ્ધાર્થ રાંદેરિયાની 'ગુજજુભાઈ' સિરીઝ અને વિનોદ જાનીનું પ્રીત પિયુ ને પાનેતર' થી માંડી લાલી-લીલા' , રાજુ જોષી - સ્નેહા દેસાઈ - ભરત નારાયણદાસ ઠક્કરની ત્રિપુટી દ્વારા 'સફરજન', 'કોડ મંત્ર', જેવાં નાટકો વિશ્વભરમાં રેકોર્ડબ્રેક સફળ રહ્યા. સિદ્ધાર્થ રાંદેરિયા તખ્તાની સાથે સાથે અર્બન ગુજરાતી ફિલ્મોમાં પણ સુપરહીટ પુરવાર થયા. કેટલાંક ગુજરાતી નાટકો પરથી હિન્દી ફિલ્મો પણ બની. પરેશ રાવલ જેવા ઘણા અભિનેતાઓ અને ઉમેશ શુક્લ જેવા કેટલાક દિગ્દર્શકોને ગુજરાતી અને હિન્દી ટીવી તેમજ ફિલ્મોમાં ઉજ્જવળ કારકિર્દી રંગભૂમિ થકી જ પ્રાપ્ત થઇ. તો ઘણા સમય પછી વિરલ રાચ્છ, સૌમ્ય જોષી, કપિલદેવ શુક્લ જેવા ગુજરાતના નાટ્યકર્મીઓના 'વેલકમ જિંદગી', 'અંતિમ અપરાધ' જેવાં સફળ નાટકો મુંબઈમાં ભજવાતાં થયાં.

જો કે, છેલ્લા દસકામાં રંગભૂમિએ અનેક વિવિધ પ્રયોગો થકી નવાં પરિમાણો સ્થાપિત કરવાની શરૂઆત કરી સકારાત્મક આશા જન્માવી છે. મુંબઈથી 'સાત તેરી એકવીસ' જેવાં પૃથ્વી થીયેટરને અનુરૂપ તેમજ મનોજ શાહ 'હું ચંદ્રકાંત બક્ષી', 'મોહનનો મસાલો', 'મરીઝ' થી માંડી 'કાગડો' જેવાં પ્રાયોગિક અથવા સમાંતર કહી શકાય એવાં નાટકો, તો ગુજરાતમાં સૌમ્ય જોષી તેમજ વડોદરામાં પી.એસ.ચારી. જેવાઓનાં પ્રાયોગિક નાટકોનો એક જુદો દર્શક વર્ગ ધીમે ધીમે કેળવાતો ગયો છે. તો સાથે સાથે સુરત અને વડોદરા મહાનગર પાલિકાની નાટ્ય સ્પર્ધા, સુરતમાં 'રંગહોત્ર' જેવી રંગભૂમિ દિવસની ઉજવણી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની યોજના, ભવન્સ- ચિત્રલેખા નાટ્ય સ્પર્ધા, ભવન્સ, આઇએનટી એકાંકી નાટ્ય સ્પર્ધા તેમજ થોડાંક વર્ષોથી 'અભિવ્યક્તિ' જેવા સાંસ્કૃતિક ઉત્સવો વગેરેએ પણ નવી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરી છે અને તક આપી છે. મુંબઈના અમાત્ય ગોરડિયા જેવી નવી પેઢીની પ્રતિભાઓનાં નાટકો અને વિષયોએ દર્શકોની કંઇક જુદું અને નવું જોવાની ભૂખ તો સંતોષી જ પણ સાથે સાથે નાટકોથી વિમુખ થઇ ગયેલા યુવા દર્શકોનો નવો વર્ગ ઊભો કરી શક્યા છે. સૌમ્ય જોષીનાં નાટકો ઉપરાંત, દેવકીનાં 'સમુદ્ર મંથન', 'અકુપાર' અને હમણાં અભિનય બેન્કરનું ગુણવંતરાય આચાર્યની નવલકથા આધારિત રામ મોરી લિખિત 'વીજળી' વગેરે નાટકોની સફળતા એનો પુરાવો છે.

ટૂંકમાં માધ્યમો, ટેક્નોલોજી, કોરોના, આર્થિક મોડેલ જેવા અનેક સંઘર્ષો અને પડકારો પછી પણ રંગભૂમિ પહેલાં કરતાં વધુ સંગઠિત થઇ રહી છે અને નાટકો એક ચોક્કસ દર્શક વર્ગને જાળવી શકી છે એનું કારણ કદાચ એ હોઈ શકે કે, રંગભૂમિ એ પ્રોશિનિયમની મોટી ફ્રેમમાં ભજવાતી એક જીવંત કળા છે જેમાં દર્શકોનું સીધું અનુસંધાન કદાચ વધુ અસરકારક અને બીલીવેબલ લાગે છે. બનાવટી નહીં. એઆઇ અને સોશિયલ મીડિયાની કૃત્રિમતામાં જીવંત મનોરંજનની નાટ્યકળા અને પુસ્તકોને વિકલ્પ બની શકવાનો સમય આવી ગયો છે ત્યારે જો કન્ટેન્ટ, વિષયો પર સારું કામ થશે તો સાચા અર્થમાં નાટક સમાજનું દર્પણ બની શકે એવી આશા મને દેખાઈ રહી છે.

આ આશા ફળે એવી રંગદેવતા નટરાજને આ વિશ્વ રંગભૂમિ દિને પાર્થના.

(તા.ક.: સ્થળસંકોચના કારણે અનેક સંસ્થાઓ, નાટ્યકર્મીઓ અને ઘણાં નાટકોનાં નામોનો સમાવેશ થઈ શક્યો નથી,જેની નોંધ લેવા વિનંતી.)

## 'જૂની-નવીની નવા જૂની...' (આઠમા પાનાનું ચાલુ)

વંદન.બાકી જેને જીવંત કલા (લાઈવ આર્ટ) કહીએ છીએ એ કદી મરવાની નથી... આનંદ મરા નહિ, આનંદ કભી મરતે નહિ! ઇંગ્લિશ શીખવાડો પણ ગુજરાતી માતા- પિતાને અરજ છે કે પોતાની માતૃભાષા જો ગુજરાતી છે તો સંતાનોને માની ભાષાથી વિમુખ ન કરો- એમને શીખવાડો. સંતાનોને આંગળી પકડી એમને થિયેટર સુધી લાવવા પડશે. બાકી જૂની ગઈ નથી, પણ નવા રૂપ રંગે થોડી આધુનિક બની જરૂર છે. બાકી સૌ સૌની નજરની વાત છે.

આ બધી વાત યાદ કરતા એક સરસ જોક યાદ આવે છે....

એકવાર સરદારજી ગાડીમાં મિત્રો સાથે પિકનિક માણવા જઈ રહ્યાં હતા. સ્ટિયરિંગ સરદારજીના હાથમાં હતું. સાથે બેઠેલા મિત્રોને કાચમાંથી કશું દેખાતું નહોતું, પણ સરદારજી સડકનાં બધા ખાડાથી બચાવતો સરસ ગાડી ચલાવી રહ્યો હતો. મિત્રોએ પૂછયું : યાર, કાચમાંથી અમને કઈ ચોખ્ખું દેખાતું જ નથી અને તું આટલી પરફેક્ટ ગાડી કઈ રીતે ચલાવી શકે છે? સરદાર બોલ્યો, તમને શું વાત કરું? મારી ભૂલવાની આદતથી અત્યાર સુધીમાં ૧૨૦૦ ચશ્માં મેં ખોઈ નાખ્યા છે. દરેક વખતે ચશ્માં બનાવી બનાવીને હું હેરાન થઈ ગયેલો. પછી ગાડીને જ ચશ્માના નંબરનો કાચ ફીટ કરાવી દીધો છે ! કદાચ સરદારને જૂની રંગભૂમિ સુરેખ રીતે દેખાતી હોય અથવા સંભવ છે કે મિત્રોને કદાચ નવી રંગભૂમિમા ઓતપ્રોત હોવાથી જૂની રંગભૂમિનાં ભૂલાયેલા પડળને કારણે આંખને નવી 'રંગભૂમિના કાચ' ની જરૂર હોય...!

જૂની કે નવી, રંગભૂમિ નવા વાઘા ભલે ધારણ કરતી, પણ 'રંગભૂમિ' એ 'રંગભૂમિ' જ રહેશે. એને જોવા માટે પ્રેક્ષકોનો ઉમળકો વધતો રહેવો જોઈએ. જનરેશન ભલે બદલાતું રહે, અને એ બદલાતું જ રહેશે પણ વારસામાં જો 'લાઈવ આર્ટ' આપણી પેઢીને આપીશું તો આજના 'વિશ્વ રંગભૂમિ દિવસ' ની અણમોલ ભેટ ગણાશે તો, વિલંબ શાને,મિત્રો ? વિલંબથી હતાશા જન્મે, વિલંબ ટાળો. બસ, આજના આ સપરમાં દિવસે આપ સૌ વાચકોને, જેમને તખ્તાથી પ્રેમ છે અને જેમનામાં જન્મી રહ્યો છે એ સૌને 'વિશ્વ રંગભૂમિ દિવસ'ની શુભકામના. જય નટરાજ ! ■

## જૂના ભ્રમ ભાંગી રહ્યા છે (આઠમા પાનાનું ચાલુ)

એક્સ વિગેરેમા સતત ડૂબેલાં વ્યક્તિના રોજના ઓછામાઓછા લગભગ પાંચેક કલાક જેટલો સમય વહી જતો હોય છે, જે સાદા કે વિશદ વાંચન કરનારાઓ માટે વિષદ બની જાય છે, એ સ્વીકારવું જોઈએ.

આજનો આ રંગમંચ ક્યારે? કેવા સંજોગોમાં? કઈ રીતે? આવતીકાલની રંગભૂમિ બની જશે એ જાણવું, સમજવું કે કલ્પવું જરા અઘરું છે.

પરંતુ એટલું ચોક્કસપણે કહી શકાય કે

ગઈકાલની અને આજની-સાંપ્રત રંગભૂમિના શ્રેષ્ઠ તત્વો અને સત્વોમાંથી આવતીકાલની ગુજરાતી રંગભૂમિ જો પાંગરશે તો તે સાચા અર્થમા આવાંગાર્દ હશે. એટલું નહીં, તેના સમયપટ પછી ઘડાનારી પરમ દિવસની આપણી રંગભૂમિ માટે તે માનદંડ અને માપદંડ સમી બની રહેશે.

તો આ ક્ષણે સમગ્ર નટચમૂ એટલે કે સૌ - કળાકારો, લેખકો, દિગ્દર્શકો, નિર્માતા અને પ્રેક્ષકોને - માટે એવી અદભૂત ગુજરાતી રંગભૂમિ માટે હૃદયભરી શુભકામનાઓ સાથે આજના આ પ્રયોગ પર પડદો પાડીએ.. ■

## રંગભૂમિ ત્યારે ને અત્યારે... (સાતમા પાનાનું ચાલુ)

પ્રેક્ષકો પણ એને હોશેહોશે સ્વીકારીને વધાવી લેતા. જ્યારે આજકાલનાં નાટકોના વિષયોની ચૂંટણી પ્રેક્ષકો અને મંડળોને ધ્યાનમાં રાખીને થાય છે. કારણ કે સમય જતા પ્રેક્ષકોનો ટેસ્ટ બદલાયો છે. ૨૪ કલાક સ્ટ્રેસમાં ફરતો માણસ નાટકમાં મનોરંજન રૂપે ભરપૂર પ્રમાણમાં કોમેડી જોવાનું પસંદ કરતો હોય છે. અને એટલે જ ટિકિટ ખરીદતાં પહેલા એ ખાતરી કરી લેતો હોય છે કે નાટકમાં હસવાનું તો છેને? અને આ કારણે લેખકે નાછૂટકે અને પરાણે નાટકમાં કોમેડી દૃશ્યો કે પાત્રો ઉમેરવા પડતાં હોય છે. જો કે કોડમંત્ર, અંતિમ અપરાધ, કેસ નંબર ૯૯કે હું માધુરી દીક્ષિત જેવાં ઘણાં નાટકો એમાં અપવાદ છે. એક જમાનો હતો જ્યારે લોકોને લાઈવ પરફોર્મન્સ પ્રત્યે ખૂબ આકર્ષણ હતું. દર ત્રીજો પરિવાર નાટકનો રસિયો હોય. અરે, ત્યાં સુધી કે જૂની રંગભૂમિના જમાનામાં ક્યારેક ક્યારેક તો નાટકો સવાર સુધી ચાલતાં. ત્યારે તો ખુલ્લા મેદાનમાં સ્ટેજ બાંધીને પણ નાટકો ભજવાતાં. દક્ષિણ મુંબઈનાં કાલબાદેવી ખાતે ભાંગવાડીમાં નાટકો જોયાનું ઘણાના અતીતરાગમાં હશે, પણ ત્યારબાદ આરંભ થયો પ્રોપર ઑડિટોરિયમમાં ત્રિઅંકી નાટકોની ભજવણીનો જેને લોકો નવી રંગભૂમિ તરીકે ઓળખવા લાગ્યા. અને આ રીતે રંગભૂમિ વહેંચાઈ ગઈ બે ભાગમાં, જૂની રંગભૂમિ અને નવી રંગભૂમિ. સમયાંતરે પ્રેક્ષકો નવી રંગભૂમિ પ્રત્યે આકર્ષાવા લાગ્યા અને જૂની રંગભૂમિ ધીરે ધીરે લુપ્ત થઈ ગઈ. આજે હયાત લીલી પટેલ, સરિતા જોષી, રજની શાંતારામ, રક્ષા દેસાઇ, મહેશ્વરીબેન કે મહેશ ઉદેશી જેવાં અનેક નસીબવંત કલાકારો એવાં છે જેમને બન્ને રંગભૂમિ પર ભજવવાનો લ્હાવો મળ્યો છે.

નવી રંગભૂમિ પરનાં નાટકો બે મધ્યાંતર સાથે લગભગ ત્રણથી સાડાત્રણ કલાક ચાલતાં. છેલ્લે છેલ્લે ચિત્કાર કે રમત શૂન ચોકડીની જેવાં ત્રિઅંકી નાટકો ભજવાયાંનું વાંચકોના સ્મૃતિપટ પર તો હશે જ. પણ પાછલા ત્રીસેક વર્ષોથી નોકરી-ધંધામાં સ્પર્ધાત્મક જિંદગી જીવતો પ્રેક્ષક નાટક જોવા પહોંચે છે મોડો અને એને પાછા જવું હોય છે જલદી. એટલે ત્રિઅંકીને બદલે રવૈયો ચાલુ થયો દ્વિઅંકી નાટકોનો, જેમાં બે અંક વચ્ચે એક મધ્યાંતર સાથે લગભગ અઢી પોણાત્રણ કલાકનાં નાટકો બનવા લાગ્યાં. આ પણ આજકાલ તો સમયની મારામારીને કારણે એ અવધિ પણ ટૂંકી થવા લાગી છે.

હમણાં જ એક નાટક જોયું જેના બન્ને અંક માત્ર ૫૦-૫૦ મિનિટના જ હતા. આનાથી આગળ આજકાલ અનેક જગ્યાએ પોકેટ થિયેટર્સ ચાલુ થયા છે જેમાં ઇન્ટરવલ વગર માત્ર ૫૦થી ૭૫ મિનિટનાં નાટકોની ભજવણી થાય છે. જોકે એનું ચલણ હજુ ઓછું છે. એક જમાનો હતો જ્યારે મુંબઈમાં ભુલાભાઈ હોલ, પાટકર, હિન્દુજા, તેજપાલ, ભારતીય વિદ્યા ભવન, બિરલા ક્રીડા કેન્દ્ર, બિરલા માતુશ્રી, નહેરુ, ચૌહાણ, ભાઈદાસ, ઠાકરે, ઝવેરબેન જેવાં થિયેટર્સમાં, અરે ત્યાં સુધી કે કે.સી. અને જયહિંદ કોલેજના ઑડિટોરિયમમાં પણ નાટકો ભજવાતાં, પણ આજની તારીખમાં તેજપાલ, ભવન, નહેરુ, અસ્પી અને ઠાકરે જેવાં પાંચેક ઑડિટોરિયમ જ કાર્યરત છે. ઝવેરબેન અને ચૌહાણમાં જવલ્લે જ શો થાય છે તો ભુલાભાઈ, હિન્દુજા, બિરલા ક્રીડા અને ભાઈદાસ પોતાનું અસ્તિત્વ ગુમાવી બેઠાં છે અને બાકીનાં થિયેટરો નાટક સિવાયની ઈત્તર પ્રવૃત્તિઓ માટે કાર્યરત છે. કોરોનાકાળ પહેલા પ્રેક્ષકોને તેજપાલ, ભવન કે નહેરુમાં રવિવાર કે જાહેરરજાના દિવસે બપોર-સાંજ જાહેરપ્રયોગો જોયાનું યાદ હશે જ. પણ છેલ્લા ચાર વર્ષથી બપોરના શો લગભગ બંધ જ થઈ ગયા છે, જે ખરેખર દુઃખની વાત છે.

મુંબઈનાં નાટકોની બોલબાલા દેશ વિદેશમાં વર્ષોથી રહી છે. એક જમાનામાં ભારતથી પરદેશ જઈને વસેલા નાટ્યરસિકોને આનો લાભ ના મળતો. એક જાણકારી મુજબ પ્રીત, પિયુ ને પાનેતર નાટકે અમેરિકા, લંડન કે આફ્રિકા જેવા દેશોમાં પ્રયોગો યોજાવાનો ચીલો ચાતર્યો જે આજ સુધી ચાલી રહ્યો છે. ત્યારે વિદેશમાં નાટકો ભજવાતાં તો ખરાં પણ માત્ર સપ્તાહના અંતે. એટલે કે શુક્ર, શનિ અને રવિવારે જ. નાટકોની લાંબી-લાંબી ટૂર તો થતી પણ પ્રયોગો ઓછા થતા. ૨૦૦૦ના દાયકા બાદ ચિત્ર બદલાવા લાગ્યું અને ત્યાંના નાટ્યરસિકો વધારેને વધારે થિયેટર તરફ ખેંચાવા લાગ્યા. ત્યાં હવે સપ્તાહના કોઈ પણ દિવસે સાંજના સમયે પ્રયોગો ભજવવાના ચાલુ થઈ ગયા છે. એટલે આજની તારીખમાં અમેરિકાની બે મહિનાની ટૂરમાં ૩૫થી ૫૦ અને લંડનની ૨૫ દિવસની ટૂરમાં ૧૫થી ૨૦ પ્રયોગો ભજવવાનું શક્ય બન્યું છે. જો કે આફ્રિકામાં રડ્યાંખડ્યાં ૨-૫ પ્રયોગો જ થાય છે.

આ વિષય પર બીજો એક મુદ્દો એ પણ છે કે વિદેશના આયોજકો અમુક જ ગ્રુપનાં નાટકોને ત્યાં આમંત્રણ આપવાનું પસંદ કરે છે. જેના લીધે ત્યાંની પ્રજા બીજા ગ્રુપ્સનાં સારાં સારાં નાટકો જોવાથી વંચિત રહી જાય છે.

આ બધાની વચ્ચે નવાઈ લાગે એવી માહિતીનુસાર વર્ષો પહેલાં એટલે કે જૂની રંગભૂમિના કાળમાં નાટ્યકર્મીઓ રંગૂન, ઍડન કે કરાચી જેવાં અનેક સ્થળોએ દિવસોના દિવસો સુધી આગબોટમાં પ્રવાસ ખેડી નાટકો ભજવવા જતા.

એક જમાનો હતો જ્યારે આંતર-કોલેજ તેમ જ બીજી ઘણી નાટ્યસ્પર્ધાઓ થતી જેમાં ભાગ લઈ મોટાભાગના કલાકારો વ્યાવસાયિક રંગભૂમિ પર પોતાની કીર્તિ ફેલાવતા કારકિર્દી બનાવતા. કાંતિ મડિયા, પ્રવીણ જોષી, સિદ્ધાર્થ રાંદેરિયા, ટીકુ તલસાણિયા, સુરેશ રાજડા, હોમી વાડિયા, નીકિતા શાહ, મીનળ કર્પે, સુજાતા મહેતા, મુકેશ રાવળ, દિલીપ જોષી, જેડી, આતિશ કાપડિયા, શરમન

જોષી, વિપુલ મહેતા, દિલીપ રાવળ, અલ્પના બુચ, દીપાલી ભૂતા અને આ લખનાર જેવાં તો ઘણાં.. સમજોને કે ૭૦%થી વધારે કલાકારો આ સ્પર્ધાઓની દેન છે. પણ આજકાલ આંગળીના વેઢે ગણી શકાય એટલી જ સ્પર્ધાઓ યોજાય છે, જેનાં કારણે સ્પર્ધાઓને બદલે જીમ અને બ્યુટી પાર્લરમાંથી બહાર આવી કલાકારો અભિનય ક્ષેત્રે જોડાય જતા હોય છે.

એ વખતે નાટકો કરતાં કરતાં ટીવી પર કોઈક સિરિયલ કરવાનો મોકો મળે તો ઓહોહોહો થઈ જતું. અને એમાંય જો કોઈ ફિલ્મમાં તક મળે તો તો જીવન સાર્થક થઈ ગયું હોય એવી લાગણી અનુભવાતી. પણ આજકાલ ગંગા ઊંધી વહેવા લાગી છે. હવે તો ફિલ્મ, ઓટીટી કે ટીવીક્ષેત્રે દાળ ન ગળે એટલે મોટા ભાગના જુવાનિયાઓ રંગભૂમિ તરફ વળે છે. અને એમાંય જો ભૂલેચૂકે એ દરમિયાન એમને કોઈ સિરિયલ કે ફિલ્મ મળે તો નાટક છોડી દેતા તેઓ બિલકુલ ખચકાતા નથી. રંગભૂમિ અને અભિનય પ્રત્યે નિષ્ઠા કે પ્રોફેશ્નાલિઝમ ત્યારે જે જોવાં મળતાં એ અત્યારે જવલ્લે જ જોવા મળે છે.

આ તો થયા અમુક જ મુદ્દાઓ. એટલે આમ તો ગઈકાલ અને આજની રંગભૂમિ વિશે ચર્ચા કરવા બેસીએ તો પાનાંઓનાં પાનાં ભરાય જાય. પણ તંત્રીશ્રીના આદેશ અને સ્થળસંકોચને કારણે આપણે આ બધા અને આવા તો બીજા ઘણા મુદ્દાઓ વિસ્તારપૂર્વક પછી ક્યારેક વાગોળશું.

હવે જો રંગભૂમિની આવતીકાલ વિશે વાત કરવા જઈએ તો અમુક લોકોને રંગભૂમિનું ભવિષ્ય ભલે ધૂંધળું દેખાતું હોય પણ મને તો બાલાશંકર કંથારિયાની કૃતિનું એક વાક્ય યાદ કરાવવું યોગ્ય લાગે છે કે ન જાણ્યું જાનકીનાથે સવારે શું

થવાનું છે!.. ભલભલા કપરા કાળમાં અડીખમ ઊભેલી આ જીવંત કળાનાં અસ્તિત્વના નામશેષ થવાનાં કોઈ એંધાણ નથી. મોટાભાગે અભદ્ર ભાષાપ્રયોગ સાથે ભજવાતા સ્ટેન્ડઅપ કોમેડી શો તરફ આકર્ષાયેલી યુવા પેઢી બહુ જલદી આ તરફ પાછી વળશે એ ચોક્કસ છે. ટીવીના વધતા જતા ઉન્માદ અને ઓટીટી પ્લેટફોર્મના વ્યાપથી કંટાળીને લોકો આ જીવંત કળા જોવાનું ફરી પસંદ કરશે જ એમાં શંકાને કોઈ સ્થાન નથી... પણ આ બધું ક્યારે થશે એ તો માત્ર આપણો નટરાજા જ જાણે.

છેલ્લે એટલું જ કહીશ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

અને જ્યાં જ્યાં વસે એક નાટ્યપ્રેમી ત્યાં ત્યાં સદાકાળ રંગભૂમિ. આજે વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે સર્વ નાટ્યપ્રેમીઓને ઢગલાબંધ શુભેચ્છાઓ. ■

## પ્રવીણ જોષીની નાટ્યસર્જન (સાતમા પાનાનું ચાલુ)

આજે પણ શીખું છું. એટલે કચાશ કે મર્યાદા શી લાગી એવું ન કહેતાં એમ કહીશ કે એ ટ્રેજિક ઈમોશન (કરુણ ભાવ)થી સતત દુર રહ્યા. એમના કોઈ નાટકમાં આ ભાવ તીવ્રતાથી વ્યક્ત નથી થયો. નાટકની પસંદગીમાં જ એ સજાગપણે આવા વિષયથી દૂર રહેતા. પોતાના અભિનયમાં પણ એ આ ભાવ આઘો રાખતા.... એમણે કિશોર-તરુણ વયે ખૂબ સંકડામણ - પીડા વેઠેલી. એટલે કદાચ એમણે કરુણરસ સામે જાણે એક બુરખો પહેરી લીધેલો. વાસ્તવજીવનમાં પણ કોઈએ એમની આંખમાં આંસુ જોયાં નથી. એ દિવસોમાં રોજેરોજ બપોરે એમના ઘેરે પહોંચી સાથે આઈ.એન.ટી.ની ઑફિસે જવાનું અને પછીય રિહર્સલ કે અન્ય કામે સાથે રહેવાનું બનતું. આવા નિત્યક્રમ છતાં મેં માત્ર બે જ વાર એમને એકદમ ઈમોશનલ બની ગયેલા જોયા છે.

**પ્રશ્નઃ** દિનકરભાઈ, પ્રવીણ જોષી જેવા યુગપ્રવર્તક નાટ્ય દિગ્દર્શક- અભિનેતાને તમે સહાયક દિગ્દર્શક અને સ્વજન તરીકે લાંબો સમય નિકટથી જોયા છે તો એ કહો કે એમની નાટ્યભાષા કઈ-કેવી હતી? એમાંનું ક્યું તત્ત્વ તમને સૌથી વધુ સ્પર્શે છે?

**ઉત્તરઃ** પ્રવીણભાઈનું પ્રત્યેક કમ્પોઝિશન (પાત્રોનાં સ્થાન તથા ગતિ થકી સર્જાતી દૃશ્યરચના) એવું હતું કે એમના પ્રિય પ્રેક્ષક'ના સબકોન્શ્યિસમાં ઊતરી જતું, ત્યાં ઘર કરી લેતું. કોઈ એક પાત્ર નીચે ફર્શ પર બેઠું હોય, બીજું ક્યાંક ખુરશી પર બેઠું હોય, ત્રીજું ઉપર જવાનાં પગથિયાં પાસે કે એની પર અધવચ્ચે ઊભું હોય એનું તાર્કિક અને દૃશ્યની દૃષ્ટિએ પ્રભાવશાળી કારણ હોય. વળી કોઈ પાત્ર ફરે કે બીજા સ્થાન પર પહોંચે એની પાછળ તથા એ ક્યા રસ્તે ત્યાં પહોંચે એની પાછળ પણ કારણ કે યુક્તિ હોય. પાત્રોની મૂવમેન્ટનાં તથા સંગીત-પ્રકાશ સહિતનાં દિગ્દર્શનનાં તમામ ટેક્નિકલ પાસાંને એ ખૂબીથી છતાં એકદમ સહજતાથી વણી લેતા. એમનું કોઈ પણ નાટક કે એનું કોઈ પણ દૃશ્ય ચોખ્ખું લાગે-, ગૂંચવાળું કે ખરબચડું ન લાગે. શરત' નાટકનો સજેસ્ટિવ સેટ હોય કે સંત રંગીલી'નો રિયાલિસ્ટિક - સરખો જ કાર્યસાધક અને પ્રભાવશાળી લાગે. ભાષાશુદ્ધિ પર પ્રવીણભાઈ બહુ ભાર મૂક્તા. કુમારની અગાશી'માં કુમારનું પાત્ર ભજવનાર પ્રદીપ મર્ચંટની ભાષા આરંભમાં એટલી સારી નહીં. સરખી મહેનત લઈને એના ઉચ્ચારો શુદ્ધ કરાવેલા. પોઝ સાથે રમવું પ્રવીણભાઈને ખૂબ ગમતું. કુમારની અગાશી'માં જ નિશાભાભી (સરિતાબહેન)ને કેમ છો નિશાભાભી?' એટલું પૂછતાં પહેલાં બિપીન ખત્રી (પ્રવીણભાઈ) શાંતિથી સ્ટેજના ડાબા છેડાથી જમણા છેડા સુધી જતા. સાચું કહું તો મારા દિગ્દર્શન પર ૯૦ ટકા પ્રવીણભાઈનો પ્રભાવ છે - કમ્પોઝિશન્સથી માંડીને પોઝિસ સુધી. ચાણક્ય' અને રાફડા' નાટકોમાં મેં પોઝનો નાટ્યાત્મક ઉપયોગ કરેલો. રાફડા'નો પોઝ તો અઢી મિનિટ જેટલો લાંબો હતો.

**પ્રશ્નઃ** પ્રવીણભાઈ પાસે અભિનયકારોની સંગીન ટીમ ગતી. અરવિંદ જોષી, સરિતાબહેન, શરદ સ્માર્ત, ડી. એસ. મહેતા વગેરે. દિગ્દર્શક તરીકે આ ટીમ પાસે શ્રેષ્ઠ અભિનય કઢાવવા માટેના એમના નિયમો- આગ્રહો કયા હતા? એ નિયમ- આગ્રહ અભિનેતા પ્રવીણ જોષીને લાગુ પડતા?

**ઉત્તરઃ** પ્રવીણભાઈ પોતે કોઈ પણ કળાકારને પાત્ર ભજવીને કે સંવાદ બોલીને ન બતાવતા. કળાકારની પોતાની શક્તિમાંથી જ એ ઈચ્છિત ફળ મેળવતા. આગ્રહ - નિયમ કંઈ નહીં. બીજા માટે નહીં, પોતાને માટે પણ નહીં. કળાકાર સાથે બેસીને એ વાત કરતા, સમજાવતા, પ્રેરતા. આ ઉચ્ચ કોટિના દિગ્દર્શકનો વિશ્વાસ દર્શાવે છે. ઇંગ્લેન્ડમાની નાટ્યતાલીમ દરમિયાન કદાચ એમણે આ વાતની ખાસ નોંધ લીધી હશે કે વિશ્વના ઉત્તમ દિગ્દર્શકો આ જ પદ્ધતિ અપનાવે છે. પોતાના અભિનયમાં એ સ્ટાઈલ ઉમેરતા, પણ પાત્રની અંદર રહીને. પ્રેક્ષકને આંજી નાખવા એ અભિનેતા તરીકે ઘણું બધું કરતાં. એમાંની એક યુક્તિ તે એમના મંચ પ્રવેશની. એક - બે નાટકોના અપવાદ સિવાય એ પોતાનો પહેલો સંવાદ બોલવા પહેલાં આખા મંચ પર એક આંટો મારી પોતાની હાજરી પ્રેક્ષકના મનમાં બરાબર ઠસાવતા.

**પ્રશ્નઃ** નાટકના એક એક પાસમાં નાટકને ઉપકારક એવા એક કે વધુ ઉમેરા-સુધારા પ્રવીણભાઈ કેવી રીતે કરતા?

**ઉત્તરઃ** એ વિરલ બહુમુખી પ્રતિભાના ધરાવતા હતા. સેટ, લાઈટ, મ્યુઝિક, ડ્રેસના કસબીઓને પોતાને ક્યાં - શું જોઈએ છે એ સમજાવી દેતા. એ જે તૈયાર કરી લાવે તેમાં કંઈક વિશેષ ઉમેરી દેતા. આ સૂઝ - શક્તિ ક્યાંથી આવતી એ તો કોણ કહીં શકે? નિરીક્ષણ ઊંડું અને વ્યાપક. જે કંઈ સારું-ઉપયોગી જુએ એને નાટકમાં કયાં - કેવી રીતે સાંકળી લેવું એ એમને તરત સૂઝી આવે. સ્લૂથ' ફિલ્મના એક ફોટામાં પંજા આકારની વિશાળ ખુરશી હતી. એ પણ એમણે (નાટકના - પોતાના પાત્રના મુકને અનુરૂપ લાગતાં) તૈયાર કરાવેલી, જે આકર્ષણનું કેન્દ્ર બનેલી. જાહેરખબરની કેપ્શનમાં આક્રમક રીતે નવીતા અને લે-આઉટમાં ખાલી સ્પેસનો ઉપયોગ એમને ગમતાં-સૂઝતાં. એના મૂળમાં કદાચ એક તાલીમ હતી. સદાબહાર ફિલ્મ મુગલે આઝમ'ના પ્રચાર અધિકારી, ગુજરાતી કુલીનચન્દ્ર યાજ્ઞિકના સહાયક તરીકે એમણે થોડું કામ કરેલું. આઈ.એન.ટી.ના વર્ષો સુધી પ્રચાર અધિકારી રહેલા અનુપમ યાજ્ઞિક કુલીનચન્દ્રના પુત્ર હતા.

**પ્રશ્નઃ** પ્રવીણભાઈની નાટકની પસંદગીની પ્રક્રિયા શી રહેતી?

**ઉત્તરઃ** પ્રવીણભાઈ પાસે એવા મિત્રો હતા, જે કંઈક નવું, કરવા જેવું વાંચ્યું હોય એ એમને જણાવતા. આમાં જયંત પારેખ, વ્રજ શાહ, હું અને બીજા એક - બે કોઈ પણ વિષય સાંભળતા એમના મનમાં ઝબકારો થતો કે મિત્ર આ જામશે. સરિતાબહેન પ્રેગનન્ટ હતાં ત્યારે એ કોઈ જુદા વિષયની શોધમાં હતા. ત્યારે સ્લૂથ' ફિલ્મ પરથી હું એક દોસ્ત સાથે એકાંકી લખી રહ્યો હતો. મેં એમને વિષય કહ્યો. એમનાં કહેવાથી મેં સ્લૂથ' લાવી આપ્યું. માત્ર બે પુરુષપાત્રોનું નાટક. એમણે તરત જ કહ્યું કરવું જ છે.' મધુ રાયને રૂપાંતર સોંપાયું. એમણે માત્ર ૧૨ દિવસમાં અમેરિકાથી લખી મોકલ્યું. વાંચીને પ્રવીણભાઈ ઉછળી પડેલા. મધુ રાયને બરાબર જાણ હતી કે કયું પાત્ર કોણ ભજવશે. એમણે એટલું પ્રભાવશાળી અને પરફેક્ટ રૂપાંતર કરી આપેલું કે પ્રવીણભાઈને એમાં ભાગ્યે જ કોઈ ફેરફાર કરવો પડ્યો.... સહેજ, સંકોચ સાથે જણાવી દઉં કે બર્નાડ શોના પિગ્મેલિયન' (હોલિવુડ ફિલ્મ માય ફેર લેડી') પરથી રસપ્રદ નાટક થઈ શકે એમ છે, એવું પણ મેં જ પ્રવીણભાઈને સૂચવેલું.

**પ્રશ્નઃ** આધુનિક ગુજરાતી રંગભૂમિના પ્રતિનિધિરૂપ માત્ર એક જ નાટકનું નામ આપવાનું હોય તો તમે સંતુ રંગીલી' નામ આપો? શા માટે

**ઉત્તરઃ** હા, જરૂર આપું. એનું દરેકેદરેક પાસું પૂર્ણતાની નજીક છે. લેખન, દિગ્દર્શન, અભિનય, સંગીત, સંનિવેશ, પ્રકાશ, વસ્ત્રો - બધું જ સંતુ તરીકે સરિતાબહેને તો કદી ન ઓળંગી શકાય એવું સીમાચિહ્ન સ્થાપ્યું છે.. સાથે સૌ કળાકારો - કસબીઓના અજબ સંયોજનથી વિરલ ચમત્કાર થયો. આવું ક્યારે જ બને છે.

સાચું કહું તો દર્શન જરીવાલા અને સુજાતા મહેતાની મુખ્ય ભૂમિકા સાથે મેં વર્ષો પછી સંતુ રંગીલી'નું દિગ્દર્શન કર્યું તે વખતે મારે એ જ જોવું હતું કે પ્રવીણભાઈ પાસેથી કેટલું શીખ્યો છું.

**પ્રશ્નઃ** કયા નાટકના કોઈ પ્રયોગના અંતે તમે પ્રવીણભાઈને સંતોષનો ઓડકાર ખાતા જોયેલા?

**ઉત્તરઃ** સંતુ રંગીલી'નો આરંભ અમદાવાદમાં થયેલો. એમાં શરૂઆતના કોઈ એક પ્રયોગના અંતે તો નહીં, પણ અધવચ્ચે પ્રવીણભાઈએ કહેયું. જોયું જાની? નાટક ચાલી ગયું ને?' આમ કહેવા પાછળનું કારણ એ હતું કે એ નાટકની કસબી ટુકડીમાંના એક જણે કહેલું કે નાટક નહીં ચાલે. વળી સંતુ રંગીલી' પહેલા મુખ્યત્વે કાઠિયાવાડી બોલીમાં ઢાળવામાં આવ્યું. એ ન જામ્યું. એટલે સુરતી બોલીને અજમાયેશ થઈ. એ પણ ન જામી પછી મધુ રાયને સોંપીને નવો અવતાર આપવાનું કહેવાયું. પરિણામ જે આવ્યું એ સ્વયં એક ઈતિહાસ છે.

**પ્રશ્નઃ** તમારી દૃષ્ટિએ પ્રવીણભાઈનું સર્વશ્રેષ્ઠ નાટક કયું? શા માટે?

**ઉત્તરઃ** ખૂબ જ અઘરો સવાલ. એમનાં બધાં જ નાટક ખૂબ ગમ્યાં છે, પરંતુ સપ્તપદી', સંતુ રંગીલી', કુમારની અગાશી', ખેલંદો' થોડા વધું ગમ્યા છે. સપ્તપદી' ગમવા માટેના નાટકનાં પોતાનાં કારણો ઉપરાંત એક વિશેષ - અંગત કારણ પણ છે. એમાં ત્રીજા અંકમાં પ્રવીણભાઈ ઘણે અંશે મારા પિતાજી જેવા દેખાતા હતા.

**પ્રશ્નઃ** પ્રવીણભાઈને દિગ્દર્શક તરીકે કોની સાથે સરખાવવાનું તમને ગમે?

**ઉત્તરઃ** કદાચ શંભુ મિત્ર અને સત્યદેવ દુબે સાથે ( શંભુ મિત્રઃ દિગ્ગજ બંગાળી દિગ્દર્શક અભિનેતા - નાટ્યલેખક તથા સત્યદેવ દુબેઃ હિન્દી રંગભૂમિને હિમાલયને ઊંચાઈ પર પહોંચાડનાર દિગ્દર્શક.)

**પ્રશ્નઃ** પ્રવીણભાઈનો સહિત્યપ્રેમ, ભાષાપ્રેમ ખૂબ જ ગાઢ હતા. જયંત પારેખ, મધુરાય અને સિતાંશું યશશ્ચંદ્ર - આપણાં આ ત્રણ મહત્ત્વના સાહિત્યકાર, સર્જકોએ પ્રવીણભાઈ માટે નાટકો લખેલા - રૂપાંતર કરેલા. એમણે પ્રવીણભાઈની નાટ્યદષ્ટિમાં ફેરફાર કે એનો વિસ્તાર કરેલો?

**ઉત્તરઃ** પ્રવીણભાઈનો ભાષા પ્રેમ - સાહિત્યપ્રેમ ગજબનો હતો. સૌ સાથે કળા-સાહિત્ય - જીવન સંબંધી ગોષ્ઠીઓને ચર્ચા પણ રસપ્રદ થતી, પરંતુ એમનાં લખાણોની કે આ ચર્ચાથી એમના નાટ્યદષ્ટિમાં કોઈ ફેરફાર થયો - વિસ્તાર થયો એવું સ્પષ્ટ ન કહી શકાય. આ અને બીજા લેખકોના લખાણ - સંવાદોએ પણ પોતાની ભૂમિકા ભજવેલી જ.

**પ્રશ્નઃ** પાંચેક દાયકા પૂર્વે સાહિત્યિક સામયિક સંજ્ઞા' માટે એના તંત્રી અને લેખક જ્યોતિષ જાનીને આપેલી મુલાકાતમાં પ્રવીણભાઈએ એક વિખ્યાત વિધાન કરેલુંઃ મારે મારી રંગભૂમિને એક ડગલું આગળ લઈ જવી છે. બસ, ખરેખર તો એ આપણી રંગભૂમિને અનેક ડગલાં આગળ લઈ ગયેલાં, પરંતુ તમારી દૃષ્ટિએ એમનું આ એક ડગલું કયું?

**ઉત્તરઃ** પ્રવીણભાઈએ ગુજરાતી રંગભૂમિ પર શું પરિવર્તન આણ્યું એનું ઐતિહાસિક - કળાકીય પરિપ્રેક્ષ્ય હું સ્પષ્ટ નહીં કરી શકું. કેમ કે પૂર્વ આફ્રિકાથી મુંબઈ આવ્યા પછી સૌથી પહેલું નાટક મેં જોયેલું એ કાન્તિ મડિયા દિગ્દર્શિત આતમને ઓઝલમાં રાખ મા' હતું. પછી મેં ક્રમશઃ જોયું કે નાટકની પસંદગી, દિગ્દર્શન, કમ્પોઝિશન્સ સેટ, લાઈટ, મ્યુઝિક અને આ બધાની પ્રેક્ષકમાં ચિત્તમાં એકંદર અસર ઉપજાવવાની બાબતમાં પણ પ્રવીણભાઈ કેટલા જુદા પડતા હતા! અને ઈન્દ્રજીત'. સપનાના વાવેતર' જેવાં નાટકો કરવાની હિંમત ત્યારે બીજું કોઈ કરી શકે એમ હતું? કાંઈક જુદી ચડિયાતું કરવાની ખેવના એમનામાં સતત હતી.

**પ્રશ્નઃ** ગુજરાતી રંગભૂમિ પરના પ્રવીણભાઈના પ્રદાનને તમે કઈ દૃષ્ટિએથી જુઓ છો?

**ઉત્તરઃ** પ્રવીણભાઈ જેટલું ઊંડાણ, જેટલી કુનેહ અને જેટલી સર્જનક્ષમતા આજના દિગ્દર્શકોમાં (મારામાં પણ) ઊતરે એવું હું દિલથી ઈચ્છું છું. હું હજી શીખું જ છું એટલે આ ઈચ્છું છું.

---

(ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક'માં પ્રગટ થયેલી મુલાકાત પ્રસંગોચિત ફેરફાર સાથે) ■

# ત્રણ સત્રની આગેકૂચને બ્રેકઃ વિદેશી ફંડોના આઉટફ્લો અને અમેરિકન બજારોના નબળા સંકેત વચ્ચે સેન્સેક્સ, નિફ્ટીમાં પીછેહઠ

મુંબઈઃ સતત વિદેશી ભંડોળના પ્રવાહ અને મિશ્ર વૈશ્વિક વલણો વચ્ચે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેન્ક જેવી ઈન્ડેક્સની અગ્રણી હેવીવેઇટ સ્ક્રીપ્સમાં થયેલા નુકસાનને કારણે મંગળવારે બેન્ચમાર્ક ઈક્વિટી ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં પીછેહઠ જોવા મળી હતી. સેન્સેક્સ ૭૨,૫૦૦ની નીચે ઘસી ગયો હતો, જ્યારે નિફ્ટી ૨૨,૦૦૦ની નીચે જઇને માંડ પાછો ફરી શક્યો હતો.

બીએસઈનો ૩૦ શેરવાળો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૩૬૧.૬૪ પોઈન્ટ અથવા ૦.૫૦ ટકા ઘટીને ૭૨,૪૭૦.૩૦ પોઇન્ટ પર સેટલ થયો છે. દિવસ દરમિયાન તે ૪૬૮.૯૧ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા ઘટીને ૭૨,૩૬૩.૦૩ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ૯૨.૦૫ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા ઘટીને ૨૨,૦૦૪.૭૦ પોઇન્ટ પર સેટલ થયો છે. સેન્સેક્સ બાસ્કેટમાંથી પાવરગ્રીડ, ભારતી એરટેલ, વિપ્રો, એચડીએફસી બેંક, કોટક મહિન્દ્રા બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, એશિયન પેઈન્ટ્સ, ઈન્ફોસિસ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ટોપ લૂઝર્સ શેરોની યાદીમાં હતા, જ્યારે બજાજ ફાઇનાન્સ, એનટીપીસી, લાર્સન એન્ડ ટુબ્રો, એક્સિસ બેન્ક, ટાટા મોટર્સ, ઇન્ડસઇન્ડ બેન્ક અને બજાજ ફિનસર્વ ટોપ ગેઇનર્સ શેરોની યાદીમાં સમાવેશ હતો.

પ્રાઇમરી માર્કેટમાં આ સપ્તાહે ૧૪ જેટલા આઇપીઓ આવી રહ્યાં છે. મેઇન બોર્ડમાં ભારતી એરટેલની કંરની ભારતી હેક્સાકોમ રૂ. ૪૨૭૫ કરોડના આઇપીઓ સાથે ત્રીજી એપ્રિલે મૂડીબજારમાં પ્રવેશ કરશે. ભરણું પાંચમી એપ્રિલે બંદ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૪૨થી રૂ. ૫૭૦ નક્કી થઇ છે. આ ભરણું ૭.૫ કરોડ ઇક્વિટી શેર અથવા ટેલિકોમ્યુનિકેશન કન્સ્ટન્ટ ઇન્ડિયાના ૧૫ ટકા હિસ્સાની ઓફર ફોર સેલ છે. એન્કર ઇન્વેસ્ટર માટે ભરણું બીજી એપ્રિલે ખુલશે. શેર બીએસઇ અને એનએસઇ પર લિસ્ટેડ થશે. એસએમઇ સેગમેન્ટમાં અલુવિન્ડ આર્કિટેકચરલ લિમિટેડ રૂ. ૨૯.૭૦ કરોડના આઇપીઓ સાથે ૨૮મી માર્ચે મૂડીબજારમાં પ્રવેશ કરી રહી છે. ઈશ્યૂનો ભાવ ઈક્વિટી શેર દીઠ રૂ. ૪૫ નક્કી કરવામાં આવ્યો છે. આ શેર એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ થશે. લઘુત્તમ લોટ સાઈઝ ૩,૦૦૦ ઈક્વિટી શેરની છે. ભરણું ચોથી એપ્રિલે બંધ થશે. લીડ મેનેજર કોર્પવિસ એડવાઈઝર્સ અને ઇશ્યૂ રજિસ્ટ્રાર સ્કાયલાઇન ફાઇનાન્શિયલ છે. અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા ડોવિશ સ્ટાન્સના સંકેત બાદ શેરબજારમાં પાછલા સપ્તાહના અંતિમ સતત ત્રણ સત્રમાં તેજીવાળાઓ હાવી રહ્યાં હતા, જોકે આ માત્ર ત્રણ સત્રના સપ્તાહમાં માસિક એક્સપાઇરી પણ આવતી હોવાથી અફડાતફડી અને ઊથલપાથલ જારી રહેવાની સંભાવના છે. આ જ સાથે બજારની નજર ખાસ કરીને વિદેશી ફંડો પર રહેશે. પીઢ અભ્યાસુઓ માને છે કે ફેડરલના બદલાયેલા વલણ સાથે એફઆઇઆઇનું વલણ પણ બદલાયું છે અને જો આ વર્ગની લેવાલી ચાલુ રહેશે તો નિફ્ટીને આગેકૂચ કરવામાં સરળતા રહેશે.

તાજું ફ્લેશબેક જોઇએ તો ફેડરલ રિઝર્વે આ વર્ષે ત્રણ દરમાં કાપના સંકેત આપ્યા બાદ યુએસ બજારોમાં રેકોર્ડ રેલીને પગલે ઇન્ડેક્સની મુખ્ય હેવીવેઇટ કંપનીઓમાં આવેલા ઉછાળાને કારણે બેન્ચમાર્ક પોઝિટીવ ઝોનમાં આગળ વધવામાં સફળ રહ્યાં હતા. જોકે, એ પણ નોંધવું રહ્યું કે, બેન્ચમાર્ક સેન્સેક્સ ૭૩,૦૦૦ની સપાટી પાર કરવામાં સફળ રહ્યો નહોતો. અમેરિકાની કેન્દ્રીય બેન્ક, ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતને લગતા વલણના અકબંધ રાખવાના સંકેત સાથે ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને મળેલા અમેરિકન કરંટને કારણે વૈશ્વિક ઇક્વિટી બજારમાં સુધારાનો સળવળાટ શરૂ થયો છે. વૈશ્વિક શેરબજારોમાં મજબૂત તેજીનો પવન ફૂંકાવાથી પણ સ્થાનિક બજારના સેન્ટિમેન્ટને ટેકો મળી રહ્યો છે.

એક તરફ સેબીની ચેતવણી અને ફંડોની સ્ટ્રેસ ટેસ્ટ બાદ રિડેમ્પશનના દબાણને કારણે નાના શેરોમાં વેચવાલી વધતી રહેવાની શક્યતા વચ્ચે મિડ અને સ્મોલકેપ શેરઆંકો પર દબાણ રહેવાની સંભાવનાની ચર્ચા વચ્ચે પાછલા સપ્તાહ દરમિયાન કેટલાક સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. આજના મંગળવારના સત્રમાં મિડકેપ ઇન્ડેક્સમાં સાધારમ સુધારો અને સ્મોલ કેપ ઇન્ડેક્સમાં મામૂલી ઘસરકો જોવા મળ્યો હતો. આ સપ્તાહે સ્થાનિક બજારની ચાલનો આધાર વૈશ્વિક ઇક્વિટી માર્કેટના વલણો અને ટૂંકા સપ્તાહ દરમિયાન વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ પર રહેશે. ઉપરાંત ગુરુવારે ચાલુ મહિનાના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટના માસિક વલણની સમાપ્તિ વચ્ચે મુખ્ય ઇક્વિટી બેન્ચમાર્કમાં અસ્થિરતા રહેવાની સંભાવના છે. આ સપ્તાહે બજારોમાં માત્ર ત્રણ ટ્રેડિંગ સેશન હશે. સોમવારે હોળી અને શુક્રવારે ગુડ ફ્રાઈડે નિમિત્તે ઈક્વિટી બજારો બંધ રહેશે.

આંતરરાષ્ટ્રીય સ્તરે એશિયન બજારોમાં ટોક્યો નેગેટીવ ઝોનમાં ગબડ્યું હતું, જ્યારે સિઓલ, શાંઘાઈ અને હોંગકોંગ હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. યુરોપિયન બજારો ખૂલતા સત્રમાં મોટાભાગે ગ્રીન ઝોનમાં ટ્રેડ થઇ રહ્યાં હતાં. વોલ સ્ટ્રીટ સોમવારે નેગેટીવ ઝોનમાં સરક્યું હતું.

એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૩,૩૦૯.૭૬ કરોડની ઇક્વિટીનું વેચાણ કર્યું હતું. વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૭ ટકા ઘટીને ૮૬.૬૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું છે. શુક્રવારે ૩૦ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૧૯૦.૭૫ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકા વધીને ૭૨,૮૩૧.૯૪ પર સેટલ થયો હતો. એનએસઇનો નિફ્ટી ૮૪.૮૦ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૨૨,૦૯૬.૭૫ પર પહોંચ્યો હતો. સોમવારે હોળી નિમિત્તે સ્થાનિક ઈક્વિટી બજારો બંધ રહ્યા હતા.

# ડૉલર સામે રૂપિયો ૩૨ પૈસાના બાઉન્સબૅક સાથે વિક્રમ નીચી સપાટીએથી પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત આજે ડૉલર સામે રૂપિયા સહિતના એશિયન ચલણો સુધારાતરફી રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૨ પૈસાના બાઉન્સબૅક સાથે વિક્રમ નીચી સપાટીએથી પાછો ફર્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો તેમ જ ગત શુક્રવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી રહી હોવાથી અને ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ધુળેટી નિમિત્તે સ્થાનિક ફોરેક્સ માર્કેટ અને ઈક્વિટી માર્કેટ બંધ રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૩.૬૧ની ઐતિહાસિક નીચી સપાટીના બંધ સામે મજબૂત અન્ડરટોને ૮૩.૩૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૩.૨૬ અને નીચામાં ૮૩.૩૭ની રેન્જમાં અથડાઈને અંતે ૩૨ પૈસાના સુધારા સાથે ૮૩.૨૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે ડૉલર સામે રૂપિયામાં જોવા મળેલા બાઉન્સબૅકને પગલે રિઝર્વ બૅન્કને અમુક અંશે રાહત થઈ હોવાનું એક વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલરમાં સુધારાતરફી વલણ રહેતાં રૂપિયો પુનઃ દબાણ હેઠળ આવી શકે છે. તેમ છતાં ભારતીય રૂપિયાને નીચા મથાળેથી એશિયન ચલણોનો ટેકો મળતો રહે તેવી શક્યતા પણ નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૨ ટકા ઘટીને ૧૦૪.૧૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પણ ઘટાડો આવ્યો હોવાથી રૂપિયાને ટેકો મળ્યો હતો.

જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૬૧.૬૪ પૉઈન્ટનો અને ૯૨.૦૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૩૦૯.૭૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી નરમાઈ

## એપ્રિલમાં મુક્ત વેચાણ માટે ૨૫ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તથા દેશાવરોની માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૧૦થી ૩૪૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે મોડી સાંજે સરકારે આગામી એપ્રિલ મહિનામાં મુક્ત વેચાણ માટે ૨૫ લાખ ટન ખાંડનો ક્વૉટા જાહેર કર્યો હોવાના અહેવાલ હતા.

સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજાર ગત શનિવારે અન્ના પાટીલ પૂણ્યતિથી નિમિત્તે, ત્યાર બાદ રવિવાર અને ગઈકાલે ધુળેટી નિમિત્તે એમ સતત ત્રણ સત્ર સુધી બંધ રહ્યા બાદ આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૩૪થી ૩૫ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૨થી ૩૬૭૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સાધારણ નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના ઘટાડા સાથે રૂ. ૩૬૬૦થી ૩૭૫૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૨૦થી ૩૫૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૦થી ૩૬૭૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# વૈશ્વિક સોનું એક ટકો ઉછળતાં સ્થાનિકમાં ₹ ૪૪૮નો ચમકારો, ચાંદી ₹ ૨૨૭ વધી

મુંબઈઃ અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટાની જાહેરાત પૂર્વે રોકાણકારોના સાવચેતીના અભિગમ હોવા છતાં આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ૧.૧ ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાના નિર્દેશ હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૪૬થી ૪૪૮નો ચમકારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૩૨ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી સોનાની આયાત પડતરો ઘટવાથી વિશ્વ બજારની સરખામણીમાં સુધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે વિશ્વ બજારમાં ચાંદીના ભાવમાં ધીમો સુધારો આગળ ધપ્યો હોવાથી સ્થાનિકમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૨૭નો સુધારો આગળ વધ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૭ વધીને રૂ. ૭૪,૨૭૯ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં મધ્યસત્ર પશ્ચાત્ ભાવમાં તેજીનો અન્ડરટોન જોવા મળ્યો હતો, જેમાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૪૬ના ઉછાળા સાથે રૂ. ૬૬,૪૪૯ના મથાળે અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૪૮ વધીને રૂ. ૬૬,૭૧૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ડૉલર સામે રૂપિયો ૩૨ પૈસા ઉછળી આવ્યો હોવાથી સોનાની આયાત પડતર વધવાથી મોટી તેજી અટકી હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજની તેજીના માહોલમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ અત્યંત નિરસ રહી હતી.

આ સપ્તાહના અંતે અમેરિકાનાં પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર (પીસીઈ) ડેટાની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યું હોવા થતાં આજે ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૨૧૯૬.૨૧ ડૉલર અને ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૪.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ડૉલર ઈન્ડેક્સની નરમાઈને કારણે આજે સોનાના વૈશ્વિક ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું એક વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે આગામી પીસીઆઈ ડેટા ફેડરલના વ્યાજદર કપાતનો અણસાર આપે તેમ હોવાથી રોકાણકારોએ સાવચેતી અપનાવી છે. આગામી સમયગાળામાં ડૉલર ઈન્ડેક્સમાં બાઉન્સબૅક થતાં સોનામાં પીછેહઠ જોવા મળી શકે છે. જોકે, વિસ્ડમ ટ્રીના વિશ્લેષક નિતેશ શાહે જણાવ્યું હતું કે જ્યાં સુધી ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટ અંગેની કોઈ સ્પષ્ટતા નહીં આવે ત્યાં સુધી સોનાના વૈશ્વિક ભાવ વિક્રમ સપાટીએ પહોંચે તેવી શક્યતા નથી, જોકે વર્ષ ૨૦૨૫નાં પહેલા ત્રિમાસિકગાળામાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૩૫૦ ડૉલની ટોચે પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય.

## સ્પોર્ટ્સ ન્યૂઝ

# બેન્ગલૂરુમાં કોહલી જ કિંગઃ વિક્રમો સાથે બેન્ગલૂરુને પંજાબ સામે જિતાડ્યું

બેન્ગલૂરુઃ ઈન્ડિયન પ્રીમિયર લીગની સોમવારની મૅચમાં વિરાટ કોહલીએ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને પંજાબ કિંગ્સ સામે કેટલાક વિક્રમો રચીને શાનદાર જીત અપાવી હતી.

પંજાબે બૅટિંગ મળ્યા પછી કૅપ્ટન શિખર ધવનના ૪૫ રન તથા વાઇસ-કૅપ્ટન જિતેશ શર્માના ૨૭ રનની મદદથી છ વિકેટે ૧૭૬ રન બનાવ્યા હતા. એક સમયે પંજાબે ૯૮ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. બેન્ગલૂરુના મોહમ્મદ સિરાજ અને ગ્લેન મૅક્સવેલે બે-બે વિકેટ તથા અલ્ઝારી જોસેફ તથા યશ દયાલે એક-એક વિકેટ લીધી હતી. બેન્ગલૂરુએ ખાસ કરીને ઓપનર વિરાટ કોહલી (૭૭ રન, ૪૯ બૉલ, બે સિક્સર, અગિયાર ફોર)ની યાદગાર ઇનિંગ્સથી વિજય મેળવ્યો હતો. આ જીતમાં દિનેશ કાર્તિક (૨૮ અણનમ, દસ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર), મહિપાલ લૉમરોર (૧૭ અણનમ, આઠ બૉલ, એક સિક્સર, બે ફોર)ના પણ મહત્ત્વના યોગદાનો હતા. બેન્ગલૂરુએ ૧૯.૨ ઓવરમાં છ વિકેટે ૧૭૮ રન બનાવી લીધા હતા. ફાસ્ટ બોલર કૅગિસો રબાડાએ ૨૩ રનમાં બે વિકેટ લીધી હતી. રબાડા બેન્ગલૂરુની ટીમના પોતાના ચાર સૌથી મોટા શિકાર (કોહલી, ડુ પ્લેસી, મૅક્સવેલ, કાર્તિક)માંથી ફક્ત એક જ બૅટર (ડુ પ્લેસી)ને આઉટ કરી શક્યા હતો. લેફ્ટ-આર્મ સ્પિનર હરપ્રીત બ્રારે પણ બે વિકેટ લીધી હતી, જ્યારે સૅમ કરૅન અને હર્ષલ પટેલને એક-એક વિકેટ મળી હતી.

૧૭૭ રનનો ટાર્ગેટ મેળવવા આવેલી બેન્ગલૂરુની ટીમ વતી પહેલી ઓવરની આક્રમક બૅટિંગથી શરૂઆત થઈ હતી. સૅમ કરૅનની પહેલી ઓવરમાં વિરાટે પાંચ બૉલમાં ચાર ચોગ્ગા ફટકાર્યા હતા. ઓપનિંગમાં ફૅફ ડુ પ્લેસી સામા છેડે હતો ત્યારે વિરાટે મજબૂત શરૂઆત કરી હતી.

કિંગ કોહલીએ આ મેચમાં અગિયાર ચોક્કા ફટકારતાં ડેવિડ વોર્નરનો રેકોડ તોડયો હતો. આઇપીએલમાં વિરાટે સૌથી વધુ ફોર ફટકારનાર બીજા નંબરના પ્લેયર વોર્નરના ૬૪૯ ચોક્કાના આંકડાને પાર કર્યો છે. સોમવારની મેચમાં વિરાટે કુલ ૧૧ ચોગ્ગા ફટકારીને વોર્નરનો રેકોર્ડ તોડયો હતો. વિરાટના નામે ૬૫૦થી પણ વધુ ફોર છે. આ લિસ્ટમાં સૌથી વધુ રેકોર્ડ શિખર ધવન (૭૫૪)ના નામે છે.

વિરાટના નામે વધુ કેચ ઝડપવામાં વિક્રમ નોંધાવ્યો છે. પહેલી ઈનિંગમાં જોની બેયરસ્ટોના રૂપમાં પ્રથમ વિકેટ ગુમાવી હતી. જોની બેરસ્ટો મોહમ્મદ સિરાજના બોલ પર વિરાટ કોહલીના હાથે કેચ આઉટ થયો હતો. ટી૨૦ ક્રિકેટમાં વિરાટ કોહલીએ કુલ ૧૭૪ કૅચ પકડ્યા છે. ટી૨૦ ક્રિકેટમાં તે સૌથી વધુ કેચ ઝડપનાર ભારતીય ખેલાડી બની ગયો છે. આ પહેલા આ રેકોર્ડ સુરેશ રૈનાના નામે હતો. સુરેશ રૈનાએ ટી૨૦ કારકિર્દીમાં ૧૭૨ કેચ પકડ્યા હતા. જ્યારે રોહિત શર્મા ૧૬૭ કેચ સાથે આ યાદીમાં ત્રીજા સ્થાને છે. આ યાદીમાં કીરૉન પોલાર્ડ ૩૬૨ કૅચ સાથે વિશ્વમાં પ્રથમ છે.

સોમવારે વિરાટ સિવાય રજત પાટીદાર (૧૮), મેક્સવેલ (૩) ફૅફ ડુ પ્લેસી (૩) સસ્તામાં આઉટ થયા હતા. જોકે વિરાટની વિકેટ ઝડપવામાં હર્ષદ પટેલને સફળતા મળી હતી. વિરાટ આઉટ થતા બેન્ગલૂરુએ ૧૬મી ઓવરમાં પાંચમી વિકેટ ગુમાવી હતી. છઠ્ઠી વિકેટનો ભાગીદારીમાં દિનેશ કાર્તિક (૧૦ બોલમાં ૨૮ રન ) અને લોમરોરે (૮ બોલમાં ૧૭ રન) બેંગલુરુને જીત અપાવી હતી.

# કોહલીએ 'જડબાતોડ જવાબ' આપ્યો એટલે પીટરસન તેની વાહ-વાહ કરી

બેન્ગલૂરુઃ વિરાટ કોહલી અને ઇંગ્લૅન્ડનો કેવિન પીટરસન છે તો પાક્કા દોસ્ત, પણ રમતમાં એવું છેને કે ક્યારેક મિત્ર કોઈ ટિપ્પણી જાણી જોઈને થઈ જાય કે અજાણતા થઈ જાય તો મીડિયા માટે તો એ ન્યૂઝ જ બની જાય છે. પીટરસન રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ વતી રમ્યો હતો અને કોહલી તો આ ટીમનો કિંગ છે જ. પીટરસને થોડા દિવસ પહેલાં કોહલી વિશે એક કમેન્ટ કરી હતી જેનો કોહલીએ સોમવારે પંજાબ સામેની મૅચમાં ધમાકેદાર ૭૭ રન બનાવીને બેન્ગલૂરુને વિજય અપાવ્યા બાદ પીટરસનની એ કમેન્ટનો ઈશારામાં વળતો જવાબ આપી દીધો હતો. એ જવાબ વાયરલ થયા પછી પીટરસને મંગળવારે કોહલીની વાહ-વાહ કરતી ટિપ્પણીઓ કરી હતી.

જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં કોહલી માત્ર પોતાના પર્ફોર્મન્સને આધારે (મેરિટને આધારે) ટીમ ઇન્ડિયામાં સ્થાન મેળવશે કે પછી મેગાસ્ટાર હોવાને કારણે તેને ટીમમાં સમાવવામાં આવશે કે જેથી કરીને બહોળી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ સ્ટેડિયમ તરફ ખેંચી શકાય.

કોહલીએ સોમવારે બેન્ગલૂરુમાંના પંજાબ સામેના વિજય પછી કહ્યું, 'હું જાણું છું કે થોડા સમયથી મારી ગણના માત્ર આ ફૉર્મેટ (ટી-૨૦)ને પ્રમોટ કરવા માટે ઉપયોગમાં લેવાઈ રહેલા ખેલાડી તરીકે થઈ રહી છે. જોકે હું ખુલાસો કરી દઉં કે હું હજી પણ ટી-૨૦માં ઘણું સારું રમી શકું એમ છું.'

પીટરસને મંગળવારે કોહલીની વાહ-વાહ કરતા કહ્યું, 'કોહલીએ ભારતીય ખેલાડીઓને ઍથ્લીટ્સમાં પરિવર્તિત કર્યા છે. કોહલીને લોકો હંમેશાં ગ્રેટ મૅચ ફિનિશર તરીકે યાદ રાખશે. તે રન દોડી રહ્યો હોય ત્યારે તેનામાં ગજબની દૃઢતા, સંકલ્પશક્તિ અને ઊર્જા દેખાતા હોય છે. તેનામાં હંમેશાં બેસ્ટ બનવાની ઇચ્છાશક્તિ જોવા મળી છે. હી ઇઝ ધ બેસ્ટ. તે માત્ર બોલતો નથી, તે કરી દેખાડવામાં માને છે. મેદાન પર ઊતરતા પહેલાં ડાયટ, જિમ્નેશિયમથી તેના દિવસની શરૂઆત થતી હોય છે.'

# રાચિન, દુબેની ફટકાબાજીથી ચેન્નઈને ૨૦૦-પ્લસનો સ્કોર મળ્યો

ચેન્નઈઃ ચેન્નઈ સુપર કિંગ્સે અહીંના ચેપૉક સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ સામે બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. ઇન-ફૉર્મ બૅટર શિવમ દુબે (૫૧ રન, ૨૩ બૉલ, પાંચ સિક્સર, બે ફોર) ફરી એકવાર આક્રમક ઇનિંગ્સ રમ્યો હતો.

ચેન્નઈની શરૂઆત બહુ સારી હતી. સરેરાશ ૧૦.૦૦ના વધુ રેટથી રન બન્યા હતા. કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૩૬ બૉલમાં ૪૬ રન) અને રાચિન રવીન્દ્ર (૪૬ રન, ૨૦ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) વચ્ચે ૫.૨ ઓવરમાં ૬૨ રનની ભાગીદારી થઈ હતી. ચેન્નઈના ક્રિકેટપ્રેમીઓના લાડલા રાચિને પાવરપ્લેનો પૂરો ફાયદો ઉઠાવ્યો હતો. અજિંક્ય રહાણેએ માત્ર ૧૨ રન બનાવ્યા હતા, પણ તેની અને ગાયકવાડ વચ્ચે બીજી વિકેટ માટે ૪૨ રનની પાર્ટનરશિપ થઈ હતી.

રહાણેના ગયા બાદ દુબેએ આવતાવેંત ફટકાબાજી શરૂ કર્યા બાદ એક છેડો સંભાળી રાખ્યો હતો અને ડેરિલ મિચલ (૨૦ બૉલમાં અણનમ ૨૪) સાથે માત્ર ૩૫ બૉલમાં ૫૭ રનની ભાગીદારી કરી હતી.

ચેન્નઈએ ૮.૪૦ કરોડ રૂપિયાના તોતિંગ ભાવે ખરીદેલો ઉત્તર પ્રદેશનો સમીર રિઝવી બે સિક્સરની મદદથી છ બૉલમાં બનાવેલા માત્ર ૧૪ રને આઉટ થયો હતો. તેણે બન્ને છગ્ગા વર્લ્ડ ક્લાસ સ્પિનર રાશિદ ખાનની બોલિંગમાં ફટકાર્યા હતા. તેને મોહિત શર્માએ ડેવિડ મિલરના હાથમાં કેચઆઉટ કરાવ્યો હતો. માત્ર ત્રણ બૉલ બાકી હતા ત્યારે રિઝવી આઉટ થતાં જાડેજા મેદાન પર આવ્યો હતો અને તેણે એક ફોરની મદદથી સાત રન બનાવ્યા હતા. તેણે છેલ્લા બૉલે એક રન દોડ્યા બાદ રનઆઉટમાં વિકેટ ગુમાવી હતી.

ગુજરાત વતી રાશિદ ખાને સૌથી વધુ બે વિકેટ લીધી હતી. ■

# બે નવા સ્ટાર નમન ધીર અને લૉમરોરને ઓળખો

હૈદરાબાદઃ મુંબઈ ઇન્ડિયન્સે ૨૦ લાખ રૂપિયામાં ખરીદેલા નમન ધીરે રવિવારે ગુજરાત સામેની મૅચમાં વનડાઉનમાં રમીને દસ બૉલમાં એક સિક્સર, ત્રણ ફોરની મદદથી ૨૦ રન બનાવ્યા હતા. ૨૪ વર્ષનો ધીર હરિયાણાનો માત્ર છ ટી-૨૦ મૅચ રમ્યો છે. પંજાબમાં તે સિક્સર સ્પેશિયલિસ્ટ અને હાર્ડ-હિટર તરીકે જાણીતો છે. ૨૪ વર્ષનો મહિપાલ લૉમરોર રાજસ્થાનનો છે અને બેન્ગલૂરુની ટીમમાં છે. બેન્ગલૂરુએ તેને ૯૫ લાખ રૂપિયામાં રીટેન કર્યો છે. સોમવારે તેણે અણનમ એક સિક્સર, બે ફોરની મદદથી ૧૭ રન બનાવ્યા હતા અને કાર્તિક (અણનમ ૨૮) સાથે ૪૮ રનની અતૂટ ભાગીદારી કરી હતી. ■

# શમીએ હાર્દિક માટે કહ્યું, 'ભાઈ, તું ટેઇલ-એન્ડર કેમ બની ગયો?'

અમદાવાદઃ રવિવારે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સે છ વિકેટે ૧૬૮ રન બનાવ્યા ત્યાર બાદ મુંબઈ ઇન્ડિયન્સની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૬૨ રન બનાવી શકી હતી અને ફક્ત છ રનથી હારી ગઈ હતી.

ઓપનિંગમાં ઇશાન કિશન ઝીરોમાં આઉટ થયો હતો, જ્યારે બીજા ઓપનર રોહિત શર્માએ ૨૯ બૉલમાં ૪૩ રન, ત્રીજા નંબરના નવા ખેલાડી નમન ધીરે ૨૦ રન, ચોથા નંબરના ડેવાલ્ડ બ્રેવિસે ત્રણ સિક્સરની મદદથી ૪૬ રન, પાંચમા ક્રમના તિલક વર્માએ પચીસ રન, છઠ્ઠા ક્રમના ટિમ ડેવિડે ૧૧ રન બનાવ્યા હતા. કૅપ્ટન હાર્દિક પોતે ઓગણીસમી ઓવરની શરૂઆતમાં ટિમ ડેવિડની વિકેટ બાદ છેક સાતમા નંબરે રમવા આવ્યો હતો અને એક સિક્સર, એક ફોરની મદદથી ચાર બૉલમાં ૧૧ રન બનાવ્યા હતા અને ઉમેશ યાદવની ૨૦મી ઓવરમાં છગ્ગા-ચોક્કા ફટકાર્યા બાદ બૅટની ટૉપ એજ લાગતાં લૉન્ગ-ઑન પર તેવાટિયાને કૅચ આપી બેઠો હતો.

જો હાર્દિક વહેલો બૅટિંગમાં આવ્યો હોત તો વહેલાસર સેટ થઈને ફટકાબાજીથી મુંબઈને જિતાડી શક્યો હોત.

મોહમ્મદ શમીએ એક જાણીતી વેબસાઇટને મુલાકાતમાં કહ્યું, 'હાર્દિક કેમ છેક સાતમા ક્રમે બૅટિંગમાં આવ્યો એ જ મને નથી સમજાતું. રાઇટ-લેફ્ટ કૉમ્બિનેશન વિશે બહુ ચર્ચા થતી હોય છે, પરંતુ મને એ કંઈ ગળે નથી ઉતરતું. ગુજરાત ટાઇટન્સમાં તે ત્રીજા-ચોથા નંબર પર બૅટિંગ કરતો હતો તો પછી મુંબઈ વતી રમીને ચોથા કે પાંચમા નંબર પર બૅટિંગ કરવામાં તેને શું વાંધો હતો. નંબર સાત પર તો હાર્દિક ટેઇલ-એન્ડર બની ગયો કહેવાય. જો હાર્દિક વહેલો રમવા આવ્યો હોત તો આ મૅચ છેલ્લી ઓવર સુધી ગઈ જ ન હોત.'

# મુંબઈએ આજે હૈદરાબાદમાં સાઉથ આફ્રિકનોથી ચેતવું પડશે

હૈદરાબાદઃ મુંબઈ ઇન્ડિયન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમ પોતપોતાની પ્રથમ મૅચ રોમાંચક અંત દરમ્યાન હારી ગઈ અને હવે બુધવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) આ જ બે ટીમ આ વખતની ટૂર્નામેન્ટમાં પ્રથમ વિજય મેળવવા મરતે દમ તક લડશે. જોકે આ મુકાબલો પૅટ કમિન્સની ટીમ માટે હોમ-ગ્રાઉન્ડ પર હોવાથી હાર્દિક પંડ્યાની ટીમે ખૂબ સમજદારી તથા સતર્કતાથી અને પૂરા જોશથી રમવું પડશે.મુંબઈની ટીમે ખાસ કરીને હૈદરાબાદની ટીમના કેટલાક સાઉથ આફ્રિકન ખેલાડીઓ (બૅટર્સ હિન્રિચ ક્લાસેન તથા માર્કરમ અને ફાસ્ટ બોલર માર્કો યેન્સેન) સામે સાવધ રહેવું પડશે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**જાળવણી કામ**

Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (કોચિંગ), મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, ટેન્ડર નોટીસ નં.: WR-MMCT0ECOA(ECTD)/૧/૨૦૨૪ મંગાવે છે. કામનું નામઃ પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ, વડોદરા, અમદાવાદ, રતલામ, રાજકોટ અને ભાવનગર ટર્મિનસ ડિવિઝન ખાતે બે વર્ષ માટે SGAC કોચેસમાં ફીટ કરાયેલ M/s સિમેન્સ મેકર ૫ KVA ઈન્વર્ટરનો વ્યાપક નિવારક જાળવણી કોન્ટ્રાક્ટ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૨,૪૭,૧૩,૬૯૭.૨૨/- બીડ સુરક્ષાઃ રૂ. ૨,૭૩,૬૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ ૧૫.૦૪.૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૧૫.૦૪.૨૦૨૪ના ૧૫.૩૦ કલાકે. નોંધઃ ટેન્ડર દસ્તાવેજ, સુધારા અને વધુ વિગતો ડાઉનલોડ કરવા માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 1309

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**AC યુનિટ્સનું સમારકામ અને જાળવણી**

ટેન્ડર નોટીસ નં. EL/TRS/BRC/2023-24/11
તારીખ : 20-03-2024
ટેન્ડર નં. ELTRSBRC2324CABAC8

(i) કામનું નામ તેના સ્થળ સહિતઃ ELS-BRC (ઈલેક્ટ્રિક લોકો શેડ, વડોદરા, પ.રે.) ખાતે 02 વર્ષોના સમયગાળા માટે 3 ફેઝ લોકોમોટિવ્ઝના સામાન્ય અને મુખ્ય તપાસ શિડ્યુલ દરમિયાન છત પર લગાવેલા કેબ AC યુનિટ્સનું સમારકામ અને જાળવણી કરવાનું કામ. (ii) કામની અંદાજીત પડતરઃ ₹ 1,28,10,758/- (iii) જમા કરાવવાની બીડ સિક્યુરીટીઃ ₹ 2,14,100/- (iv) ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ટેન્ડર ઈલેક્ટ્રોનીકલી દ્વારા તા.19-04-2024 ના 15:00 કલાક સુધી જમા કરાવી શકાશે અને તા.19-04-2024 ના 15:30 કલાક પછી ખોલાશે. (v) વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડ સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ https://www.ireps.gov.in, ઈલેક્ટ્રિક લોકો શેડ, નવા યાર્ડ, વડોદરા સિનીયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર (TRS), ઈલેક્ટ્રિક લોકો શેડ, નવાયાર્ડ, વડોદરા-390002, ગુજરાત. BRC-359

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**


**એન્જીનિરીંગ કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં.
DRM-BRC 141 OF 2023-24

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. અનું. નં.1: ટેન્ડર નં. DRM BRC 141 of 2023-24, કામનું નામઃ DEN N BRCના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ટ્રેક રિન્યુઅલ કામ માટે કોન્ટ્રાક્ટરની પોતાની વેલ્ડીંગ સામગ્રી, મજૂરી વગેરે સહિત રેલ વેલ્ડ્સની આપૂર્તિ અને અમલીકરણ કરવાનું કામ. કામની અંદાજીત પડતર (₹ માં): 2,21,87,106.21, જમા કરાવવાની બીડ સિક્યુરીટી ડિપોઝીટ (₹ માં): 2,60,900.00, ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.15-04-2024 ના 15:00 કલાક પહેલા ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. BRC-360

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## મહાયુતિની બેઠકોની વહેંચણીમાં ગુંચવાડો




# ભાજપની ફોર્મ્યુલા

## શિંદે અને અજિત પવાર બંનેને

# અમાન્ય

### મનસેની એન્ટ્રી અને થાણે પર ભાજપના દાવાને કારણે વધુ ગુંચવાયું કોકડું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે અને ૧૯ એપ્રિલથી મહારાષ્ટ્રમાં પહેલા તબક્કાનું મતદાન થવાનું છે અને હવે તેને એક મહિનાનો પણ સમય બચ્યો નથી છતાં મહાયુતીમાં મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણીનું કોકડું ઉકેલાતું નથી. આને કારણે રાજ્યના મતદારો ભારે વિમાસણમાં પડ્યા છે.

આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણીની જે ફોર્મ્યુલા દિલ્હીમાં ફાઈનલ થઈ છે તે મુજબ ભાજપ ૩૦, એકનાથ શિંદેની શિવસેનાને ૧૩ અને અજિત પવારને પાંચ બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. પરંતુ એકનાથ શિંદે અને અજિત પવાર બંનેને આ ફોર્મ્યુલા માન્ય નથી. વચ્ચે ભાજપ ૨૯-૩૦, શિંદે ૧૩-૧૪ અને પવાર પાંચ બેઠક પર લડે એવો પણ વિચાર કરવામાં આવ્યો હતો, પરંતુ મિત્રપક્ષોને તે પણ માન્ય નથી. એનસીપીના અજિત પવાર જૂથના સુનીલ તટકરે (જુઓ પાનું ૪) ▶▶

### ભાજપના ઉમેદવારને લઈને

# કાર્યકર્તાઓ પ્રધાન સામે બાખડ્યા

### એનસીપીના કાર્યકર્તાને સાથે લઈને ફરતા હોવાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ હવે આંતરિક ખટપટો પણ સામે આવી રહી છે. જળગાંવના રાવેર મતદારસંઘના ઉમેદવાર રક્ષા ખડસે સામે ભાજપના કાર્યકર્તાઓની નારાજગી હવે સ્પષ્ટ રીતે બહાર આવી રહી છે. મહારાષ્ટ્રના પ્રધાનની સામે જ ઉમેદવાર અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે ભારે બોલાચાલી થઈ હોવાનો બનાવ બન્યો હતો.

ભાજપે મહારાષ્ટ્રના ૨૩ ઉમેદવાર જાહેર કર્યા છે અને ક્યાંય હજી સુધી નારાજગી કે બળવાખોરી જોવા મળી નથી, પરંતુ રાવેર (જુઓ પાનું ૪) ▶▶

### કંગના રણૌત પછી

# વધુ એક અભિનેત્રીનું નામ ચર્ચામાં

### શિંદે સેના તરફથી મુંબઈમાં ઉમેદવારી મળવાની શક્યતા

મુંબઈઃ લોકસભાની ચૂંટણીમાં ભાજપે જાણીતી અભિનેત્રી કંગના રણૌતને ઉમેદવારી આપ્યા બાદ હવે મુંબઈમાંથી શિંદે સેના એક જાણીતી મરાઠી અભિનેત્રીને ઉમેદવારી આપવાનું વિચારી રહી છે. જોકે, હજી સુધી આ અભિનેત્રીનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.

અહીં ઉલ્લેખનીય છે કે અત્યારે મુંબઈની છ લોકસભામાંથી ભાજપના ત્રણ, શિંદે સેનાના એક અને ઠાકરે સેનાના બે નેતા છે. વાયવ્ય મુંબઈની બેઠક પર ઠાકરે સેનાના ગજાનન કિર્તીકરના સ્થાને તેમના પુત્ર અમોલ કિર્તીકરને ઉમેદવારી આપવાનું વિચારી રહી છે, ત્યારે આ બેઠક પરથી તગડો ઉમેદવાર આપીને બેઠક કબજે કરવાની મંશા શિંદે સેના ધરાવી રહી છે.

આ બેઠક પર ચૂંટણી લડવા માટે શિંદે સેના જાણીતા ફિલ્મ અભિનેતા અને ભૂતપૂર્વ સંસદસભ્ય ગોવિંદા સાથે વાટાઘાટો કરી (જુઓ પાનું ૪) ▶▶

## એનસીપીના નેતાઓ આગબબૂલા

# શિવતારેએ અજિત પવારને વીંછી કહ્યો

### શિવતારેએ શું કહ્યું હતું?

આ વીંછી અત્યાર સુધી અનેક લોકોને ડંખ્યો છે. હવે મહાદેવની પિંડી પર મોદી પાસે જઈને બેઠો છે. હવે સમસ્યા એવી છે કે તેને ચપ્પલથી મારો તો મહાદેવને પણ લાગશે અને વીંછીને મારી પણ શકાતો નથી. આ લોકોની લાગણી છે. વીંછીના રૂપમાં રહેલા ફક્ત અજિત પવારનો જ નહીં, એનસીપીના બંને જૂથોને ખતમ કરવા જોઈએ, એમ શિવતારેએ કહ્યું હતું.

પુણેઃ મહાયુતીની અત્યારે અત્યંત ખરાબ પરિસ્થિતિ જોવા મળી રહી છે. એક તો મહાયુતીની બેઠકોની વહેંચણી ફાઈનલ થઈ નથી રહી અને બીજી તરફ શિંદે સેનાના નેતા વિજય શિવતારે અજિત પવાર પર બેફામ ટીકા કરી રહ્યા હોવાથી હવે એનસીપીના પદાધિકારીઓ આગબબૂલા થઈ ગયા છે અને મહાયુતી છોડવાની (જુઓ પાનું ૪) ▶▶

# રાજ્યમાં અલગ ન્યાય, મુંબઈગરાને અલગ ન્યાય

### જળાશયોમાં ફક્ત ૩૧ ટકા પાણી છતાં મુંબઈમાં પાણીકાપ નહીં!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણીની આચારસંહિતા લાગી ગઈ હોવાથી નિષ્પક્ષ રહીને અધિકારીઓ કામ કરે એવી અપેક્ષા રાખવામાં આવતી હોય છે અને આ જ હેતુથી મુંબઈના કમિશનરનું સ્થાનાંતર કરવામાં આવ્યું હતું, પરંતુ આમ છતાં મુંબઈ મનપાનું વહીવટીતંત્ર રાજ્ય સરકારને ઈશારે લોકોને મનભાવન નિર્ણયો લઈ રહી હોવાનું સામે આવ્યું છે. રાજ્યના અનેક વિસ્તારોમાં જ્યાં ડેમમાં ૩૫ ટકા જેટલું પાણી છે ત્યાં ટેન્કરો ચાલુ કરી દેવામાં આવ્યા છે, પરંતુ મુંબઈ મનપા વિસ્તારને અલગ ન્યાય આપતાં જળાશયોમાં ફક્ત ૩૧ ટકા પાણી હોવા છતાં પાણીકાપ લાદવાને બદલે અનામત (જુઓ પાનું ૪) ▶▶

## વિદર્ભમાં ગરમીનું મોજું

# અકોલામાં પારો ૪૧.૫ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં હાલ તાપમાનનો પારો ૩૧થી ૩૨ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યું છે, પરંતુ સમગ્ર રાજ્ય ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. રાજ્યના મોટાભાગના રાજ્યમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. મંગળવારે સમગ્ર દેશમાં સૌથી વધુ ગરમી ભુજમાં ૪૧.૬ ડિગ્રી તો વિદર્ભના અકોલામાં તાપમાનનો પારો ૪૧.૫ ડિગ્રીએ પહોંચી ગયો હતો.

મુંબઈમાં હજી સુધી તાપમાનનો પારો ૩૧થી ૩૨ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે. કોલાબામાં મહત્તમ તાપમાન ૩૧.૪ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૨.૯ ડિગ્રી જેટલું નોંધાયું હતું. હોળી બાદ જોકે મુંબઈમાં તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. તો હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં મુંબઈ કરતા પણ વધુ તાપમાન નોંધાયું હતું. દિવસ દરમિયાન અહીં તાપમાનનો (જુઓ પાનું ૪) ▶▶

## પ્રોપર્ટી ટૅક્સ ભરો રાતના ૧૦ વાગ્યા સુધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ શહેર અને ઉપનગરના પ્રોપર્ટી ટૅક્સધારકો સમયસર ટૅક્સ ચૂકવી શકે તે માટે સાપ્તાહિક તેમ જ સાર્વજનિક રજાના દિવસે એટલે કે ૨૭થી ૩૦ માર્ચ દરમિયાન પાલિકાના મુખ્યાલય સહિત તમામ ૨૪ પ્રશાસકીય વોર્ડમાં રહેલા નાગરી સુવિધા કેન્દ્ર સવારના ૮ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રાખવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને લીધો છે. તેમ જ આર્થિક વર્ષના છેલ્લા દિવસે એટલે કે ૩૧ માર્ચ, ૨૦૨૪ના દિવસે તમામ નાગરી સુવિધા કેન્દ્ર સવારના ૮ વાગ્યાથી રાતના ૧૨ (જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્ર સરકારી કર્મચારીઓ આનંદો

### મતદાનના દિવસે ભરપગારે મળશે રજા!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણી બારણે છે ત્યારે લોકો ઉપરાંત સરકારી કર્મચારીઓમાં પણ મતદાન માટે જાગરૂકતા ફેલાવવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ જ પ્રયત્નના ભાગરૂપે મહારાષ્ટ્ર સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મહારાષ્ટ્રમાં મતદાનના દિવસે સરકારી કર્મચારીઓ, અધિકારીઓ અને કામગારોને ભર પગારે રજા આપવાનો નિર્ણય મહારાષ્ટ્ર સરકારે લીધો છે. આ અંગેનો આદેશ પણ મહારાષ્ટ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યો છે. આદેશમાં જણાવાયા મુજબ મહારાષ્ટ્ર (જુઓ પાનું ૪) ▶▶

## મેટ્રોનું કામ ચાલુ હોવાથી ઘોડબંદર રોડના મધરાત પછી વાહન વ્યવહારમાં બદલ


થાણેઃ ઘોડબંદર રોડ પર મેટ્રો રેલવેનું કામ ચાલુ હોવાથી થાણે ટ્રાફિક પોલીસે આ માર્ગ પરના ટ્રાફિક નિયમમાં ફેરફાર કર્યો છે. ૨૬ - ૨૭ માર્ચ તેમજ ૩૧ માર્ચ અને પહેલી એપ્રિલ દરમિયાન રાત્રે ૧૧.૫૫થી પરોઢિયે ચાર દરમિયાન વાહન વ્યવહારમાં બદલાવ કરવામાં આવ્યો છે. થાણે શહેરમાં મુંબઈ મહાનગર વિકાસ પ્રાધિકરણ (એમએમઆરડીએ) દ્વારા મેટ્રો રેલવેનું કામ ચાલી રહ્યું છે. આ રુટનો મહત્ત્વનો તબક્કો હાલ ઘોડબંદર વિસ્તારમાં ચાલી રહ્યો છે. આ કામના ભાગરૂપે વાઘબીળ વિસ્તારમાં મેટ્રો પિલર પર ગર્ડર બેસાડવામાં આવશે. એમાં અડચણ ન આવે એ માટે થાણા પોલીસ દ્વારા વાહન વ્યવહારમાં બદલ કરવામાં આવ્યો છે. થાણેથી ઘોડબંદરની દિશામાં જતા વાહનોને વાઘબીળ ફ્લાય ઓવર પાસે પ્રવેશબંધી કરવામાં આવી છે. નિર્ધારિત દિવસોના સમયે વાહનોએ ક્રોસ રોડ પરથી વિરુદ્ધ દિશામાં વાહન ચલાવી ફ્લાયઓવર ઉપરથી જવાનું રહેશે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# અકોલા પશ્ચિમ બેઠકની પેટાચૂંટણી હાઈ કોર્ટે રદ કરી

નાગપુરઃ હાઇ કોર્ટની નાગપુર બેન્ચ દ્વારા અકોલા પશ્ચિમ વિધાનસભાની પેટા ચૂંટણી રદ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો તેની સાથે જ દેશની વિવિધ વિધાનસભા બેઠકો ઉપર પેટાચૂંટણીની તારીખો પણ જાહેર કરવામાં આવી હતી, જેમાંની એક મહારાષ્ટ્ર વિધાનસભાની અકોલા પશ્ચિમની બેઠક હતી. જોકે હવે આ પેટાચૂંટણી રદ કરવામાં આવી છે. અકોલા પશ્ચિમ બેઠકના વિધાનસભ્ય ગોવર્ધન શર્માનું નિધન થતા આ બેઠક ખાલી થઇ હતી. નવેમ્બર મહિનામાં જ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી યોજાશે તેવી ગણતરી છે અને જો હાલ પેટાચૂંટણી યોજવામાં આવે તો તેના પરિણામ ૪ જૂનના રોજ જાહેર કરવામાં આવશે. એટલે કે નવા ચૂંટાઇ આવેલા વિધાનસભ્ય પાસે ફક્ત પાંચ જ મહિનાનો કાર્યકાળ રહે. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**